વર્ષ : 9 ◆ અંક : 2
માર્ચ-એપ્રિલ 2019
સળંગ અંક : 50

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

'શિક્ષકો અને વિદ્યાર્થીઓ તો પરિવર્તનના વાહકો છે, સત્તાની તુમાખીને પડકારનારાં, સામાજિક અનિષ્ટો સામે લડનારાં અને તાજા વિચારોને ફેલાવનારાં પરિબળો છે. એ જ્યારે ડરપોક, ગણતરીબાજ અને સત્તાની ખુશામત કરનારાં બને, શિક્ષણના પ્રાંગણમાં સહેલાઈથી તંત્રમાં ગોઠવાઈ જનારા, સ્વકેન્દ્રી અને સમાધાનો શોધનારા બને ત્યારે પરિવર્તનની આશા સમૂળગી નષ્ટ થાય છે. પરિવર્તનના આવાહકો જ્યારથી શિક્ષણક્ષેત્રમાં મળતાં બંધ થયાં અથવા ઘટતાં ગયાં ત્યારથી જ તેજ ઓસરતાં થયાં અને ઊર્જા મંદપ્રાણ થઈ.'

– હિમાંશી શેલત

※

સમાજરચના અને અર્થવ્યવસ્થા વિશે આપણે મૂલગામી વિચારણા કરવી જોઈએ, કુદરતે તો આ સૃષ્ટિ ઉપર માનવજાતિ ઉત્પન્ન કરી. બાકી બધી જ્ઞાતિઓ, એ તો માણસે ખુદ રચેલો પ્રપંચ છે. હા, શ્રમવિભાજનના યુગમાં ધંધા પ્રમાણે વર્ગો હોય, પણ તેથી કોઈ વર્ગને ઊંચો યા નીચો કેવી રીતે માની શકાય ? એ જ રીતે અમીરી-ગરીબી, એ પણ કુદરતી નથી. અર્થવ્યવસ્થામાં ક્યાંક ગરબડ છે, જેને લીધે કોઈ અમીર છે, તો કોઈ ગરીબ છે. આ અર્થવ્યવસ્થા કુદરતસર્જિત નથી પણ મનુષ્યસર્જિત છે. ટૂંકમાં, સામાજિક ભેદભાવ અને આર્થિક અન્યાય એ મનુષ્ય સર્જિત છે. તેથી આ અન્યાયો મનુષ્ય જ દૂર કરી શકે. આ અન્યાયો ઉપર આકાશમાંથી આવીને કોઈ દૂર કરવાનું નથી. અનામતપ્રથા, એ આપણી ન્યાયભાવના અને અનુકંપાની પરીક્ષા છે. આ પરીક્ષામાં આપણો ભદ્ર વર્ગ નાપાસ થયો છે, એમ ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે.

– તુલસીભાઈ પટેલ

※

પ્રજા જીવનની આકાંક્ષાઓના સંદર્ભમાં ભારતીય બંધારણના આમુખમાં સામાજિક, રાજકીય ઉપરાંત આર્થિક ન્યાય અપાવવાની સંકલ્પના પણ વ્યક્ત કરવામાં આવી છે. સામાજિક અને આર્થિક ન્યાયનો સંદર્ભ પ્રત્યેક નાગરિકોના સંદર્ભમાં છે ત્યારે આર્થિક રીતે નબળા વર્ગોને આર્થિક ન્યાયની સંકલ્પના સાકાર કરવાની દિશામાં આર્થિક રીતે નબળા વર્ગો માટેની 10 ટકા અનામતની જોગવાઈ બંધારણીય દૃષ્ટિથી સંપૂર્ણ સુસંગત છે તેવું બંધારણના વિદ્યાર્થી તરીકેનું મંતવ્ય ધરાવું છું.

– કમલેશ જોષીપુરા



## આઈ. એ. એસ.

*સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના નીચે દર્શાવેલા બે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ 2018-19માં લેવામાં આવેલી આઈ. એ. એસ.ની ફાઈનલ પરીક્ષા ઉત્તીર્ણ કરતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.*



### ડૉ. અંકુર બળદેવભાઈ દેસાઈ

**(જન્મ તા. 10 એપ્રિલ, 1991)**

**AIR No. 606.**

મૂળ વતન : મગરોડા, જિ. મહેસાણા

શિક્ષણ : ધોરણ 1થી 12, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે. બી. પ્રાથમિક શાળા અને શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર. M.B.B.S. - બરોડા મેડિકલ કૉલેજ, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા. સિવિલ સર્વિસની પરીક્ષા માટે મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર ગાંધીનગરમાં અભ્યાસ. વૈકલ્પિક વિષય ગુજરાતી. આ પરીક્ષા પાંચમા પ્રયત્ને પાસ કરી. આ પૂર્વે જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરતાં સેક્શન અધિકારી તરીકે નિયુક્તિ પામ્યા હતા. તેમના પિતાશ્રી ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવી સેવાનિવૃત્ત.



### ડૉ. મનોજ ફતેસિંહ બારહટ (ગઢવી)

**(જન્મ તા. 25 ડિસેમ્બર, 1991)**

**AIR No. 622**

મૂળ વતન : મોરબી જિલ્લાનું વિરવિદરકા ગામ. પ્રાથમિક અને માધ્યમ શિક્ષણ વાંકાનેરની કે. કે. શાહ વિદ્યાલય. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ : ક્રિષ્ના ઇન્ટરનેશનલ સ્કૂલ, રાજકોટ. M.B.B.S. - બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ. સિવિલ સર્વિસની પરીક્ષા માટે મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરમાં અભ્યાસ. વૈકલ્પિક વિષય ગુજરાતી. આ પરીક્ષા પાંચમા પ્રયત્ને પાસ કરી. તેમના પિતાશ્રી ગુજરાત પોલીસ સેવામાં આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર (ASI) તરીકેની ફરજો બજાવી સેવાનિવૃત્ત.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૯, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૯; સળંગ અંક : ૫૦

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગાંધીચિંતનનાં વિદુષી ડૉ. દક્ષા પટ્ટણીની ચિર વિદાય — મણિભાઈ પ્રજાપતિ — ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી : અમારો પ્રવાસ / ગામડાની સફરે — પોપટલાલ મ. પટેલ, છગનલાલ પીતામ્બરદાસ પટેલ — ૬

૨. સાડાત્રણ દાયકાની દીર્ઘ 'Winter Sleep' પછી પ્રાપ્ત મિષ્ટ-મધુર ફળ : 'તેજ-તિખારા' (લઘુકથા સંગ્રહ) — મોહનલાલ પટેલ — ૯

૩. સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિ — ચંદ્રકાન્ત શેઠ — ૧૫

૪. અનુકંપાની પરીક્ષા — તુલસીભાઈ પટેલ — ૧૮

૫. આર્થિક નબળા વર્ગો માટે ૧૦% અનામત સંદર્ભેનો બંધારણીય સુધારો — પ્રો. કમલેશ જોશીપુરા — ૨૧

૬. e અને δ ની અમર કહાની — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૩

૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૨૯
   - From England With Love : An Indian Student Writes From Cambridge, 1926-27 / By Kalidas Desai; ed. Padma Desai.
   - ઉજાસભર્યો એક ખંડ : એમ. ટી. બી. કૉલેજ સાથે ત્રણ દાયકાની યાત્રા / હિમાંશી શેલત
   - સામયિક લેખ સૂચિ : 2011-2015/ સંપા. : કિશોર વ્યાસ

૮. સંસ્થા સમાચાર
   - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૩૭
   - શાળા વિભાગ — ૪૬


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬, ૦૭૯-૨૩૨૪૪૬૯૦

**સંપાદકીય**

## ગાંધીચિંતનનાં વિદુષી ડૉ. દક્ષા પટ્ટણીની ચિરવિદાય

ગાંધીચિંતનનાં વિદુષી–સંશોધિકા ડૉ. દક્ષાબહેન પટ્ટણી (૧૯૩૮)નું તા. ૧૦ માર્ચ, ૨૦૧૯ના રોજ નિધન થતાં ગાંધીજીવન–દર્શન પ્રતિ લગાવ ધરાવનારાં સૌ કોઈએ ઘેરા શોકની લાગણી અનુભવી. ડૉ. દક્ષાબહેન વ્યવસાયે ગુજરાતીનાં અધ્યાપિકા, પરંતુ તેમનાં વિશેષ અધ્યયન – સંશોધન – રસરુચિનો વિષય ગાંધીસાહિત્ય રહ્યો હોવાથી ગાંધીસાહિત્ય અને ગાંધીમૂલ્યોનાં ખરા અર્થમાં આજીવન ઉપાસક રહ્યાં હતાં. ગાંધીવિચાર તરફ ભારે આકર્ષણ રહેવા પાછળનું કારણ તેમણે સંધ્યા ભટ્ટ (''સર્જક સાથે સંવાદ : દક્ષાબહેન પટ્ટણી સાથે પ્રશ્નોત્તરી'', *શબ્દસૃષ્ટિ*, જૂન, ૨૦૧૭ : ૫૫-૬૪) ને જણાવતાં કહ્યું હતું કે 'કૉલેજના બીજા વર્ષમાં ગાંધીજીનું પુસ્તક ***'વ્યાપક ધર્મભાવના'*** વાંચ્યું ત્યારથી મનગમતો વિષય મળ્યો. મારા પિતા ગાંધીવિચારના ચાહક અને પાલક હતા. કાકા સત્યાગ્રહની લડતમાં ગયેલા. આશ્રમ ભજનાવલિનું પ્રખ્યાત ભજન ''મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે'' જે ગાંધીજીને બહુ પ્રિય હતું તેના લખનાર કેશવરામ હરિરામ ભટ્ટ મારા પિતાના કાકા થાય. નવજીવન, હરિજનબંધુ વગેરે ઘરમાં આવતાં. આ વાતાવરણની અસર ઘેરી હતી. [તેથી] એમ. એ.નું પરિણામ આવ્યું કે તરત જ ગાંધીજીના સમગ્ર ચિંતન ઉપર પીએચ.ડી. કરવા માટે ડૉ. ઈશ્વરભાઈ દવે પાસે રજિસ્ટ્રેશન કરાવ્યું. ગાંધીજીનું સમગ્ર ચિંતન એવો વ્યાપક વિષય ન રખાય, બહુ સમય જાય એવી માર્ગદર્શક અને વડીલોની સલાહ




છતાં અતિશય રસને કારણે રાખ્યો. દસ વર્ષે પીએચ.ડી. પૂરું કર્યું. પુષ્કળ વાંચવું પડ્યું. ગાંધીવિચારનો મેં બહુ અભ્યાસ કર્યો છે એવું હું માનતી નથી. મેં ગાંધીજીને પૂરેપૂરા વાંચ્યા છે એનો મને સંતોષ છે, પરંતુ સ્વતંત્ર રીતે વિચારવાનું એક આકાશ ખૂલ્યું. પીએચ.ડી.ના અભ્યાસકાળ દરમિયાન કોઈ વ્યક્તિને મળી નથી એટલે કોઈ વિચારપ્રવાહમાં તણાઈ નથી તેથી કેટલુંક મૌલિક પ્રદાન કરી શકી છું.'

લોકોત્તર મહાપુરુષ મહાત્મા ગાંધીને સમજવા એ ખરે જ સરળ નથી. આમ છતાં ડૉ. દક્ષાબહેન તેમના શોધપ્રબંધ 'ગાંધીજીનું ચિંતન' (૧૯૬૫-૧૯૭૫), પ્રકાશન : ૧૯૮૦-૨૦૦૩) અર્થે ગાંધીસાહિત્યનું ગહન અધ્યયન–ચિંતન કરીને મહાત્માનાં અગાધ ઊંડાણને સપાટી ઉપર લાવીને ગાંધીજીના ચિંતનની ક્રમિક વિકાસગાથાનું જે દર્શન કરાવ્યું છે તે અસાધારણ છે. આ પાછળ સંશોધિકાનાં ગાંધીવિચાર-દર્શન પ્રત્યેની આસ્થા–ભક્તિ, નીરક્ષીર વિવેકપૂતઃ સંશોધકીય અભિગમ, ઉદ્યમશીલતા અને ખુમારીના કારણે જ પીએચ.ડી. ડિગ્રી હેતુ સંશોધકો માટે રોલ-મોડેલ પ્રસ્તુત કરી શક્યાં છે. ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે પ્રવર્તમાન સમયમાં પ્રતિવર્ષ સેંકડોની તાદાદમાં શોધપ્રબંધો તૈયાર થાય છે, પરંતુ આ પૈકી નહિવત સંખ્યાના સંશોધકો પોતાના શોધપ્રબંધો પ્રકાશિત કરવા ઉદ્યત થાય છે અને તે પણ પ્રાયઃ તેના કેટલાક અંશોની મર્યાદામાં, જ્યારે દક્ષાબહેનનો આગ્રહ રહ્યો છે કે 'મારી સમજ એવા પ્રકારની છે કે કોઈ વિષયનો શોધનિબંધ શોધનિબંધ રૂપે પ્રગટ થાય તો અભ્યાસીઓને વધુ ઉપયોગી બને. સ્વાભાવિક છે કે પચ્ચીસ, ત્રીસ વર્ષ પૂર્વે લખાયેલ આ નિબંધમાં આજે વિષયની રજૂઆત અને ભાષા બંને અંગે મારામાં થયેલ પરિવર્તનો મને મૂળ લખાણમાં ફેરફાર કરવા પ્રેરે, આમ છતાં શોધનિબંધ તેના મૂળ સ્વરૂપે જ શબ્દશઃ છપાવવો જોઈએ એવા મારા સંકલ્પને કારણે હું તેને તે જ સ્વરૂપે પ્રગટ કરું છું (*ગાંધીવિચાર : સત્ય અને અહિંસા.* ૨૦૦૦. ''પુસ્તક પ્રગટ કરતાં''...) તેમનો શોધપ્રબંધ ગાંધીજીના સમગ્ર ચિંતનને આવરી લેતો હોવાથી સ્વાભાવિક રીતે જ ભૌતિક દૃષ્ટિએ બૃહતકાય થતાં તેનાં વિવિધ ૭ પ્રકરણોને ૬ સ્વતંત્ર પુસ્તકોમાં જાતે જ પ્રકાશિત કર્યાં છે :

૧. ***ગાંધીજીનું ચિંતન*** (૧૯૮૦)માં ગાંધીજીએ સમગ્ર જીવનને કયા દૃષ્ટિબિંદુથી જોયું તે સમજવા લેખિકાએ પ્રયાસ કર્યો છે. ગાંધીજીના આચાર-કાર્યમાંથી પ્રસ્ફુટિત થતું ચિંતન, અંતરાત્માનો અવાજ, આત્મશુદ્ધિ અને જીવનવિકાસની ચાર અવસ્થાઓ : સ્વભાવ, પુરુષાર્થ, કર્તવ્ય અને ધર્મનું વિશ્લેષણ રજૂ કર્યું છે. ૨ ***ગાંધીજી : વ્યક્તિત્વનું ઘડતર*** (૧૯૮૧)માં તેમના વ્યક્તિત્વ ઘડતર કરનાર સ્રોતો – સ્વભાવબીજ, કૌટુંબિક વારસો અને વાતાવરણ વિવિધ પ્રસંગો, વ્યક્તિઓ જેમ કે ગોખલે, શ્રીમદ રાજચંદ્ર, ટૉલ્સ્ટૉય, રસ્કિન તથા વિવિધ પુસ્તકોના પ્રભાવનું ચિત્રણ કર્યું છે. ૩. ***ગાંધીજી : ધર્મવિચારણા*** (૧૯૮૪)માં ગાંધીજીની ધર્મવિચારણાના સારભૂત તત્ત્વનું દર્શન કરાવી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તટસ્થતાપૂર્વક અવલોકન કર્યું છે. ૪. ***ગાંધીવિચાર : સત્ય અને અહિંસા*** (૨૦૦૦) ગ્રંથ ગાંધીજીના સત્ય અને અહિંસા વિષયક વિચારો જાણવા માટે માત્ર ગાંધીદર્શનના અભ્યાસીઓને જ નહિ, પરંતુ જેમને ગાંધીજી વિશે કંઈક જાણવાની જિજ્ઞાસા છે, જેમને ગાંધીજીને સાચા અર્થમાં ઓળખવા / પામવા છે તે સૌ કોઈ માટે ઉપયોગી થઈ પડશે. ગાંધીજીએ આ બંને તત્ત્વોને વૈયક્તિક અને સામૂહિક જીવનમાં કઈ રીતે પાળી બતાવ્યાં, સત્ય અને અહિંસા પોતાને કઈ રીતે અભિપ્રેત હતી, આ બંનેનું આચરણ કરવામાં તેમને કોઈ મર્યાદાઓ નડતી હતી કે કેમ ? વગેરે બાબતોનું યથાતથ નિરૂપણ કરવામાં આવ્યું છે. ૫. ***ગાંધીજીના ચિંતનમાં સત્યાગ્રહ*** (૨૦૦૧)માં મહાત્મા ગાંધીની સત્યની ઉપાસનાને સમજાવવાનો

વિનમ્ર પ્રયાસ જોવા મળે છે. અહીં સત્યાગ્રહની વિભાવનાને પોતાની આગવી સૂઝ-સમજથી રજૂ કરેલ છે. સત્યાગ્રહનાં જુદાં-જુદાં સ્વરૂપો અને પ્રયોગો જેમ કે અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, કેળવણી, દારૂ નિષેધ, દક્ષિણ આફ્રિકાના પ્રયોગ, હિંદ સ્વરાજ્યની લડત વગેરેમાં અપનાવેલ સત્યાગ્રહનું નિરૂપણ કર્યું છે. સમગ્રતયા લેખિકાએ સત્યાગ્રહનું હાર્દ સુપેરે અભિવ્યક્ત કર્યું છે અને ૬. ***ગાંધીજીનું ચિંતન : મૂલ્યાંકન*** (૨૦૦૩)માં ગાંધીજીના વ્યક્તિત્વ અને વિચારનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. એ સર્વવિદિત છે કે ગાંધીજીનું જીવન અને ચિંતન એ એક સિક્કાની બે બાજુ સમાન છે. તેઓ સ્વયં કહેતા કે 'મારું જીવન એ જ મારો સંદેશ', સ્વાભાવિક છે કે આવા વિભૂતિમત્ વ્યક્તિઓના જીવનને માપવા માટે પરંપરાગત માપદંડો ખપ લાગતા નથી. આવા ગજ હંમેશાં ટૂંકા પડતા હોય છે. કારણ કે આ મહાપુરુષો આ માપદંડોને અતિક્રમી જઈ પોતાનાં કાર્યો દ્વારા ઇતિહાસનું નિર્માણ કરતા હોય છે. તેથી પોતાનાં કાર્યો, આદર્શો જ તેમના માપદંડો બનતા હોય છે. ગાંધીજીને મૂલવતાં પૂર્વે લેખિકા મનોમંથનના અંતે એ નિર્ણય ઉપર આવ્યા કે 'ગાંધીજીના વિચારો સમજવા, સ્વીકારવા અને તેના મૂલ્યાંકન માટે આપણા વ્યવહારુ વિવેચનમાં વપરાતા માપદંડો અને ગાંધીજીની નમ્રતાને ઘણી ગેરસમજો ઊભી કરી છે. તેને દૂર કરી તેમના જીવન અને વિચારની ભવ્ય ઉજ્જ્વળ છબી માનવસમાજ સામે મૂકવી એ જીવન અને વિચારના સાધકોનું કાર્ય બની રહેશે. મૂલ્યાંકન શેનાથી કરવું ? એટલે ગાંધીજીના જ આદર્શોને એમના મૂલ્યાંકનના માપદંડ તરીકે સ્વીકાર્યો છે. એ માપદંડ સાથે જ મૂલ્યાંકનના પ્રયત્નથી શરૂ કરી ભવ્યતાના દર્શનની કંઈક ઝાંખી સાથે મારું કામ પૂરું કર્યાનો આનંદ અનુભવું છું.'' સંશોધિકાએ આ વિચારબિંદુને કેન્દ્રમાં રાખીને નીરક્ષીર ભાવે અને હૃદયની વિશુદ્ધતા સાથે ગાંધીજીના વિચાર અને વર્તનમાં જ્યાં-જ્યાં વિસંગતિઓ જણાઈ તેનું મૂલ્યાંકન કર્યું છે. ગાંધીજીનું ચિંતન દરેક સમયે પ્રતીતિકારક બન્યું નથી, જ્યાં-જ્યાં આવી વિસંગતિઓ જણાઈ તે વીણી વીણીને અહીં રજૂ કરી તેનું સમસામયિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. દક્ષાબહેનને આ બધી વિસંગતિઓના મૂળમાં જઈ બાપુનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે. ગાંધીજીનું ચિંતન જીવનલક્ષી રહ્યું છે. તેથી તેમના કેટલાક વિચારો અપ્રતીતિકાર લાગે. ગાંધીજીએ પોતાના વિચારો વિશે નોંધેલ શબ્દો ''હું મહાત્મા ગણાઉં તેથી મારું વચન સાચું જ એમ માની કોઈ ન વર્તે.'' સૌ એ ધ્યાનમાં લેવા રહ્યા. દક્ષાબહેને સત્ય અને અહિંસાનું તાત્ત્વિક ચિંતન કરતાં ગાંધીજીની ભૂલો પ્રત્યે પોતાનો પ્રતિભાવ જણાવતાં નોંધ્યું છે કે, ''સત્યની શોધ નહીં રાખીએ તો આપણે સત્યનો અને એ સત્યના સાધકનો વધુમાં વધુ દ્રોહ કરી બેસીશું.''. વધુમાં, અહીં લેખિકાનો આશય દોષ-દર્શન અથવા અપૂર્ણતા દર્શાવવાનો નથી જ. પરંતુ ''કોઈ પણ ચર્ચાનો આશય એ અપૂર્ણનો પૂર્ણત્વને પામવાના પ્રયત્નો દર્શાવવાનો જ છે.'' તેમનો હેતુ ગાંધીજીની મહાનતા દર્શાવવાનો નહીં, પરંતુ વ્યક્તિજીવનમાંથી સમગ્ર માનવજીવનની વિશેષતામાં કઈ રીતે પરિણમે તે દર્શાવવાનો રહ્યો છે. ગાંધીજીના સત્ય, અહિંસા અને સત્યાગ્રહના ખરાં સ્વરૂપોનો અનુભવ કરાવવામાં આવ્યો છે. પ્રશ્નો પ્રશ્નો ખાતર નહીં પરંતુ તેના મૂળમાં જઈ ગાંધીવિચાર દર્શનને પામવાની મથામણ અવર્ણનીય બની રહે છે.

ડૉ. દક્ષાબહેન કૃત ***'ગાંધીજીનું ચિંતન – મૂલ્યાંકન'*** (૨૦૦૩) ગ્રંથનો અંતિમ ફકરો ગાંધીજી વિષયક તેમના ઊંડાણપૂર્વકના અધ્યયન અને ચિંતનનો – સત્ત્વશીલચિંતનનો ઉત્તમ નમૂનો સુચિંતનીય છે તે જોઈએ : 'ઘણા લોકોના મનમાં ઊભો થતો એક પ્રશ્ન છે કે ગાંધીજી એમના જીવનના અંતિમ દિવસોમાં તદ્દન એકલા હતા. પારાવાર વેદના અને નિરાશાથી ઘેરાયેલા ગાંધીજીને પછી તો એકસો પચ્ચીસ વર્ષ જીવવાની જે ઇચ્છા હતી તે પણ રહી નથી. એમના વર્ષોના સાથીઓ જેમને હિન્દના સ્વરાજ માટે ગાંધીજીએ તૈયાર કર્યા : તે બધા જ રાજકીય નેતાઓ સ્વરાજ મળતાની સાથે ગાંધીજી અને ગાંધીજીના સિદ્ધાન્તોને નેવે મૂકી દે છે. જીવનના આ અંતિમ દિવસો જેને પ્યારેલાલે 'પૂર્ણાહુતિ'માં આલેખ્યા છે તે ગાંધીજીના જીવનની અસહ્ય કરુણ કથા છે. આવું કેમ ? આ પરથી એમ નથી લાગતું કે ગાંધીજી એમના જીવનકાર્યમાં નિષ્ફળ ગયા ?

ઇતિહાસ આંખ સામેથી પસાર થાય છે : જગતનો

પ્રત્યેક મહાપુરુષ એના જીવનની અંતિમ અવસ્થામાં, છેલ્લી પરીક્ષામાં એકલો જ હોય છે. પછી એ યાદવાસ્થળી પછી પારધીના બાણથી વીંધાતા કૃષ્ણ હોય કે ક્રોસ ઊંચકીને વધસ્તંભ તરફ જતા ઈશુ હોય, હિમાળો ગાળવા જતા યુધિષ્ઠિર હોય કે નોઆખાલીના મહાભિનિષ્ક્રમણના ગાંધીજી હોય. વિકાસની એ અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ ભૂમિકા એટલી તો ઊંચી હોય છે કે સામાન્ય માણસ ઇચ્છે તોપણ સાથે રહી શકતો નથી. એ સાધકની મર્યાદા નથી, પણ સાધનાની વિશેષતા છે કે જીવનવિકાસની અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ એકલતા નથી નિષ્ફળતા કે નથી નિરાશા. એ કરુણતા જરૂર છે પણ એ કરુણતામાં ભવ્યતા રહેલી છે. માનવસંસ્કૃતિના હિમાલયનું એ ભવ્ય ઉન્નત શિખર છે.'

ગાંધીવિચાર વિશે તેમની સમજણ કેટલી આધિકારિક અને પોતીકી છે, તેની પ્રતીતિ તેમના આ બધા ગ્રંથો દ્વારા થાય છે. આ બધા ગ્રંથોમાં પોતાના વિચારોના સમર્થનમાં ગાંધીસાહિત્ય અને અન્ય આનુસંગિક ગ્રંથોમાંથી ૧૫૫૯ સંદર્ભો ટાંક્યા છે. મલ્લિનાથી આદર્શ 'ના મૂલમ લિખ્યતે કિંશ્ચિત'ને નજર સમક્ષ રાખી આધાર સિવાય કોઈ જ વિધાન કર્યું નથી અને તે પણ મૂળ સ્રોતને તપાસ્યા બાદ. આ બધા જ ગ્રંથો ગાંધીસાહિત્યના અભ્યાસુઓ સર્વશ્રી ચી. ના. પટેલ, હરિવલ્લભ ભાયાણી, જુગતરામ દવે, કાંતિ શાહ, મગનભાઈ પટેલ, મૂળશંકર ભટ્ટ, તખ્તસિંહ પરમાર વગેરે દ્વારા મુક્તકંઠે વખણાયા છે. આ પૈકી કેટલાંક મંતવ્યો જોઈએ :

'ગાંધીજીના ચિંતનમાં એમણે એક અંતરનાં ઊંડાણમાંથી સ્ફુરતી અને પરમસત્ય તરફ અવિરત ગતિ કરતી જીવનપ્રક્રિયાનો ચમત્કાર અનુભવ્યો છે, અને એ ચમત્કારને એમણે પોતાની હૃદયસૂઝના પ્રકાશમાં સમજવાનો – સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ગાંધીજીના ચિંતનનો ચમત્કાર મેં પણ કંઈક અનુભવ્યો છે, પરંતુ મારા અનુભવમાં વર્ષોના સાહિત્યિક અભ્યાસના સંસ્કારોએ કામ કર્યું છે. દક્ષાબહેનનો ગાંધી–અનુભવ એમનો પોતાનો જણાય છે.

**ચી. ના. પટેલ**

'બેન દક્ષાબેને પોતાના ઉચ્ચ વિદ્યાના અભ્યાસકાળ દરમિયાન ગાંધીજીના જીવનકાર્યને પોતાના અભ્યાસનો વિષય બનાવ્યો અને તેની પાછળ વરસો સુધી એકધારાં ઊંડાણથી, એકાગ્રતાથી મંડી રહી આ મહાનિબંધ તૈયાર કર્યો, તે યુવા વર્ગને પ્રેરણા આપે તેવું છે. પોતાના કુટુમ્બના, બાળપણના, યુવાવસ્થાના, બધા વ્યાપારોને તેમણે એક તટસ્થ સત્યશોધક દૃષ્ટિએ તપાસ્યા છે ને નિર્મમ રીતે પ્રગટ કર્યા છે.'

**મૂળશંકર મો. ભટ્ટ**

'આ મહાનિબંધ પ્રથમ વાંચ્યો ત્યારથી આપણી ભાષાનો આ એક ઉત્તમ મહાનિબંધ છે તેવી છાપ પડી હતી. એ છાપ ઉત્તરોત્તર દૃઢ થતી રહી છે. લેખિકાએ ગાંધીવિચારને તટસ્થતાથી જોવાનો ઉપક્રમ સેવ્યો છે તેની પ્રતીતિ સતત મળ્યા કરે છે. છતાં ગાંધીજીની વિચારણા માત્ર પ્રથમ હૃદયને સ્પર્શે છે, પછી બુદ્ધિને તેમ ગાંધીવિચારણાની આ મીમાંસામાં બુદ્ધિત્ત્વ કરતાં હૃદયત્ત્વ વાચકને વિશેષ સ્પર્શે છે. જે વિષય ઉપર બહુ ઓછું લખાયું છે તે ગાંધીજીની ધર્મ વિચારણા પર આપણી ભાષામાં એક ગણનાપાત્ર, માત્ર ગણનાપાત્ર નહિ, પણ જે વાંચ્યા વિના ગાંધીજી વિશેનો અભ્યાસ અધૂરો રહે તેવું એક પુસ્તક આપવા બદલ લેખિકાને અભિનંદન !'

**તખ્તસિંહ પરમાર**

'ગુજરાતીમાં ગાંધીજીના જીવન અને વિચારો પર અનેક શોધનિબંધો લખાયા છે અને છપાયા છે, પરંતુ ગાંધીવિચારનું ઊંડું ને વ્યાપક જ્ઞાન, એ જ્ઞાનને અભિવ્યક્ત કરવાની અનોખી શૈલી, મૌલિક વિચારણા તથા તટસ્થ ને તલસ્પર્શી નિરૂપણની દૃષ્ટિએ દક્ષાબહેનનો મહાનિબંધ એ બધામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.'

**મગનભાઈ જો. પટેલ**

પ્રસ્તુત યશોદાયી સંશોધન ઉપરાંત તેમનું અન્ય વિશેષ નોંધપાત્ર કાર્ય પ્રાયઃ ગાંધીજીવન – દર્શન અને ગુજરાતી સાહિત્ય સંદર્ભે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ, કૉલેજો, વિદ્વત્ત / સમાજસેવી સંસ્થાઓ વગેરે દ્વારા આયોજિત ખાસ સમારોહો / પરિસંવાદો વગેરેમાં આપેલાં ૫૦થી અધિક સુચિંતનીય પ્રવચનો. તેમનાં

સ્વાધ્યાયનિષ્ઠા અને વાગ્મિતા અસાધારણ હતાં. આ બધાં પ્રવચનો / લેખોમાં નારાયણ દેસાઈકૃત 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' અને 'મારું જીવન એ જ મારી વાણી', સુમિત્રા કુલકર્ણી કૃત 'અણમોલ વિરાસત', ગાંધીજી કૃત 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'આત્મકથા' અને 'હિંદ સ્વરાજ' વગેરે વિવિધ કૃતિઓના રસાસ્વાદો ઉપરાંત 'પ્રવર્તમાન સમયમાં ગાંધીજીની અહિંસાની વિભાવના', 'અધ્યાત્મ વિજ્ઞાન અને ગાંધીવિચાર', 'વૈશ્વિક પરિસ્થિતિનો ઉકેલ : ગાંધીજીનો સત્યાગ્રહ એકમાત્ર ઉપાય', 'ગાંધીજી-પત્ની સંબંધો અને પત્રવ્યવહાર', 'ગાંધીજીનાં અંતિમ વર્ષો અને આપણું રાજકીય ક્ષેત્ર', 'આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ' પાટણ યુનિવર્સિટીમાં 'ઉમાશંકરની સૌંદર્યયાત્રા', બારડોલીમાં પૂ. મોરારિબાપુની કથામાં 'સરદાર પટેલ વ્યક્તિત્વ દર્શન' વગેરે વિષયો હેઠળનાં વ્યાખ્યાનોનો / લેખોનો સમાવેશ થાય છે. આ બધાં વ્યાખ્યાનો / લેખો પૈકી પૂ. મોરારિ બાપુ દ્વારા પ્રેરિત / આયોજિત 'અસ્મિતાપર્વ ૨૦૦૭'માં નારાયણ દેસાઈ કૃત 'મારું જીવન એ જ મારી વાણી' (૨૦૦૩) ગ્રંથનો પરિચય કરાવતાં આપેલું પ્રવચન (અસ્મિતાપર્વ વાક્ધારા - ૧૦ (૨૦૦૮) : ૧૭૮-૧૯૪) એ તેમનાં કેટલાંક ઉત્તમ પ્રવચનો પૈકીનું એક છે. આ કૃતિને તેમણે 'જવાબદારીની સંપૂર્ણ સભાનતા સાથે' : 'ગાંધીજીની આત્મકથાની જેમ જગતસાહિત્યની ઉત્તમ જીવનકથાઓમાં સ્થાન પામે તેવી કૃતિ' તથા 'અસાધારણ સંસ્કારધન' ગણાવીને તેના લેખકની વિશેષતાઓ, કૃતિ-પરિચય, સાહિત્યકૃતિ તરીકે આસ્વાદ્ય સૌંદર્યસ્થાનો, પોતે જેમાં સંમત નથી થઈ શકતાં તેવા બે પ્રશ્નો : ૧. કસ્તૂરબાનાં ઘરેણાં વેચીને ગાંધીજી ભણવા ગયા એ ઘટનાના આલેખન પછી કસ્તૂરબાને શું થયું હશે ? તે અંગે લેખકે કરેલાં અનુમાનો અને ૨. ગાંધીજીની ગુજરાતી ભાષા દક્ષિણ આફ્રિકામાં પૂરી કેળવાયેલી નથી તે સંદર્ભે લેખકના વિધાન સંદર્ભે રજૂ કરેલ પોતાનું દૃષ્ટિબિંદુ અને છેલ્લે સર્જક તથા કૃતિનો સમગ્ર પ્રભાવનાં પાસાંઓને સુપેરે સાધાર ઉજાગર કરી આપ્યા છે. વધુમાં, આ કૃતિ વિશે પોતાનો હૃદયોલ્લાસ વ્યક્ત કરતાં વિધાનો :

'જીવનકથાના સ્વરૂપની દૃષ્ટિએ આ જીવનકથા આપણા વિવેચકોના ગજા બહારની છે કેમ કે એક ચોક્કસ પ્રકારની વિવેચનદૃષ્ટિની બહાર નીકળીને કંઈક નવું, વધારે વ્યાપક, વધારે સમૃદ્ધ આપણી સામે આવે ત્યારે આપણે અંજાઈ જઈએ છીએ અને જે જોવા મૂલવવા જેવું છે તેનું મૂલ્યાંકન કરી શકતા નથી. આ જીવનકથાને મૂલવવા માટે આપણું જ્ઞાનનું ફલક સાહિત્ય પૂરતું સીમિત ન રહેતાં સર્વે સામાજિકશાસ્ત્રોને આવરી લે છે. રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, જગતનો ઇતિહાસ, જગતના વિચારવિષયક વાદો. આ વિષયોની દૃષ્ટિ વિના તેને મુલવવી શી રીતે ?

ગાંધીજીના જીવનવ્યાપી, વિશ્વવ્યાપી સમગ્ર જીવનચિંતનને ફોક્સમાં ઉતારવાનું આ સાહસ જ ધન્યાતાને પાત્ર છે. અનેક વિષયોની વિગતો અને આલેખનથી ભરપૂર અસંખ્ય વ્યક્તિઓનાં નાનાં-નાનાં ચરિત્રોની ગૂંથણીથી સુગ્રથિત, ગાંધીજીના ભાગ્યે જ જોવા મળતા ફોટોગ્રાફ્સથી આકર્ષક બનેલું આ જીવનચરિત્ર માત્ર ગાંધીજીના જીવનનો વિકાસ દર્શાવતી વ્યક્તિગત જીવનકથા ન રહેતાં તેમાં માનવતાના ચરિત્રનિર્માણની, તેના વિકાસની અને તેની પરકાષ્ઠાનાં કેટલાંક ઉન્નત શૃંગોને આલેખતી આ માનવતાની જીવનકથા છે.' ધ્યાનાર્હ બની રહે છે. આ આધિકારિક વાત પ્રસ્તુત ગ્રંથનાં સાદ્યંત વાચક અને ગાંધીસાહિત્યનાં અભ્યાસી ડૉ. દક્ષાબહેન જ કહી શકે. વધુમાં, ભાવનગરના સાંસ્કૃતિક ઘડતરમાં પ્રશ્નોરા નાગર પ્રતિભાઓ – રાજકારણ, શિક્ષણ અને સાહિત્ય, કલા, વૈદક વગેરે ક્ષેત્રો – ના પ્રદાનને સમુચિત રીતે રેખાંકિત કરી આપતો તેમનો 'ભાવનગરના પ્રશ્નોરા' શીર્ષક હેઠળનો લેખ 'ભાવનગર જિલ્લા સર્વસંગ્રહ – ગેઝેટિઅર' (૧૯૮૯, પૃ. ૧૭૯-૧૮૧) પણ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત ભાવનગરની 'ગાંધીસ્મૃતિ' સંસ્થા સંચાલિત 'ગાંધીવિચારધારા સમિતિ'નાં વર્ષ ૧૯૮૨થી ૨૦૧૩ સુધી સક્રિય સભ્યપદે રહી ગાંધીજી વિષયક પ્રસંગોપાત્ત વ્યાખ્યાનો આપવા ઉપરાંત તેનાં આયોજનોમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. આ સાથે જ આ સંસ્થાનું સમૃદ્ધ ગ્રંથાલય અને તેના તત્કાલીન ઉત્સાહી અને દૃષ્ટિવંત ગ્રંથાલયી જયંત મેઘાણીની સેવાઓને પ્રસંગોપાત્ત ઋણસ્વીકાર સાથે યાદ

કરતાં જોવા મળે છે, તેમાં તેમનાં કૃતજ્ઞતા અને સાલસ પ્રકૃતિનાં દર્શન થાય છે. આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સમગ્રતયા, તેમણે પોતાનું જીવન ગાંધીચિંતનને સમર્પિત બની રહીને પસાર કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગાંધીજીવન – દર્શનથી અનુપ્રાણિત એવાં ગરવાં ડૉ. દક્ષાબહેનનો જન્મ સાહિત્ય – સંગીત – આયુર્વેદનાં જ્ઞાન અને રસથી સંપન્ન પ્રશ્નોરા નાગર કુટુંબમાં તા. ૪ નવેમ્બર, ૧૯૩૮ના રોજ કલા અને વિદ્યાકીય પ્રવૃત્તિઓના આશ્રયધામ ભાવનગરમાં થયો હતો. તેમનાં માતા શાંતાબહેન અને પિતા વિજયશંકર કાનજી પટ્ટણી સંસ્કૃત અને ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાન હતા. ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણી તેમના પિતાના પિતરાઈ ભાઈ અર્થાત્ દક્ષાબહેનના કાકા થાય, જ્યારે અમર 'સત્યકથાઓ'ના સર્જક કવિ મુકુન્દરાય પારાશર્ય તેમના મોટાભાઈ થાય. દક્ષાબહેને ગુજરાતી વિષયામાં એમ. એ. (૧૯૬૫) કર્યા બાદ પ્રો. ડૉ. ઈશ્વરલાલ દવેના માર્ગદર્શન હેઠળ 'ગાંધીજીનું ચિંતન' વિષય હેઠળ પીએચ.ડી. માટે ગુજરાત યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન કરાવતાં તેમને યુનિવર્સિટીની 'રિસર્ચ સ્ટડી સ્કોલરશિપ' (૧૯૬૫-૬૯) એનાયત થઈ હતી. જોકે તેમણે આ સંશોધનકાર્ય ૧૦ વર્ષના સઘન અધ્યયન – સંશોધન બાદ ૧૯૭૬માં પૂર્ણ કર્યું હતું. તેમણે કારકિર્દીની શરૂઆત 'ઘરશાળા વિનયમંદિર' (ભાવનગર)માં શિક્ષિકા (૧૯૬૨-૬૫) તરીકે કર્યા બાદ, પોરબંદરની 'ગુરુકૂળ મહિલા કૉલેજ'માં ૧૯૬૯-૭૦ વ્યાખ્યાતા તરીકે અને ત્યાર બાદ ૧૯૭૦થી નિવૃત્તિપર્યંત (૨૦૦૧) ભાવનગરની 'વળિયા આર્ટ્સ અને મહેતા કૉમર્સ કૉલેજ'માં ગુજરાતીનાં વ્યાખ્યાતા તથા ગુજરાતી વિભાગનાં વડાં તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત આ સેવાકાળ દરમિયાન ભાવનગર યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં ગાંધીદર્શન અને ગુજરાતી વિષયનાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે પણ સેવાઓ આપી હતી.

ડૉ. દક્ષાબહેનના અવસાનથી સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે, તેમજ દિલસોજી પાઠવે છે. સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર**

**ઇતિહાસની અટારીએથી**

# અમારો પ્રવાસ / ગામડાની સફરે

**પોપટલાલ મ. પટેલ, છગનલાલ પીતામ્બરદાસ પટેલ**

[આ સંસ્થાના શરૂઆતના દશકામાં કાર્યકરોએ નિભાવ ફંડ માટે ગામડે-ગામડે ફરવું પડતું હતું. આ પ્રવૃત્તિએ સંસ્થાને બેવડો લાભ કરી આપ્યો છે. લોકસંપર્ક દ્વારા સંસ્થાના આદર્શો, ધ્યેય વગેરેનો પ્રચાર થતો અને સાથે-સાથે નિભાવ ફંડ પણ મળતું. આ સંસ્થાનાં મૂળ સમાજમાં ઊંડે ગયેલાં છે તે અને સંસ્થા અને સમાજ વચ્ચે આત્મીયતા પ્રગટી છે તે આ પ્રવૃત્તિનું ફળ છે. સને ૧૯૨૬ના એવા બે પ્રવાસનું વર્ણન અહીં તે વખતના સંસ્થાના મુખપત્ર 'કેળવણી' ત્રૈમાસિકમાંથી ઉતારવામાં આવ્યું છે. એકના લેખક છે શ્રી પોપટલાલ મગનલાલ પટેલ તેઓ આ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામ કરતા હતા. રૂપાલના વતની હતા અને શરૂઆતના કાર્યકરોમાંના એક હતા. બીજાના લેખક ખુદ છગનભા છે. આ લખાણો ઉપરથી તે સમયના સમાજની પરિસ્થિતિની ઝાંખી પણ થશે. – સં.]

## ૧. અમારો પ્રવાસ

ગયા વર્ષની હુતાસણીના દિવસે શ્રી છગનલાલ પીતાંબરદાસ તથા શ્રી પોપટલાલ ગુલાબદાસ અને હું સાતેક વિદ્યાર્થીઓ સાથે ગામડાની સફરે નીકળ્યા. અહીંથી સાંજના નીકળી રાત્રે પા. આત્મારામ માલદાસને ત્યાં છત્રાલ મુકામે રહ્યા ત્યાં ઉઘરાણાનું કામ થયું નહિ. ત્યાંથી સવારે વડાઈ મુકામે ગયા. ત્યાંના ભાઈ ડુંગરદાસની તથા છત્રાલના વયોવૃદ્ધ ઝવેરદાસની મદદથી રૂ. ૧૧ (અગિયાર) થયા. બપોરે ઇસંડ ગયા. પા. કાળીદાસ ડુંગરદાસને ઘેર બપોરા કર્યા. જમ્યા, રૂ. ૧૦ (દસેક) ઉઘરાવ્યા. ત્યાંથી બપોરની ગાડીએ મેસાણા ગયા. ત્યાંના મંદિરમાં ગામનું રાવણું બેઠું હતું જેથી અમો પરબારા ત્યાં ગયા. શ્રી ગંગારામ મુખીએ તથા શ્રી જેઠાલાલ લાલદાસ તથા શ્રી રામદાસ તેમજ અમોએ અમારી હકીકત કહી સંભળાવી. દર વર્ષે ઘર દીઠ એક તોલુ દાણા કેળવણી મંડળને આપી મદદ કરવાનો ઠરાવ બધા ભાઈઓએ પાસ કર્યો. રાત્રે શ્રી મુખીને ત્યાં જમવા-સૂવાની વ્યવસ્થા હતી. સેવા મંડળના સેક્રેટરી ભાઈ કાળીદાસ સાથે શ્રી રામદાસને ઘેર ગયા. ત્યાં દૂધપાન વગેરે થયાં હતાં. સવારે ઊઠી ગાડીમાં બેસી સિદ્ધપુર મુકામે આવ્યા. બાળકોને વીજળીનું કારખાનું, બ્રહ્મચર્યાશ્રમ, રુદ્રમાળ, સરસ્વતી નદી, માધુ પાવડી વગેરે બતાવ્યાં. બપોરે નદીને કિનારે વિશ્રામ કરી સાંજના કોઢા ગામે ગયા. પા મગનલાલ વક્તનદાસને ઘેર જમવા સૂવાનું હતું. રાત્રે ગામના ભાઈઓ ભેગા થયા. પા. મગનલાલે રૂ. ૫૧ આપ્યા. બીજા પણ રૂ. ૨૪ થયા. બીજે દિવસે ગામ ભૂણાવ ગયા. ત્યાંના તલાટી પેટલાદના રહીશ પા. મગનલાલ વાઘજીભાઈને ઘેર જમ્યા. ચોરામાં મુકામ રાખ્યો. રાત્રે બધા ભેગા મળ્યા. ઉઘરાણું થયું નહિ. ત્યાંથી ઉપેરા ગયા. ઉપેરા ગામે સંસ્થાને સારી મદદ કરેલી પણ ગામમાં કલેશને લઈ આ વખતે કંઈ થયું નહિ. ઉનાવાના પા. માધવલાલ જોઈતનદાસની દુકાને રાત રહ્યા હતા. દિવસે અમારા જમવાનો પ્રબંધ ન થવાથી અમારા વિદ્યાર્થીઓએ અક્ષયપાત્ર શોધી કાઢ્યું કે જે હરેક સ્થળે કામ લાગે. અસલના વિદ્યાર્થીઓ ભિક્ષા માગી વિદ્યાભ્યાસ કરતા તથા પર્યટન કરી જ્ઞાન મેળવતા તે વસ્તુની અમને અહીં ઝાંખી થઈ. વિદ્યાર્થીઓ ઝોળીવાળી બહેનો પાસેથી રોટલા, મરચાં વગેરે માગી લાવ્યા. બે-ત્રણ ડોલો છાસ ભરી લાવ્યા અને બહુ જ આનંદથી પેટ ભરીને અનેક ઘરનો પ્રસાદ લઈ સંતોષ પામ્યા. આને અમે અક્ષયપાત્ર કેમ કહ્યું કે હવે બાળકો-મુસાફરી કરતાં કોઈ સમે ખાવાનું ખૂટી જાય તો કોઈ ભાઈના ઘેરથી એને ભિક્ષા માગતાં શરમ આડી નથી આવતી. ઉપેરા ગામે રહ્યા તે દરમિયાન અમારું નાવણ ધોવણ ધુધળીમલના મઠે હતું. જ્યાં અમને બહુ જ આનંદ મળતો. ત્યાંથી અમો જાસકા, સરદારપુર વગેરે ગામોએ થઈ ઉમતા ગયા. વિદ્યાર્થી પુરુષોત્તમ અંબારામને ઘેર સાંજે વાળુ કરી શ્રી ગણેશલાલ જેશંગદાસને ઘેર મુકામ કર્યો. બીજે દિવસે રાત્રે ગામના ભાઈઓ ભેગા થયા હતા. શ્રી રંગુનવાસી ભાઈ હીરાલાલે રૂ. ૧૦૧ આપ્યા તથા બીજા પચીસેક રૂપિયા થયા. આ ગામે પહેલાં સંસ્થાને બહુ મદદ કરેલી છે. શ્રી ગણેશલાલ તથા શ્રી પોપટલાલના મામાને ઘેર અમારું જમવાનું રહ્યું હતું. શ્રી ગણેશલાલના પિતાશ્રી સ્વર્ગસ્થ પા. જેશંગદાસ રામદાસે શ્રી છગનલાલની સાથે રહી સંસ્થાના કાર્યમાં ઘણી મદદ કરી હતી. તેમની સંસ્થા પ્રત્યે અપૂર્વ ભાવના હતી. પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પો. હાલ પણ શ્રી ગણેશલાલે દિવાળીની બોણી તરીકે રંગુનથી રૂ. ૫૦૧ સંસ્થાને મોકલ્યા છે. ત્યાંથી અમો ગુંજાસ્ટેશને ગયા, પણ ગાડી ઊપડી જવાથી વિસનગર ગયા. શ્રી પ્રભુદાસ ભાવસંગદાસને ત્યાં ભોજન કરી રાત રહ્યા. સવારે તેમના ચિ. શિવલાલે અમને ઉઘરાણામાં સારી મદદ કરી. જૂના તથા નવા મળી રૂ. ૧૫૦ થયા. બપોરે પટેલના ઘેર જમી ગાડીએ બેસી અમો પરત આવ્યા.

**પોપટલાલ મગનલાલ પટેલ**

## ૨. ગામડાની સફરે

અમો તા. ૧૦-૧૨-૨૬ના રોજ ગામ વિડજના પા. ગંગારામ નથ્થુભાઈને મળ્યા. તેમણે પ્રેમપૂર્વક કાઠી મણ ત્રણસો આશરે ગામમાંથી ઉઘરાવીને આપી અને પોતે પણ કેટલાંક ઝાડ આપ્યાં. વળી તેમણે પોતે ફરીને રૂ. ૫૦ આશરે ઉઘરાવી આપ્યા અને તા. ૨૦-૧૨-૨૬ના રોજ આદરજ પણ મારી સાથે આવ્યા હતા. આદરજના ગૃહસ્થોએ પ્રેમપૂર્વક ડાંગર ઉઘરાવી આપી અને પછી મુખી ઘેર ગયા. ત્યાર પછી ધનશા વગેરે ગામ વામજ ગયા અને ડાંગર ઉઘરાવી પછી હું બોરીસણા ગયો. ત્યાંના ભાઈ

મગનલાલ વીસાભાઈએ એક આંબલીનું સૂકું ઝાડ મણ ૨૦૦ના આશરે આપ્યું પછી ધનશા ભગત, રણછોડલાલ અને હું વિજાપુર ગયા. ત્યાંથી હીરપુરા ગયા. પા. પ્રભુદાસ રામદાસને ત્યાં ઊતર્યા. વિજાપુરથી હીરપુરા જતા વચમાં પટેલનો કૂવો અમો જોવા ગયા હતા. કૂવા પર સારાં મકાન બાંધેલાં છે. કૂવો સુંદર છે. હાલ વાવેતર છે. કોસ ચાલે છે. કૂવા પર ફરતી તેમની ૩૦૦ વીઘાં જમીન છે. ઘાસના ઓઘલા માંડ્યા છે. ૬-૭ બળદ તથા ૨૦ કાળી ખાલનાં ઢોર છે. તેમને સારુ સુંદર ગમાણો તથા રહેવાનાં મકાન છે. ઉકરડા સુંદર બનાવ્યા છે. શાકભાજી વાવી છે. પટેલના એક પુત્ર તેમના ઘર સાથે તથા મજૂરો અને સાથી વગેરે પણ ત્યાં જ રહે છે. સાથી મજૂર તેમના મકાનથી થોડે દૂર રહે છે. કૂવા પર સુંદર આંબા ઉછેર્યા છે. વળી બોરડીની કલમો કરાવીને ઉછેરી છે. તળાવડીમાં સંઘોડાંનું પણ વાવેતર કરાવે છે. આવા ખેડૂતો પોતાની આવી ખેતી અને જમીન છોડી બીજો ધંધો કરવાની ઇચ્છા કરે જ નહિ.

ત્યાં પોતે સારી મદદ કરી. ગામના ઉઘરાણાનો વાયદો થયો તેથી અમો ગામ લાડોલ ગયા. ધનજીભાઈને ઘેર ઊતર્યા. સાંજે બધા ભાઈઓ ચોરે એકઠા થયા. ગામે મળીને ગામની સિલ્લકમાંથી મદદ આપી. વર્ષો વર્ષ ત્યાંના ભાઈઓ સંસ્થાને મદદ કર્યા જ જાય છે. ત્યાંના ભાઈ ગોપાળભાઈ ડુંગરભાઈની વિધવા બાઈ રાઈએ એક કોટડી કરાવી આપવાનું ઉદાર મનથી કહ્યું છે. ધન્ય છે આવી બાઈઓને.

ત્યાંથી શ્રી ધનજીભાઈ, તથા હું માલોસણ ગયા. ત્યાં જઈ ચોરામાં બેઠા. થોડી વારે તે ગામના મુખી ભાઈ કુબેરભાઈ બીજા ભાઈઓ સાથે ત્યાં આવ્યા. ઉત્સાહથી એક જ કલાકમાં સારી રકમ કરી આપી. લોકો અમને બહુજ પ્રેમાળ લાગ્યા.

ત્યંથી અમો તુર્ત જ ગેરીતા કોલવડા આવ્યા. અમારી જવાની ખબર મળવાથી રેવાભાઈ મુખી પોતાના દુકાનના ઓટલા પર જ અમારી રાહ જોઈ બેસી રહ્યા હતા. અમો રાત્રે ત્યાં જ રહ્યાં. સવારમાં ઊઠી ગામના તમામ આગેવાનોને બોલાવ્યા. એમણે પણ બધાએ મળીને સારી મદદ કરી ત્યાંથી અમો ચડાસણા ગયા ત્યાં અમો પા. રેવનદાસ ભોળીદાસને ઘેર ઊતર્યા. ત્યાંના ઘણા લોકો બહાર ગામ ગયેલા છતાં પા. મગનદાસ કુબેરદાસ તથા પા ત્રિભોવન બહેચરદાસ તથા પા. ગણેશજી વગેરેએ મળી સારી મદદ કરી આપી. ત્યાંથી ગામ વેર ગયા ચૌટે ઊતર્યા. તુરત જ મુખી આવ્યા. અમારા માટે રસોઈ વગેરેનો બંદોબસ્ત કર્યો. ગામના લોકો ભેગા થયા. ઘરવાર લખાણ કર્યું. તેથી રકમ સારી થઈ. ત્યાંના ભાઈઓનો ઉત્સાહ સારો માલૂમ પડ્યો. કેટલાક ભાઈઓ ત્રૈમાસિક ''કેળવણી''ના ગ્રાહક પણ બન્યા એકંદરે અમને સારો સંતોષ થયો.

ત્યાંથી અમો મંડાળી ગયા. તે નાનું જ ગામ છે. મંદિરમાં ઊતર્યા. રાત્રે લોકો એકઠા થયા. પૈસા તુરત જ રોકડા ઉઘરાવી આપ્યા. પછી પા. કાળીદાસને ત્યાં મુકામ કર્યો. રાત્રે બધા ભેગા થયા થોડા જ વખતમાં સારી રીતે ફંડ થયું ઘણો પ્રેમ બતાવ્યો. ત્યાંથી અમો ગામ વસઈ આવ્યા. વસઈની બોર્ડિંગમાં ઊતર્યા. ગૃહપતિ અમીન રતિલાલ ડાહ્યાભાઈ તથા અંગ્રેજી શાળાના હેડ માસ્તર ભાઈ રવિશંકર તથા ત્યાંના બીજા સુખી ગૃહસ્થોના પરિશ્રમને લીધે હાલ ૮૦ બાળક અંગ્રેજી ધો. ૪ સુધી અભ્યાસ કરે છે અને આશ્રમમાં ૨૮ વિદ્યાર્થી રહે છે. શાળામાં ચાર શિક્ષક છે. ચારે શિક્ષકો તન મનથી કામ કરે છે. આશ્રમના મકાનની ઘણી જ અડચણ છે. નવા મકાનની ઘણી જ જરૂર છે. ત્યાં થોડા વખતમાં રેલવે પણ ચાલુ થશે. એટલે ઘણી અનુકૂળતા થશે.

ત્યાંથી અમો ગોઝારીઆ આવ્યા. રસ્તામાં એક જામફળીનો સારો બગીચો જોયો. ત્યાંના આગેવાનો ઘેર નહોતા. અને અમીનોમાં લગ્ન હતા જેથી અમો રોકાયા સિવાય બીજે દિવસે સરઢવ થઈ કડી આવ્યા.

પછી અમો અમદાવાદ ગોમતીપુર ગયા. ત્યાંના ભાઈ રણછોડલાલ ભગવાનદાસે આશ્રમમાં જામફળ મણ ૩ મોકલી આપ્યાં. વળી ગામના ભાઈઓએ ફંડ પણ સારું કરી આપ્યું.

વિડજના મુખી ગંગારામ નથ્થુભાઈ તથા લાડોલના પટેલ ધનજીભાઈ મોતીભાઈ જેવા સ્વયંસેવકો ઉઘરાણાના કાર્યમાં મદદ કરવા માટે ગામડે-ગામડે ઊભા થાય તો સંસ્થાને ઘણો જ ફાયદો થાય. ઈશ્વર અમારી ઉપલી ઇચ્છાને પરિપૂર્ણ કરે એવી તેના પ્રત્યે પ્રાર્થના.

**છગનલાલ પીતામ્બરદાસ પટેલ, મંત્રી.**

# સાડાત્રણ દાયકાની દીર્ઘ `Winter Sleep' પછી પ્રાપ્ત મિષ્ટ-મધુર ફળ : `તેજ-તિખારા'

**(લઘુકથા સંગ્રહ)**

**મોહનલાલ પટેલ**

ગિરિમા ઘારેખાન રચિત લઘુકથા સંગ્રહ 'તેજતિખારા'ની બધી (૪૦) રચનાઓ વાંચ્યા પછી કોઈ સારું પુસ્તક વાંચ્યા પછી જે પ્રસન્નતાનો અનુભવ થાય તે અવશ્ય થયો. કેટલીક અપવાદરૂપ કૃતિઓ સિવાય સંગ્રહની સઘળી રચનાઓ મનોહર છે. એમાંની કેટલીક તો પાણીદાર મોતી જેવી ઉત્તમ લઘુકથાઓ છે. એકંદરે 'તેજ તિખારા' સારો લઘુકથા સંગ્રહ હોવાની છાપ મનમાં મુદ્રિત થઈ.

લેખિકાએ ઈ. સ. ૨૦૧૫ના જાન્યુઆરીમાં લઘુકથાઓ લખવાનો આરંભ કર્યો અને સંગ્રહની પ્રસ્તાવના વાંચતાં સમજી શકાયું કે સંગ્રહની બધી કથાઓ ૨૦૧૭ના અંત સુધીમાં લખાઈ ગઈ હોવી જોઈએ. લેખનની ભારે દ્રુત ગતિ ! કોઈને અતિશયોક્તિ લાગે, પણ આ લખનારને જુલિયસ સીઝરનું જોશીલું વિજયસરઘસ યાદ આવી ગયું. Veni, Vedi, Vici !

લેખિકાની સર્જનની સારી ગુણવત્તા વિશે પણ આશ્ચર્ય પામવા જેવું કશું નથી. એમણે લઘુકથા લખવાનો આરંભ ભલે ૨૦૧૫માં કર્યો હોય પણ એ ગઈ સદીના સાતમા-આઠમા દાયકાનાં નીવડેલાં અને લોકપ્રિય સર્જક છે. જનસત્તા દૈનિક સંચાલિત વાર્તા માસિકમાં એમની એક પાનાની વાર્તાઓ પ્રસિદ્ધ થતી હતી. સારું નામ કમાયાં હતાં. પછી એમણે લખવાનું જ સદંતર ત્યજી દીધું ! એક આશ્ચર્ય ! ૩૫ વર્ષની દીર્ઘ Winter Sleep ? અને ૨૦૧૫થી લઘુકથા !

લઘુકથાના આલેખનમાં ગિરિમાનું મુખ્ય લક્ષ્ય છે માણસની ઓળખ. એમને સમાજ, સંસાર કે ગૃહજીવનની રોજબરોજની સમસ્યાઓના ચિત્રણમાં રસ નથી. માણસની ઓળખ એના આચરણ (Behaviour) દ્વારા થાય. માણસનું આચરણ એટલે માણસની ૧૪ મૂળભૂત વૃત્તિઓ (instincts) દ્વારા મનની લીલા અર્થાત્ પેલી ૧૪ મૂળભૂત વૃત્તિઓના સંમિશ્રણથી પેદા થતી અગણિત લાગણીઓની અસર કે આવેગ હેઠળ માનવી જે કંઈ કરે તે. ગિરિમાએ એમની લઘુકથાઓમાં આ લાગણીઓની વાત કરી છે બીજી રીતે કહીએ તો એમની રચનાઓ સંવેદનકથાઓ છે. માણસની વાત કરવામાં જાત, ધર્મ, સ્થળ, કાળ વગેરે જેવી કોઈ મર્યાદાને સ્થાન ન હોય એટલે એની વાત કરનાર લેખકને વિષય કે વસ્તુની ખોટ ન રહે. આના કારણે ગિરિમાની લઘુકથાઓમાં એમને કશી તંગી જણાઈ નથી. એમણે એમની કથાઓમાં પાત્રપસંદગી માટે કોઈ પૂર્વગ્રહભરી ગ્રંથિ કે છોછ રાખ્યો નથી અને સાહિત્યપદાર્થની ઉપલબ્ધિ માટે નિમ્ન કોટિની માન્યતાઓ, અંધશ્રદ્ધા, વહેમ, પરંપરાગત રિવાજ કે રસમનાં બંધન રાખ્યાં નથી. એમણે જાનપદી પ્રાકૃત પ્રજાની વાત પૂરી હેસિયતથી કરી છે એવી જ રીતે નાગરી પ્રજાના શિષ્ટ માન્ય વિચારો અને રિવાજોની વાત કરી છે. આ બધું પૂરા વૈભવ સાથે 'તેજ તિખારા' સંગ્રહમાં જોઈ શકાય છે. આ બધું એમણે કોઈ કુશળ શિલ્પીની હેસિયતથી ઝીણાં ટાંકણે લઘુકથાઓનાં શિલ્પ કંડારવા મથામણ કરી છે. આ રહ્યાં એમનાં સાધનરૂપ ઉપકરણો – સંગોપન (concealment), ગાળણ (Omission) સંકેત, કલ્પન (દશ્ય અને શ્રાવ્ય) પ્રતીક, વ્યંજના અને વિરામ ચિહ્નો – આ બધાં હથિયારોને ગિરિમાએ યથાસ્થાને ઉચિત રીતે કામમાં લીધાં છે.

લેખિકા કથારૂપ ઘટનાને સંવેદન પ્રેરક સાધન તરીકે રસનિષ્પત્તિ માટે ઉપયોગમાં લે છે. આમ એ કથાને કુશળતાપૂર્વક એની મર્યાદામાં રાખે છે. હીંચકો એનું ઉત્તમ ઉદાહરણ છે. ઘર બહાર છૂટી જગ્યામાં રાખેલો હીંચકો નાયિકા માટે રાહતજોગ બેઠકનું સાધન છે. આ હીંચકા

પર અવારનવાર બેસી રહેતો એક બિલાડો નાયિકા માટે ત્રાસરૂપ છે. એ ત્રાસના નિકાલ માટે એક વખત નાયિકા પીઠ પાછળ છુપાવી રાખેલી લાકડીને બિલાડા તરફ છૂટી ફેંકે છે. બિલાડો ભાગે છે ખરો, પણ થોડે દૂર જઈને આદતવશ ઊભા રહીને નાયિકા તરફ નજર માંડે છે. આ કથા નહીં, પણ એક સિચ્યુએશન. હવે લેખિકાના શબ્દો વાંચો ? 'એની આંખોના ભાવ જોઈને મને મારા સસરાની યાદ આવી ગઈ. ઘર છોડીને જતી વખતે એમણે છેલ્લી વાર આવી રીતે જ મારી સામે જોયું હતું !' અહીં બિલાડાની હકીકત એક જબરદસ્ત સંવેદનાનું રૂપ બનીને સસરાની વાત બની રહે છે અને ભાવકનું સારુંયે સંવેદનતંત્ર ઝંકૃત થઈ ઊઠે છે. કથામાં લેખિકાએ હીંચકા પર બેસનાર તરીકે બિલાડી નહીં પણ બિલાડો પસંદ કર્યો છે એ એક બહુ મહત્ત્વનો સંકેત છે. બિલાડા અને સસરાનું એકત્વ અહીં સૂચિત છે.

નાયિકાના લગ્ન પછી બે વર્ષ બાદ દીકરી વિપાના જન્મ પછી વિપા ડૉક્ટર બની અને એના સહકાર્યકર એક ડૉક્ટર સાથે ગળાડૂબ પ્રેમમાં પડી ત્યાં સુધીની સંગોપિત એક ટૂંકી વાર્તા અનિવાર્ય તક ઊભી થતાં એક પળ માટે ઉદ્ઘાટિત થઈને સંવેદનકથા, અર્થાત લઘુકથામાં પરિવર્તિત થાય છે તે 'ધક્કો' રચનામાં જોઈ શકાય છે. નાયિકાનો પતિ વિપાના જન્મ પછી લગભગ તરત એની એક સહ કાર્યકર સ્ત્રીના પ્રેમમાં પડ્યા પછી અલગ થઈને પરદેશ જઈને સ્થાયી થાય છે. નાયિકાએ વિપાથી આ વાત સાવ સંગોપિત રાખીને વિપા સક્ષમ તો પતિ અવસાન પામવાનું જૂઠાણું ચલાવ્યું છે. અને સંઘર્ષમય ભારે તકલીફ ભર્યાં વર્ષો વિતાવ્યા છે. પોતે જે કષ્ટમય જીવન ગુજાર્યું એવું જ કષ્ટમય જીવન સંતાનવાળી બીજી કોઈ સ્ત્રીના માથે થોપી રહી છે એ વાત નાયિકા દીકરી આગળ ભારે દુઃખ સાથે કહે છે. વિપા જેની સાથે પ્રેમમાં છે એ ડૉક્ટર પરણેલો છે અને એને એક સંતાન પણ છે. પરિસ્થિતિની આ એવી ક્ષણ છે જ્યાં વિપાને હૈયે ત્રણ તીવ્ર ભાવોનો સંગમ થાય છે. એક માતાએ ભોગવેલા કષ્ટમય વર્ષોનું દુઃખ બીજું પોતે માતાને અંધારામાં રાખીને કરેલો વિશ્વાસઘાત અને ત્રીજું પોતે એક સ્ત્રીને માતાની જેમ દુઃખમાં ઉતારી રહે છે.

માતાના નિવેદન પછી વિપુલ ઓઘરૂપે વિપાની આંખમાંથી વહી રહેલાં આંસુમાં ઊંચી સજ્જતા ધરાવતો સહૃદયી ભાવક આંસુના એક વહેણમાં કેલિડોસ્કોપિક રૂપમાં ત્રણ ભાવને નિહાળી શકે છે. ગુજરાતી સાહિત્યમાં પાણીદાર મોતી જેવી આ કથા દીર્ઘકાળ સુધી ચિત્તમાંથી ન ખસે એવી દીર્ઘજીવા છે.

કથા બાબતનો એક અનોખો સંયમ 'સાધુ' નામની રચનામાં જોવા મળે છે. 'સાધુ' કથામાં ઊંડા અને ગંભીર વહેણમાં ગતિ કરી રહેલી એક મર્મવેધી સંવેદન કથાને ટૂંકી વાર્તામાં પરિવર્તિત થતી થામી દઈને લેખિકાએ ટૂંકીવાર્તાના લઘુકથા પરનાં આક્રમણને ભારે કુનેહપૂર્વક અટકાવ્યું છે એ પ્રક્રિયા એક રોમાંચક ઘટના બની રહી છે. આરતી પોતાના ઘરના ઓટલા પર ઊભી છે. સામેથી આવી રહેલા એક સાધુને એ નિહાળી રહી છે. ૧૪ વર્ષ પહેલાં સાધુ બની ગયેલા પોતાના ભાઈ નિહાર જેવો જ આ સાધુનો દેખાવ છે. સાધુ નજીક આવતાં આરતીએ બે હાથ જોડીને નમસ્કાર કર્યા. સાધુએ એ નમસ્કાર ઝીલીને વળતો જરૂરી નમન પ્રતિભાવ આપીને પોતાની આગળ વધવાની ગતિ ચાલુ રાખી. સાધુ થોડાં ડગલાં આગળ વધ્યો ત્યાં એણે આરતીની કારમી ચીસ સાંભળી. સાધુનું દર્શન ન સાંખી શકનાર ઘરના પુરુષના આ અત્યાચાર સાધુ આરતીનો ભાઈ નિહાર હતો. પેલી કારમી ચીસે એના પગ થંભાવી દીધા. નાની બહેન આરતીના કોઈ તોફાન વખતે બા એને મારવા માટે હાથ ઉગામતી ત્યારે એ નિહારની કમરે હાથ ભિડાવીને એની પાછળ છુપાવાનો પ્રયત્ન કરતી. ચીસ સાંભળી સુધાના પગ અટકી ગયા. સાધુપણામાંથી સંસાર તરફ પગલું ભરવા દબાણ કરે એવી તીવ્ર વેદના ! આ સ્થિતિમાં સાધુ પરાવર્તિત થાય એ પહેલાં ઝીણાં ટાંકણે શિલ્પ કંડારી રહેલી લેખિકા વચ્ચે ખડી થઈ ગઈ ? સાધુ અસ્પંદ થઈને સ્થિર ઊભો રહી ગયો છે. સંવેદનકથા ટૂંકી વાર્તા બની શકી નથી. થોડી ક્ષણ પહેલાં સંવેદન કેન્દ્ર જે ઓટલા પર આરતીના હૈયે હતું એ ટ્રાન્સફર થઈને સાધુના હૈયે પહોંચ્યું છે.

લઘુકથામાં કથા (વાર્તા તત્ત્વ)ને એની મર્યાદામાં રાખવાની વાત બહુ મહત્ત્વની ખરી, પણ કૃતિમાં એની ઉપયોગિતા અથવા દાયિત્વને અવગણી શકાય નહીં. એના અસ્તિત્વ વિના લઘુકથાનું હોવું શક્ય નથી. ક્યારેક તો એ લઘુકથાના મુખ્ય આધાર અથવા પાયારૂપ બનીને કૃતિને સર્વાંગ સુંદર બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આનું ઉત્તમ ઉદાહરણ 'એ જ છે' લઘુકથા છે.

એક પ્રચંડ આઘાતજનક ઘટના-સિચ્યુએશન દ્વારા આ કથાનો આરંભ થયો છે. ચેતનાનો રાષ્ટ્રધ્વજમાં વીંટાયેલા મસ્તક વિનાના મૃતદેહને લાવવામાં આવ્યો છે. મસ્તક વિનાના દેહને જોઈને ચેતના આઘાતથી છળી ઊઠે છે. એ ચિદ્દભ્રાન્ત થઈ જાય છે. ઉન્માદ, ઉશ્કેરાટ અને ભ્રાન્ત સ્થિતિમાં એને ઘરના એક રૂમમાં બંધ રાખવી પડે છે. ચેતનાના મનમાં એક એવી ચુસ્ત ભ્રમણા ઘર કરી ગઈ છે કે પતિ ગૌરાંગ અવશ્ય ઘેર પાછો ફરશે. એક દિવસ ડોરબેલ વાગતાં ગૌરાંગ આવ્યો સમજીને પ્રતિક્ષિપ્ત પ્રક્રિયા હેઠળ જાણે, ચેતના હડબડાહટ કરતી ખુરશી પરથી ઊઠીને બારણા તરફ ધસે છે. આજે બારણું ખુલ્લું રહી ગયું છે એટલે એ બહાર નીકળી શકી છે. પણ એ જ વખતે રસોડામાં કામ કરતી રીમા સફાળી ઊભી થઈને બહાર આવીને, ચેતના દરવાજા સુધી પહોંચે એ પહેલાં એને પકડી લઈને અંદરના એક રૂમમાં પૂરી દે છે. ડોરબેલ વગાડનાર પોસ્ટમેન રજિસ્ટર્ડ ટપાલની ડિલિવરી માટે આવેલો હતો. 'માફ કરજો' કહી રીમા ટપાલ લઈને ફરી પાછી રસોડામાં દુઃખી હૈયે આંખોમાં આંસુ સાથે રોટલી કરવા લાગે છે. તે દરમિયાન રૂમમાં બંધ થયેલી ચેતના બારણું ખખડાવતી આર્જવભરી કાકલૂદી કરતી હોય એમ કહે છે, 'ખોલોને ભાભી, એ જ છે, એ જ છે...' માત્ર ભ્રમણા પર રચાયેલી આ લઘુકથા આચરણ (Behaviour)ની કથા છે. કથામાં બે પાત્રો છે. એ બંને વચ્ચે એક શબ્દનો પણ સંવાદ નથી. આખી કથામાં માત્ર બે ઉક્તિઓ છે રીમા ટપાલીને કહે છે, 'માફ કરજો' અને ચેતના બોલે છે, 'ખોલો ને ભાભી, એ જ છે, એ જ છે' આખી કથા મૌન વાતાવરણમાં વહે છે. લેખિકા થકું પણ કશું જ કહેવાયું નથી પાત્રોનું આચરણ પણ મર્યાદિત છે. ડોરબેલ વાગે છે ત્યારે બારણાને ધક્કો મારીને ચેતના મુખ્ય બારણા તરફ ધસે છે. અને એ જ વખતે રીના રસોડામાંથી નીકળીને ચેતનાને અંદરના રૂમમાં બંધ કરી દે છે. ચેતના આર્જવભરી વિનંતી કરે છે. બંને સ્ત્રીઓના આચરણ વિરોધાભાસી છે. રીમાનું નર્યું સાચું માનવજીવન છે. સ્મૃતિના કારણે દુઃખી છે અને આંસુ સારે છે. ચેતનાના ઉન્માદ અને ઉશ્કેરાટ ભર્યા આચરણમાં રોજિંદા માનવજીવનનું દર્શન નથી. અહીં જરા થોભો. ચેતનાનું વર્તન જે આ લઘુકથાનું વસ્તુ છે એ ખરેખર સાચું માનવીય વર્તન નથી ? કે એ છેલ્લી કોટિની માનવીય લાગણીનું પ્રદર્શન છે ? ભાવકની સજ્જતાની કસોટી અહીં છે. આ કસોટીમાં રાણી એલિઝાબેથના સમયના કવિ ટેનિસનની, 'Home they brought her warrior dead' યાદ આવે તો નવાઈ નહીં. યુદ્ધમાં હણાયેલા પતિનો મૃતદેહ સ્ત્રીની સામે છે. સ્ત્રી જડવત્ થઈ ગઈ છે. એની સ્થિતિ એ હદે પહોંચી કે 'She must weep or she will die' યુદ્ધમાં માણસ હણાય એ સાધારણ સ્થિતિ ગણાય. કાવ્યની સ્ત્રી માટે આ સાધારણ સ્થિતિ કહેવાય જ્યારે ચેતના માટે પતિનો મસ્તક વિનાનો દેહ અસાધારણ ગણાય. એ દૃષ્ટિએ ચેતનાનો ઉન્માદ માનવીની સાચી લાગણીનો ઉછાળ ગણાય લાગણીનો ધસમસતો ઓધ ! ઝીણા ટાંકણે કંડારાયેલા આ કથા શિલ્પનું લાઘવ લેખિકાના ઉચ્ચ કલાકસબનું દ્યોતક છે.

આ લઘુકથામાં લેખિકાએ વિવિધ પ્રયુક્તિઓ દ્વારા શૈલીમાં ધ્યાનાર્હ શાલિનતા દાખવી છે. ગૌરવના દેહને કથાની ઘટના રૂપે સીધો રજૂ કર્યો નથી. એને રસોડામાં આંસુ સારતી રીમાના સ્મરણમાં આલેખ્યો છે. દેહ સાથે મસ્તક ન હોવાની પાછળની ભારત-પાકિસ્તાન સરહદ પર પાકિસ્તાન સૈનિકોની બર્બર રાક્ષસી કૃત્યની સઘળી હકીકત સંગોપિત રાખી છે. ગૌરવના શરીર ઉપર વીંટાયેલો રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રે ગૌરવ આપેલી અંજલિ વ્યંજના રૂપે વ્યક્ત થઈ છે. 'બારણું આજે જ ખુલ્લું રહી ગયું' શબ્દોમાં 'આજે શબ્દ એક સંકેત રૂપે મુકાયો છે. એ શબ્દ સૂચવે છે કે ચેતનાને રોજ એક રૂમમાં બંધ રાખવામાં આવતી હતી રીમા અને ચેતના વચ્ચેનું સગપણ ક્યાંય કહેવામાં આવ્યું નથી એટલે કે omit થયું છે. ચેતનાને વિનંતીવાળા શબ્દોમાં એ ઉદ્દઘાટિત થાય છે. ચેતનાની ઉક્તિ કથકના પ્રસ્તાવ સિવાય સીધી અવતરણ ચિહ્નો વચ્ચે જ મૂકીને શૈલીનો મેદ ઘટાડ્યો છે. આમ બિનજરૂરી વાઘા વગરની આ રચના ભાવકની પ્રસન્નતાનું કારણ બની છે.

સંગ્રહમાં સ્વતંત્ર અવલોકન લેખ માંગે એવી રચનાઓ છે. 'દોરી' એમાંની એક ગણી શકાય. કલકલ મધુર નાદ સાથે વહેતા ઝરણા જેવી એ પ્રસન્નતાથી છલોછલ કુટુંબકથા છે કશો સંતાપ નહીં, કશી ફરિયાદ નહીં ! આ અદ્દભુત પ્રેમમય સંગઠનની વાત લેખિકાએ ઘણાં ભીનાં કપડાં સૂકવવાની ઘટનાનો આધાર લઈએ એક જ દોરી પર વ્યંજના દ્વારા જીવનરહસ્ય નિર્દેશિત

કરીને આટોપી છે. કથાના કેન્દ્રમાં સુનીતા છે. એણે એક દોરી પર સ્ત્રીનાં કપડાં સૂકવ્યાં અને દોરી તૂટી ગઈ ! સાસુએ કામ હાથમાં લઈને સુનીતાનું ધ્યાન દોર્યું. કપડાં ફરી તારવવાનું અને નવી દોરી પર સુકવવાનું કામ આરંભાયું. આ દરમિયાન દિયર, નણંદ અને ઘરનાં માણસોમાં એમની વિવિધ જરૂરિયાતો પૂરી કરવા માટેની સુનીતાને અનુલક્ષીને માગણીઓ થવા લાગી. દોડાદોડ કરીને સુનીતા એ સૌના માગણીને સંતોષતી રહી થાકી ગઈ, હાંફી ગઈ, ખુરશી પર બેસી પડી. કશી ઢીલાશ નહીં, એ જ પ્રસન્નતા ! પતિ વિવેકની પત્ની પ્રત્યે પૂરી સહાનુભૂતિ હતી. કથાના અંતમાં વિવેકની ઉક્તિ, આ સમયે બધાંને સમજાયું કે આ ઉક્તિમાં સહૃદયી ભાવક એક ઉત્તમ વ્યંજનાનો અનુભવ કરે છે.

'મોટી છું' સંગ્રહની એક આગવી વિશેષતા ધરાવતી રચના છે. જેની વ્યાખ્યા ન કરી શકાય એવી અતિ સૂક્ષ્મ લાગણીઓ અથવા અનુભૂતિઓનું વાહન લઘુકથા બની શકે. અહીં એવી એક સૂક્ષ્મ અનુભૂતિને લેખિકાએ આ રચનામાં ઉતારી છે. માણસ મુશ્કેલીમાં હોય ત્યારે કોઈ અજાણી શક્તિ એકાએક એની મદદે આવી પહોંચે છે. અહીં એવી એક અજાણી શક્તિ એક સાથે બે વ્યક્તિઓની મદદે આવી પહોંચે છે. ઇશી સાડા પાંચ વર્ષની છોકરી છે. એ પોતાનો સ્કૂલ યુનિફોર્મ પણ જાતે પહેરી શકતી નથી. મમ્મી એને રોજ તૈયાર કરીને સ્કૂલે મોકલે છે અને સ્કૂલેથી લઈ આવે છે. પણ હવે મમ્મીએ નોકરી સ્વીકારી છે એટલે આ કામ પોતે કરી શકે એમ નથી. આ કામ હવે પોતે કરશે એવું દાદીમા મક્કમ અવાજે કહે છે. ઇશીને દાદરેથી નીચે ઉતારવાનું એક અઘરું કામ પણ આમાં ખરું. એ કામની ખરેખર પળ આવી ત્યારે વૃદ્ધ દાદીમાને ખુરશીમાંથી ઊભા થવાનું પણ મુશ્કેલ જણાયું. ઇશીએ દાદીમાની આ સ્થિતિ જોઈ અને એકાએક 'હું મોટી છું' શબ્દો સાથે સડસડાટ દાદરો ઊતરી ગઈ ! કૃતિમાં નોકરી સ્વીકાર્યા પછી ઈશીને સ્કૂલે જવા માટે તેને તૈયાર કરવા સંદર્ભનો મા-દીકરીનો સંવાદ અત્યંત મીઠો અને લાંબા સમય સુધી ભાવકના કાનમાં ગુંજતો રહે એવો છે.

'મમ્મી, તું જા ને, એક વિશિષ્ટ પ્રકારના સંવેદનની ખૂબ સરસ રચના છે. સોનલે દીકરા દેવજને સ્કૂલે મૂક્યો ત્યારે એ પંદર દિવસ સુધી રોજરોજ ભેંકડો તાણીને આખી સ્કૂલને ગજવી મૂકતો હતો. પણ દીકરીની બાબતમાં એથી ઊલટું બન્યું. દીકરી આરોહીને સ્કૂલે પહોંચાડ્યા પછી એ રડતી નહોતી. સ્કૂલમાં ખુશીથી પ્રવેશી જતી. આમ છતાં સોનલ થોડી વાર સ્કૂલ બહાર ઊભી રહેતી. આરોહી રડે છે કે કેમ એ જાણી લેવા સ્તો ! પાંચમે દિવસે તો આરોહીએ પાછા ફરીને બહાર ઊભી રહેલી મમ્મીને કહ્યું : 'મમ્મી, તું જા ને હવે ! સંવેદનની ક્ષણ દીકરીએ મને આમ કહ્યું એ તો ખુશી થવાની વાત હતી. પ્રસન્ન થવાને બદલે સોનલ કોઈ પ્રચ્છન્ન લાગણી ઉદ્વિગ્ન થઈ ગઈ. છોકરીએ પોતાના આપ્તજનોથી છૂટા થવાની એ પરંપરાગત રસમ યુગોથી ચાલી આવી છે. અત્યારે આરોહીએ જે કહ્યું એમાં એના ચિત્ત ઉપર પેલી પરંપરાની લેશમાત્ર છાપ નથી. પણ મનની ગતિ કેવી અકળ છે ! અહીં વિદાયની વાતનું આલંબન મનની વિશિષ્ટ ભાવ પરિસ્થિતિ દ્વારા ગહરા સંવેદનનું કારણ બન્યું છે. લઘુકથા સૂક્ષ્મ સંવેદનનું કારણ કેવી રીતે બને છે તેનું આ રચના એક સરસ ઉદાહરણ છે.

'ક્યાં જાઓ છો ?' લઘુકથા વળી એક અનોખા પ્રકારના સંવેદનની કથા છે. કંઈક જુદું જ કહેવડાવે એવી વિરોધાભાસી પરિસ્થિતિમાં કોઈ કુમળા અંકુરની જેમ 'ક્યાં જાઓ છો ?' કહેવડાવતી આત્મજ લાગણીની આરંભથી અંત સુધી સંવેદનથી છલોછલ આ કથા છે. એક પ્રચલિત વહેમના આધાર ઉપર રચાઈ હોવા છતાં એનું ગઠન એક શિષ્ટમાન્ય સાહિત્યકૃતિ જેવું બની રહ્યું છે.

'હવે શો વાંધો ?' પણ એક સમયના પ્રચલિત વહેમ પર રચાયેલી સામાન્ય કથા છે અને 'હક' એક પરંપરાગત સામાજિક રસમ પર રચાયેલી કૃતિ છે. પરંપરા પર રચાયેલી આ લઘુકથા પ્રથમ દૃષ્ટિએ સામાન્ય લાગે, પણ એમાં રસભરી કથા સાથે મનુષ્ય સ્વભાવનું એક નવલું રહસ્ય જોવા મળે છે. કથામાં એવી પરંપરાની વાત છે કે સ્ત્રી જ્યારે અવસાન પામે ત્યારે મરણ વખતે એણે પહેરેલાં આભૂષણ એની દીકરીને મળે. આ કથામાં શરીરના ચેક-અપ માટે માએ પોતે પહેરેલાં ઘરેણાં કાઢી નાખેલાં છે. મેક-અપ માટે દીકરી મદદમાં છે મેક-અપનું કામ પૂરું થયા પછી મા સાફસૂફી માટે બાથરૂમમાં જાય છે. બહાર નીકળતી વખતે એનો પગ લપસે છે અને ભારે ઇજાના કારણે મા બેભાન બનીને કોમામાં સરી પડે છે

એ વખતે દીકરી માની સારવારમાં પડી જવાને બદલે માને પેલાં કાઢી નાખેલાં ઘરેણાં પહેરાવવા મંડી પડે છે. અનોખું સંવેદન અને કથાની મીઠાશ જબરી.

સંગ્રહમાં શિશુ તેમ જ કિશોર-કિશોરીઓની કેટલીક રચનાઓ છે. એ અંગે 'નિશાળ'નો નિર્દેશ અગાઉ થયો છે. 'મોટી છું' વિશે વિગતે કહેવાઈ ગયું છે. આ ઉપરાંત 'હારૂ કર્યું ને ?' 'પતંગ' 'વાંકી રેખાઓ' છોડ અને ઢીંગલી તેમજ 'પ્રત્યાઘાત' આ પ્રકારની કથાઓ છે. 'પ્રત્યાઘાત' સંવેદન કથા નથી પણ એ એક તર્ક કથા છે. નવજાત શિશુને જોયા પછી માતાને જે દુઃખ થાય છે તે કથાનું સંવેદન નથી, એ તો જિંદગીભરનું દુઃખ છે. કથાનું વસ્તુ આ નવજાત શિશુ પહેલાં જન્મેલી અર્થાત એનાથી થોડી મોટી પાંખડીની વાતમાં રહેલું છે. જન્મથી જ પાંખડીની આંખો નબળી છે. તાજા જન્મેલા શિશુના કાનના સ્થાને કાનના બદલે લટકતી ચામડીની પડદીઓ છે. નાની પાસે રહેતી પાંખડી એના આ કાન વિનાના ભાઈને જોશે ત્યારે એનો કેવો પ્રત્યાઘાત હશે એ વાતનો વિષય છે. હવે પ્રત્યાઘાત કેવો છે તે જુઓ. ભાઈને જોયા પછી કોઈ આઘાત અનુભવવાને બદલે, ભાઈને ચશ્માં પહેરવાની તકલીફ નહીં રહે એમાં આનંદની લાગણી વ્યક્ત કરે છે તર્કને સમય જોઈએ છે. વિચાર કરવાનો ગાળો પાંખડીના બોલમાં તત્ક્ષણનો પ્રત્યાઘાત નથી. એણે પોતાની જાતને મૂકી જોઈ છે અને આ અભિપ્રાય વ્યક્ત કર્યો છે. કથામાં સંવેદન નહીં, પણ માનવજીવનનું એક સરસ રહસ્ય પ્રગટ થયું છે. 'છોડ'માં બાળમાનસનું મનોહર આલેખન છે અને બાળઉછેર અંગેનો આડકતરો નિર્દેશ પણ છે. આ બધી બાળ-ઉછેરના સંદર્ભની કથાઓમાં 'વાંકી રેખાઓ' પાણીદાર મોતી જેવી સર્વાંગસુંદર રચના છે. એક રીતે કહીએ તો એ મલ્ટીપલ સંવેદનની કથા છે.

જેની સાથે હવે કશો સંવાદ ન કરી શકાય એવી, જીવનની છેલ્લી ઘડીઓ, બલ્કે, ક્ષણો વખતે બેભાન હાલતમાં સૂતેલા છ વર્ષના દીકરા મયનની હાલતથી મંજુ મહેતા છલકાતી આંખે ગાઢ વેદનામાંથી પસાર થઈ રહ્યાં. દીકરો સીધી લીટી દોરી શકતો ન હોવાના કારણે દીકરાના હાથ પર ફૂટપટ્ટીથી માર માર્યાનો તીવ્ર અપરાધ ભાવ અત્યારે અનુભવી રહ્યાં છે. અને પોતાના એકાંગી અને જડ વલણ માટે પાર વિનાનો પશ્ચાત્તાપ એમના ચિત્તને ઘેરી રહ્યો છે. અને પથારી પાછળ મૂકેલા મોનિટરના સ્ક્રીન પર વાંકી રેખાઓને હવે સીધી થવા લાગેલી જોઈને ચારે તરફના સંતાપથી ઘેરાયેલાં મિસિસ મહેતા બોલી ઊઠ્યાં : 'મયન, બેટા પ્લીઝ, વાંકી રેખાઓ દોર, દોર્યા કર, દોર્યા કર, ફરીથી કોઈ દિવસ તને સીધી રેખા દોરવાનું નહીં કહું.' પણ કરુણની પરાકાષ્ઠાએ પહોંચીને વ્યંજનાત્મક રીતે રેખાઓ સીધી થઈ ગઈ ! ગ્રંથની આ એક ઉત્તમ લઘુકથા ! આ લઘુકથા અંગે ભાવકને એક પ્રશ્ન થાય – લેખિકાએ પૃથ્વી પરના ચોમેર વાંકાપણાનું વર્ણન કર્યું છે એનો કથા સાથે શો સંબંધ ? પ્રશ્ન સાવ સ્વાભાવિક છે. ભાવકના આ પ્રશ્નનો જવાબ આ લખનાર પાસે છે. એ સાવ સાચું છે કે પૃથ્વી પરના વાંકા પરિવેશને આ કથા સાથે કશી નિસબત નથી પણ કથાને લાગેવળગે છે ત્યાં સુધી એનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. એ Back-Dropના સ્થાને છે. શિલ્પને ઉઠાવ મળે એ માટે એની પાછળ છીપ આકારની અથવા થોડા ચોરસ મીટરની દીવાલની રચના. આ રચનાના કારણે દ્રષ્ટાની નજર શિલ્પ પાછળની ભૂલ પર ન ફરતી રહેતા શિલ્પ પર મંડાયેલી રહે છે.

'નિશાળ' એક વિશિષ્ટ પ્રકારની સંવેદન કથા છે. સંવેદન દુઃખદ જ હોય એવું નથી. કોઈ પણ પ્રકારની લાગણી સંવેદનનું જ રૂપ છે. ભલે તે હર્ષ હોય, રોષ હોય, ભય હોય, કરુણા હોય. ગમે તે પ્રકારની લાગણી સંવેદન છે. 'નિશાળ' ઉમંગની લાગણીની કથા છે. ગંદા વિસ્તારની બે કિશોરીઓની આ વાત છે. એમને અભ્યાસ માટે નિશાળમાં દાખલ થવાનું મળ્યું નથી પણ નિશાળનો એક પ્રકારનો સહયોગ મળ્યો છે. નિશાળ આગળ બેસીને એ બંને કિશોરીઓ શાળાનાં બાળકોને જરૂરી વસ્તુઓ વેચીને 'બે પૈસા' કમાય છે. વૅકેશન પૂરું થતાં નિશાળ ઊઘડવાનું જાણ્યા પછી આનંદમાં આવી જાય છે.

'હારૂ કર્યું ને ?' જુદા પ્રકારના આનંદની લાગણીની કથા છે. માનસિક તાણ (ટેન્શન)માંથી છુટકારો પામ્યાની એ કથા છે. એક કિશોર ટ્રાફિક સિગ્નલ આગળ લાલ બતી થતાં થોભી ગયેલાં વાહનોના ઝમેલામાં દોટમ-દોટ ઘૂમતા રહીને ચૉકલેટ જેવી પરચૂરણ વસ્તુઓ વેચે છે. એક વખત આ દોડાદોડમાં અકસ્માતે એનો પગ ભાગે છે. અને હવે આ કપરું કામ કરવું નહીં પડે એનો એને આનંદ છે.

'હવે શો વાંધો ?' આ એક જાનપદી વહેમની કથા છે સંગ્રહની બાળ/કિશોર કથાઓમાં એકનો ઉમેરો

સર્જકની પસંદગીના વિષય વૈવિધ્યના કૌશલની યાદ અપાવતી કથા છે.

સંગ્રહમાં ઉપર જેના વિશે કહેવાયું એ બાળ/કિશોર કથાઓ ઉપરાંત 'પતંગ'માં મરણતોલ અકસ્માતમાં ઘવાયેલા કિશોરની કથા છે બાળકના પિતાનો, સંવેદનમાંથી બહાર નીકળી જઈને લીધેલો વાસ્તવિક દૃષ્ટિ સાથેનો નિર્ણય કથાનું ધ્યાનાર્હ પાસું છે.

'છોડ' કથામાં બાળમાનસનું સરસ આલેખન છે. તે ઉપરાંત આડકતરી રીતે બાળઉછેરની વાત સારા પ્રમાણમાં કહેવાઈ છે. 'ભૂલી ગઈ'નું કથાબીજ તો એક બાળકના વિષયનું છે પણ રચના વળાંક લઈને છોકરાના માતાપિતાના પ્રચંડ રોષનું રૂપ ધારણ કરી બેઠી છે. બા પોતાને સ્કૂલેથી ઘેર લેવા આવવાનું ભૂલી ગયાં અને પોતે એકલો ઘેર આવી ગયો એવું ચિન્ટુએ માધુરી અને રોહિતને કહ્યું ત્યારે ખરેખર પ્રસન્ન થવાને બદલે એ બંને ગુસ્સે થઈ ગયાં. બેફામ કડવી વાણીમાં ગમે તેમ બોલ્યા કર્યું અને રાત્રે જમવા પણ બોલાવ્યાં નહીં. આઘાતથી બાએ પ્રાણત્યાગ કર્યો. આ લઘુકથામાં ભારે માત્રામાં ઔચિત્ય વીસરી જવાયું છે એ કહેવું રહ્યું.

સંગ્રહની શિશુ-કિશોર ગ્રૂપની કથાઓમાં મૂકી શકાય એવી 'ઢીંગલી' રચના કરુણાસભર સંવેદનથી છલોછલ એક ઉત્તમ રચના છે. ૧૬ વર્ષની વ્યોમા એક અસાધ્ય રોગથી પીડાઈ રહી છે. અને એના પિતા એના ઇલાજ માટે એને અમેરિકા લઈ જવાની તૈયારી કરી રહ્યા છે. વ્યોમા આ ઉંમરે પણ કોઈ પીઢ વ્યક્તિ જેટલી સમજ ધરાવે છે. પિતા પોતાના માટે ખૂબ ખર્ચમાં ઊતરે એવું વ્યોમા ઇચ્છતી નથી. પિતા-પુત્રી વચ્ચેનો સંવાદ મર્મવેધક છે. લાંબા સમય સુધી ન ભુલાય એવી આ સાહિત્યકૃતિ છે.

અવનવા અથવા ઓછા જાણીતા વિષયોને લઘુકથાઓના વસ્તુ રૂપે ઊંડળમાં લેવાનો ગિરિમાનો એક વિશેષ છે. સોશો એમાંનું એક વસ્તુ છે. રોબોટ - એક યાંત્રિક માનવ. તાજગીસભર અને મનને હળવું કરી મૂકે એવી આ અમાનવ કથામાં માનવીના સ્વભાવનું રહસ્ય ગિરિમાએ સરસ રીતે આલેખ્યું છે. માણસનું રેઢિયાળપણું, કામમાંથી છટકવાની સફાઈભરી રીત, ચલમ ફૂંકવા માટે લાગ જોઈને શેઢા પર બેસી જવાની માણસની રીત સોફા પર ગોઠવાઈ ગયેલા સોશામાં બરાબર બંધ બેસતી બની છે. 'સંવાદ' પણ એક અજાણ્યા અને નવતર લાગે એવા વિષય-વસ્તુ પર લેખિકાએ મનુષ્યના સ્વભાવની વાત કરી છે. સદાબહારપણું ઝંખતો માણસ અરીસાના માધ્યમ દ્વારા પોતાના માસ્ટર સેન્ટીમેન્ટ સાથે વાત કરી રહ્યો છે. સંવાદ તો સ્ત્રી કરે છે પણ એના રૂપમાં માણસ બોલી રહ્યો છે.

'જન્મ'માં બે વિરોધાભાસી પરિસ્થિતિઓની સહઉપસ્થિતિમાં એક માનો જન્મ તો ઠીક, પણ ખરેખર એક સ્ત્રીનો જન્મ થયો છે.

એક તરફ સ્મૃતિ પારના યુગોથી (From times immemorial) સ્ત્રીની માતા બનવાની જન્મજાત તીવ્ર એષણા અને બીજી તરફ કારકિર્દી બનાવવાનો મોહ. આધુનિક સમયમાં આ મોહ પેલા જન્મજાત એષણા પર હાવી બનીને એને ગૂંગળાવતો રહ્યો છે. આ કથામાં શ્રુતિ સામે નોકરીમાં મોટી તકો રહેલી છે. જે કંપનીમાં એ નોકરી કરે છે એમાં એના માટે એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બનવાનું લગભગ નિશ્ચિત છે. આ બે પરિસ્થિતિઓ વચ્ચે કેટલોક સમય તો શ્રુતિએ દોલાચલ વૃત્તિનો અનુભવ પણ કર્યો. પણ આખરે પ્રસૂતિ પછી નવજાત શિશુના દર્શને મૂળભૂત એષણાને વિજય અપાવ્યો. સ્વસ્થ શૈલીએ લખાયેલી આ લઘુકથા એક આકર્ષક કૃતિ બની રહી છે. 'રસ્તો' લઘુકથા સામાન્ય વાચકો માટે ખૂબ આકર્ષણરૂપ બની જણાય છે. કથા આકર્ષણરૂપ ભલે હોય, પણ એના વાચન વખતે ભાવકના મનમાં કથાના ઔચિત્ય વિશે કોઈ પણ પ્રશ્ન ન થાય એ જરૂરી છે. લઘુકથા જિવાતા જીવનના એક સંપૂર્ણ અંશ જેવી હોય. 'રસ્તો' વાંચતી વખતે ઊંચી સજ્જતા ધરાવતા ભાવકના મનમાં કેટલાક પ્રશ્નો ઊઠે છે. રસ્તાની ધાર પર ઊભા રહીને ઠીકઠીક સમયથી રાજીવની જેમ બીજો આદમી એની જેમ રસ્તો ઓળંગવા માટેની તકની રાહ જોતો ઊભો હતો. રાજીવ એનો હાથ પકડી લઈ શકે એટલો નજીક એ હતો. લેખિકાએ ફક્ત રાજીવની જ કથા કેમ માંડી ? બાજુમાં ઊભેલા માણસનો હાથ મોઢું ફેરવ્યા વગર આસાનાથી પકડી લઈ શકાય ખરો ? સાથી અંધ માનવીની સફેદ લાકડીનો ટક ટક અવાજ સંભળાયો. રસ્તો ઓળંગવા દરમિયાન એ ન સંભળાયો ? અરસપરસ આભાર માનવાની પ્રક્રિયા સમજાય એવી નથી. રસ્તો તો રાજીવ ઓળંગાવ્યો, એણે આભાર કયા નિમિત્તે માગવાનું વિચાર્યું ? 'રસ્તો' અંગે અભિપ્રાય બાંધતી વખતે ભાવકે

જરાક થોભવા જેવું ખરું. 'આઈ.સી.યુ.' કથા માત્ર ગોઠવણીપૂર્વક રચાઈ હોય એમ લાગે છે. તબિયત 'બ્લડપ્રેશર'ના સાચ અંગે ઔચિત્ય જળવાયું નથી.

કથા સાહિત્યમાં લગ્નેતર સંબંધોનો વિષય પૂરેપૂરો ચવાઈ-ચુંથાઈ ગયો હોવા છતાં સનાતન હોય એમ ઘણા સમયથી ગુજરાતી કથાઓમાં આલેખાતો રહ્યો છે. એ જ વિષયને ગિરિમાએ એક નવા વિષયના દેખાવમાં જુદા રૂપ અને સ્વાંગમાં એક નવા જ કલેવર સાથે ડી. એન. એ. લઘુકથામાં ઊતાર્યો છે. પારુલ એક અદ્યતન લેબોરેટરીમાં કામ કરે છે. પિતાની નાદુરસ્ત તબિયતને કારણે એમનો ડી.એન.એ. ટેસ્ટ લીધો અને જાણે આકાશમાંથી વીજળી પડી ! પિતાનો આ રીપોર્ટ પોતાના ડી.એન.એ. સાથે બંધ બેસતો નહોતો ! લઘુકથાના આરંભની આ ક્ષણ. રોષથી ઉકળી ઊઠાય એવી હકીકતના સ્ફોટની આ પળ અહીં લઘુકથાના વિકાસ માટે સ્પષ્ટ એવા બે માર્ગ-ચિત્તમાં ઉકળતા રોષને દાબી દઈ, એનું ગળું ઘોંટી દઈને પારાવાર વેદના સાથે વ્યભિચારી મા સાથે દિવસો પસાર કરવા, ગળું મરડીને વેદના રૂપે હૈયામાં ઢબૂરી રાખેલો રોષ, એની વેદના મા ના અવસાન પછી પણ પોતાના છેલ્લા શ્વાસ સુધી શમવાની નથી. [દાબેલો રોષ શું છે એ જાણવા જિજ્ઞાસુ ભાવકે મોમ્પાસાની વાર્તા વાંચવી.] પારુલે પેલા રોષનો માર્ગ પસંદ કર્યો અને ડી.એન.એ. લઘુકથા સંગ્રહની શ્રેષ્ઠ કૃતિ હોવાનું પદ ચૂકી ગઈ !

'દોડે છે જિંદગી' એક સરસ પ્રેરણાકથા છે. જિંદગીની સાચી વ્યાખ્યા આપતો મિલિન્દ એના મિત્રની આંખમાંના આંસુને હર્ષના આંસુમાં ફેરવી શક્યો છે.

ગિરિમાએ 'તેજ તિખારા'માં માણસની ઓળખ સારી રીતે આપી છે જ. એમની પાસે વિષય અને વસ્તુનો તોટો નથી. લખાવટની શૈલી શાલીન છે. કલાની દ્રષ્ટીએ આપણને અદકેરી કૃતિઓ મળ્યા કરશે એવી શ્રદ્ધા છે.

**મોહનલાલ પટેલ**
૫૦૧ / ૨૧, સત્યાગ્રહ છાવણી
સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫
મો. ૯૯૦૪૪૮૦૫૨૨

# સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિ

**ચંદ્રકાન્ત શેઠ**

સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિ – આ ત્રણેય પરસ્પરાવલંબી છે. સમાજ અને સંસ્કૃતિના વિકાસમાં સાહિત્યનો ઘણો મહત્ત્વનો ફાળો રહેલો છે. સાહિત્યના ઉદ્‌ભવ તેમ જ તેના વિકાસ-વિસ્તારમાં સમાજ તેમજ સંસ્કૃતિનો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતનો ફાળો સતત રહ્યો છે.

સાહિત્યનું ઉપાદાન ભાષા છે. ભાષા એટલે બે જણ – વક્તા અને શ્રોતા. 'સાહિત્ય'ના મૂળમાં 'સહિત' શબ્દ છે. 'સહિત' એટલે સાથે. 'સાહિત્ય'માં શબ્દ તેમજ અર્થનું સહિતત્વ તો જોઈએ જ, સર્જક અને ભાવકનું પણ જોઈએ જ. સર્જનના શબ્દની સાર્થકતા ભાવનક્ષમતાએ પહોંચે ત્યારે જ પ્રતીત થાય છે. સાહિત્યના જેવી ભાષાની એક આહ્‌લાદક ઘટનામાં પ્રારંભે સર્જક છે. પ્રસ્થાનબિંદુ સર્જક છે; લક્ષ્યબિંદુ ભાવક છે. આ બે બિન્દુને સાંકળતો ભાષાનો સર્જનાત્મક હ્‌લાદૈકલક્ષી વ્યાપાર-વ્યવહાર તે સાહિત્ય. જેમ ધનાત્મક ને ઋણાત્મક વીજપ્રવાહનું જોડાણ થતું નથી ત્યાં સુધી વીજગોળામાં પ્રકાશ થતો નથી તેમ સર્જકચેતનાને ભાવકચેતનાનું સાહિત્યના બળે સંધાન-જોડાણ થતું નથી ત્યાં સુધી અસ્તિત્વની સાર્થકતાના દ્યોતક આનંદનો પ્રસવ થતો નથી. ઉમાશંકરે વીજળીની સર્કિટનું દષ્ટાંત આપી સાહિત્યમાં સર્જક તેમજ ભાવકચેતનાના સેતુબંધની અનિવાર્યતા ચીંધી છે.

જેમ વ્યક્તિ અને સમાજ તેમ સાહિત્યમાં સર્જક અને ભાવકને બે અલગ હસ્તીઓ માનીને ચાલી શકાય; પણ સાહિત્યના સર્જન-ભાવનના અનુભવમાં ઊંડે ઊતરતાં એવું સમજાય છે કે સર્જકમાં ભાવક ને ભાવકમાં સર્જક હોય એવી પણ એક ભૂમિકા વિચારવી જોઈએ. આપણે વ્યક્તિને સમાજથી અલગ પાડીએ છીએ, પરંતુ વ્યક્તિ અન્યથા જોઈએ તો, સમાજના એક ભાગરૂપ પણ છે.

વ્યક્તિના મનોઘડતરમાં – એના ચારિત્ર્યઘડતર – રુચિઘડતર - સ્વભાવઘડતર વગેરેમાં – એના જીવનઘડતરમાં કોઈક ને કોઈક રીતે એની આસપાસના વાતાવરણનું, એનું આનુવંશિક ને સાંસ્કૃતિક પરંપરાનું, એ જે સમાજમાં ઊછર્યો ને વિકસ્યો હોય તેનું ખૂબ મહત્ત્વનું પ્રદાન હોય છે. Man is a social animal – એમ જે કહેવાય છે તે અનુભવોક્તિ છે. મનુષ્ય એટલે સમાજ નહીં, પરંતુ મનુષ્યમાં તો કેટલેક અંશે સમાજ વરતાવાનો જ. મનુષ્યનું સમાજનિરપેક્ષ હોવું મુશ્કેલ છે – કહો કે, અશક્ય છે. રોબિન્સન ક્રૂઝોની કલ્પના કરી શકાય, પણ છેવટે વાસ્તવિકતા સ્વીકાર્યા વિના રહી ન શકાય.

'एकोऽहम् बहुस्याम्' - એ જેમ ઈશ્વરલીલાનું, તેમ સર્જનલીલાનુંયે રહસ્ય છે. સર્જક તો એક, ભાવક અનેક. પોતે જ પોતાનો રસ માણવા એકમાંથી અનેક થાય. સર્જકનું મનોગત અનેક ભાવકોમાં સંક્રાન્ત થઈને તેની આસ્વાદ્યતા સિદ્ધ કરે, બઢાવે. સાહિત્યનો શબ્દ સર્જકના મુખમાંથી પ્રગટ્યા પછી કંઈ દીવાલ સામે અથડાતો – પડઘાતો નથી; એ ભાવકોની હૃદયગુહામાં પહોંચીને તેના પડછંદા પાડતો હોય છે. સર્જકનો શબ્દ ભાવકનો – ભાવક-સમુદાયનો શબ્દ બની રહે છે. સર્જક-વ્યક્તિનો શબ્દ ભાવક-સમષ્ટિનો શબ્દ બને એમાં જ એ શબ્દની સાર્થકતા ને સિદ્ધિ. સાહિત્યસર્જકને ભાષા મળે છે પરંપરામાંથી, સમાજ પાસેથી. ભાષા પર એની કોઈ વ્યક્તિગત માલિકી હોતી નથી. જે ભાષા સમાજ સમસ્તની વસ છે, જે એક સબળ સાંસ્કૃતિક સંઘટનારૂપ છે તે ભાષામાંથી સર્જક પોતાના અનુભવની અભિવ્યક્તિ માટેની આગવી ભાષા ('વ્યક્તિવિભાષા' - idiolect) નિપજાવીને રહે છે. આ આગવી ભાષા પછી ભાવકભોગ્ય-સમષ્ટિસ્પર્શી બને તેવી ક્ષમતાયે એમાં સિદ્ધ કરવાની રહે છે. સાચા સર્જકની કસોટી આવું કરવામાં જ થાય છે. સર્જકની વ્યક્તિતા અને સામાજિકતા આ પ્રક્રિયામાં સરાણે ચડતી હોય છે.

સર્જક એની પરંપરાનું, એના સમાજ તેમજ સંસ્કૃતિનું સંતાન હોય છે તો ભાવક પણ એની પરંપરાનું, એના સમાજ તેમજ સંસ્કૃતિનું સંતાન હોય છે. સર્જકે ભાવક સુધી ને ભાવકે સર્જક સુધી કાવ્ય-સાહિત્યના માધ્યમથી – સેતુથી પહોંચવાનું રહે છે. આ માટે સર્જકે પોતાની સર્જનપ્રક્રિયા દરમિયાન પોતાનામાં એટલે ઊંડે અવગાહન કરવાનું રહે છે કે જ્યાં પછી સર્જક તેમ જ ભાવકની વ્યક્તિગત ચેતનાની ભેદકતા ઓગળી જઈને અનર્ગલ એકાકારતા – એકાત્મકતાની અનિર્વચનીય અવસ્થા અનુભવાતી હોય. સર્જકનો શબ્દ તેથી જ જેટલો સર્જકનો પોતાનો તેટલો જ ભાવકનો અને એ રીતે સમાજ તથા સંસ્કૃતિનો પણ બની રહે છે.

સાહિત્યસર્જક ડગલે ને પગલે સમાજ અને સંસ્કૃતિ દ્વારા પોતાની પરંપરાને પરિસ્થિતિ દ્વારા સંપ્રાપ્ત ઘણીબધી ભાવસામગ્રીનો સતત લાભ લેતો જ હોય છે. શ્વાસ એનો છે, હવા સૌની છે; આંખ એની છે, અજવાળું સૌનું છે. સાહિત્યસર્જક જેમ ભાષાનો, તેમ સાહિત્યનાં સ્વરૂપો તેમ જ છંદોલય, પ્રતીકો, કલ્પનો, પુરાકલ્પનો આદિની ઘણીબધી સામગ્રીનો પોતાના સર્જનકાર્યમાં વિનિયોગ કરતો હોય છે. સાહિત્યસર્જકની ખૂબી કે ખાસિયત તે જે બહારની સામગ્રી છે એનું સ્વાનુભવબળે એ પોતાની આંતરિક સામગ્રીમાં જે રીતે રૂપાંતર કરે છે તેમાં છે. જે કંઈ સાહિત્યસર્જકનું પોતાનું છે તે કોઈક રીતે તેના સમાજ અને સંસ્કૃતિનું નથી એમ માનવું નિરર્થક છે.

સાહિત્યસર્જક જ્યારે કોઈ શબ્દનો વિનિયોગ કરે છે ત્યારે તત્ત્વતઃ એક આખી સામાજિક ને સાંસ્કૃતિક પરંપરાની નિષ્પત્તિનો લાભ લેતો હોય છે. સાહિત્યસર્જક પાસે શબ્દ તો આવ્યો સમાજ પાસેથી, સંસ્કૃતિ પાસેથી; પણ પછી તેને પોતાની સંરચનામાં કઈ રીતે પ્રયોજવો અને એને કઈ રીતે પોતાની વૈયક્તિક પ્રતિભાના દ્યોતક અંશ રૂપે આગવા ભાવસંદર્ભમાં નૂતનાવતારે પ્રકાશિત કરવો એમાં એની વિશેષતા ને અનન્યતા છે. કોઈ

વાલ્મીકિ કે કોઈ વ્યાસે શબ્દ ભલે પરંપરામાંથી – સમાજ ને સંસ્કૃતિના પ્રવાહમાંથી મેળવ્યો હોય પરંતુ પછી તે એવી રીતે પ્રયોજાયો ને પ્રકટ થયો કે દેશકાળની સમષ્ટિગત ને સાંસ્કૃતિક સીમાઓનીયે ઉપરવટ જઈને, વૈશ્વિક ભૂમિકાએ પ્રતિષ્ઠિત થતો આજદિન સુધી સૌના સંવેદન ને સંવનનનો વિષય બની રહ્યો છે. આમ, સાચા સાહિત્યસર્જક દ્વારા અમુકતમુક સમાજ-સંસ્કૃતિ-દેશકાળ ઇત્યાદિથી પરિબદ્ધ શબ્દ એવું ઉન્નયન પામીને રહે છે કે તે સર્વ દેશકાળની વસ બનીને રસાનંદ આપતો રહે છે. એ રીતે જ્યારે કોઈ સાહિત્યકૃતિ અમુકતમુક સંસ્કાર-સંસ્કૃતિના મેળમાં રહીને જ્યારે પોતાનો વિશિષ્ટ કલાપ્રભાવ – સૌંદર્યપ્રભાવ પ્રગટ કરે છે ત્યારે તે વ્યાપક સ્વીકૃતિ ને સમાદર પ્રાપ્ત કરીને સાહિત્યની અમૃતમયી કલાની ગુણવત્તા ને મૂલ્યવત્તાનું ઉજ્જ્વળ પ્રમાણ બની રહે છે.

સાહિત્યસર્જકના અવાજમાં અનિવાર્યતયા એના જમાનાનો અવાજ સાંભળી શકાતો હોય છે. સાહિત્યકારને 'જનતાનું મુખ' કહેવા પાછળનો આશય સમજાય એવો છે. સાહિત્યસર્જનની ભૂમિકા સાથે સમષ્ટિ અને સંસ્કૃતિની ભૂમિકાઓ અવિનાભાવિસંબંધે સંલગ્ન હોય છે. એ રીતે સાહિત્યકૃતિની મોકળાશમાં એના દેશકાળની, સમાજ અને સંસ્કાર-સંસ્કૃતિની રેખાઓ પણ વરતાઈ આવતી હોય છે. તેથી સાહિત્યપદાર્થના પૂર્ણ સાક્ષાત્કાર માટે જે-તે સાહિત્ય સાથે સંલગ્ન જે કંઈ સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભસામગ્રી હોય તેનું અવલોકન-આકલન આવશ્યક - અનિવાર્ય બની જાય છે. આવા અવલોકન-આકલનથી સાહિત્યની સ્વાયત્તતા ખંડિત થતી નથી, બલકે વિશાળ પરિપ્રેક્ષ્યમાં સવિશેષ પ્રતિષ્ઠિત ને પુષ્ટ થતી હોય છે.

સાચા સાહિત્યસર્જકનો શબ્દ કામધેનુરૂપ હોય છે. તે વૈખરીથી પરા સુધી આપણને લઈ જવાની ક્ષમતા ધરાવતો હોય છે. એની વાણીનું મૂળ ભલે ઋષિના કુળ જેવું હોય; પરંતુ એ પ્રતિ અભિસરણ કરનારને સંસ્કાર ને સંસ્કૃતિના રસરહસ્યનાં અનેકાનેક મર્મસ્થાનો સુધી પહોંચવા-પામવાના આહ્લાદક અવસર મળી રહે છે. જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશથી આ આપણો પિંડ બંધાયેલો છે તેમ સંસ્કાર ને સંસ્કૃતિમાં વિવિધ તત્ત્વોથી શબ્દનો પિંડ બંધાયેલો છે. એને પામવાથી સંસ્કારસમૃદ્ધ ને આત્મસમૃદ્ધ થવાની મોટી શક્યતા ખૂલે છે. કવિની પાસે આવતો ને કવિની પાસેથી આવતો શબ્દ સંસ્કારસુવાસિત ને સંસ્કૃતિદીપ્ત ન હોય તો જ નવાઈ લાગે.

માનવસંસ્કૃતિનો અંતરાત્મા વધુમાં વધુ સારી રીતે સાહિત્યકૃતિમાં પ્રગટ થતો હોય છે. જેઓ માનવસંસ્કૃતિનો યથાર્થ પરિચય મેળવવા ને કેળવવા માગે છે તેમના માટે સૌથી વધુ આધારભૂત ભૂમિકા અને સાધનસામગ્રી સાહિત્યમાંથી મળી રહે છે. માર્ક્સે તો કહેલું કે ઇંગ્લૅન્ડની સંસ્કાર-સંસ્કૃતિનો પ્રમાણિત પરચો જેટલો શેક્સપિયરનાં નાટકો કરાવે છે તેટલો ઇતિહાસના ગ્રંથો પણ કરાવી શકતા નથી. વિશ્વયુદ્ધની મર્મવેધક ઘટનાઓ અને યાતનાઓનું જે ચિત્ર તૉલ્સ્તૉયના 'યુદ્ધ અને શાંતિ'માંથી સાંપડે છે તે વિશ્વયુદ્ધ વિશેના દસ્તાવેજી અહેવાલોમાંથીયે કદાચ ન મળી શકે. સાહિત્યસર્જક વ્યક્તિ અને સમષ્ટિના મૂળમાં પહોંચીને પોતાની વાત માંડતો હોય છે. એ સંસ્કાર અને સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ જેમાંથી થાય છે એ મૂળભૂત દ્રવ્યો સાથે કામ પાડતો હોય છે. એ આપણી અસલિયતનો આશક હોય છે. જેના કારણે આ સમગ્ર સૃષ્ટિનો ચરખો ચાલે છે અને જેના કારણે આ સમગ્ર વિશ્વનું સંચાલન થાય છે એ મૂળભૂત પરિબળો સાથે સાચા સાહિત્યસર્જકને સીધી નિસબત હોય છે. તેથી જ મુક્તાત્મા એવા સાહિત્યસર્જકની વાણી 'શ્રદ્ધાની વાણી' – સતને ધારણ કરનારી - ઋતંભરા વાણી – શ્રી અરવિંદ કહે છે તેવી 'મંત્રવાણી' બની છે. તેનો પ્રભાવ અપાર હોય છે. તે સત્યનિષ્ઠ વાણીના ઉદ્‌ઘોષથી અસતના ઠેકેદારોયે ડરતા ફરતા હોય છે. અન્યથા આત્માના અમૃત કલારૂપ સાહિત્યસર્જકની વાણી તો સમાજ અને સંસ્કૃતિના દૈવતનો હંમેશાં પરિપોષ કરતી હોય છે. કવિની – સાહિત્યસર્જકની આવી સંજીવની-સભર, માંગલ્યધાત્રી વાણી તો આપણા સૌના માટે સર્વથા ને સર્વદા આરાધ્ય ને આસ્વાદ્ય જ હોય.

**ચંદ્રકાન્ત શેઠ**
**૯બી/ પૂર્ણેશ્વર ફ્લેટ્સ,**
**ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫**

# અનુકંપાની પરીક્ષા

તુલસીભાઈ પટેલ

### બે પ્રકારના અન્યાય

કુદરતે સૃષ્ટિનું સર્જન કર્યું. આ સૃષ્ટિ ઉપર માણસે અનેક પ્રકારની વ્યવસ્થાઓ ઉપજાવી. આ વ્યવસ્થાઓથી મનુષ્યજાતિને ઘણા લાભ થયા. આ વ્યવસ્થાઓ વડે જ આપણે સભ્ય બન્યા. તો બીજી તરફ આ વ્યવસ્થાઓને લીધે જ જાણતાં-અજાણતાં અનેક પ્રકારના અન્યાયો પણ પેદા થયા. આપણા સમાજમાં આવા અનેક પ્રકારના અન્યાયો જોવા મળે છે. એ પૈકી સૌથી મોટા બે અન્યાય આ પ્રમાણે છે : (૧) જન્મની સાથે જ માણસની જ્ઞાતિ નક્કી થઈ જાય, અને (૨) જન્મની સાથે જ માણસને વારસામાં પૈતૃક સંપત્તિનો અધિકાર મળે.

હકીકતમાં આ બે બાબતો દરેક માણસે પોતાના પુરુષાર્થ વડે મેળવવી જોઈએ, પણ આ બે બાબતો જન્મની સાથે જ મળી જતી હોવાને કારણે સૃષ્ટિ પર ભારે અનર્થ અને અન્યાય પેદા થયા છે. જે માણસો કહેવાતા ઊંચા કુળમાં જન્મ્યા તથા શ્રીમંતને ત્યાં પેદા થયા, તે માણસો કશો જ પુરુષાર્થ કર્યા વિના મોટા લાભો ખાટી જાય છે. કોના ત્યાં જન્મ લેવો એ માણસના પોતાના હાથની વાત નથી. ઊંચા કુળમાં જે જન્મ્યો તે આદરનો અધિકારી ! જિંદગીભર તેને સામાજિક પ્રતિષ્ઠા મળે. પછી ભલેને તે બદમાશ હોય ! હરિજન – ભંગીને ત્યાં જે જન્મ્યો તેને જીવનભર હડધૂત થવું પડે, સામાજિક પ્રતિષ્ઠાથી તે સદાયે વંચિત, પછી ભલેને તે સજ્જન હોય !

એવી જ રીતે ધનિકને ત્યાં જન્મેલો ડફોળ પણ કેવળ જન્મના અકસ્માતને કારણે પૈસાદાર થઈ જાય ! આપણે કહેવા ખાતર કહીએ તો છીએ કે માણસ પરિશ્રમ અને બુદ્ધિ વડે ધન રળે છે. પણ શ્રીમંતને ત્યાં જન્મ લેવામાં પોતે શો પરિશ્રમ કર્યો કે પોતે શી બુદ્ધિ વાપરી ? કેવળ જન્મના અકસ્માતને કારણે કોઈ સુખસાગરમાં મોજમઝા કરે, તો કોઈના માથે દુઃખના ડુંગરા !

આમ જ્ઞાતિવાદ અને મૂડીવાદ એ આપણી સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની વિકૃતિઓ છે. એમાંથી સ્થાપિત હિતો પેદા થયાં છે. આ સ્થિતિ ભારે અન્યાયકારી છે. જો આપણામાં ન્યાયભાવના હોય તો, આ અન્યાયકારી રચના દૂર કરવાની દિશામાં આપણે પ્રયત્નો કરવા જોઈએ.

### જ્ઞાતિ પર આધારિત અનામતપ્રથા

સ્વરાજ મળ્યા પછી આ દિશામાં પ્રયત્નો થયા. સામાજિક અને શૈક્ષણિક રીતે જેઓ પછાત હતા, તેમના માટે શિક્ષણ તથા નોકરીમાં અનામત જગ્યાઓ રાખવા અંગે વિચારણા કરવામાં આવી.

ભારતીય સમાજમાં જડબેસલાક જ્ઞાતિપ્રથા છે. આ જ્ઞાતિપ્રથા ચડઊતર શ્રેણીવાળી છે અને વ્યવસાય ઉપર આધારિત છે. જેમ જ્ઞાતિ ઊતરતી, તેમ આર્થિક દશા પણ ઊતરતી. જ્ઞાતિની રીતે જે સૌથી નીચે છે, તેઓ સૌથી ગરીબ છે, તેમાં સારી આર્થિક સ્થિતિ અપવાદ રૂપે હોય છે. તે પ્રમાણે જેઓ જ્ઞાતિની રીતે ચડિયાતા છે, તેમની આર્થિક સ્થિતિ પણ ચડિયાતી છે. તેમાં ગરીબી અપવાદરૂપે હોય છે. ટૂંકમાં, આપણા દેશમાં આર્થિક સ્થિતિ જ્ઞાતિ સાથે સંકળાયેલી છે. જેઓ સામાજિક રીતે પછાત છે, તેઓ આર્થિક રીતે પણ પછાત છે, તેથી અનામત માટે જો જ્ઞાતિનો માપદંડ રાખવામાં આવે તો એથી સામાજિક ન્યાય અને આર્થિક ન્યાય આ બંને ઉદ્દેશો કંઈક અંશે સિદ્ધ થઈ શકે. આથી આપણી સરકારે જ્ઞાતિ પર આધારિત અનામતપ્રથા દાખલ કરી.

સ્વરાજ મેળવ્યા બાદ આજે આ સ્થિતિમાં ઠીકઠીક પરિવર્તન આવ્યું છે, એટલું તો સ્વીકારવું રહ્યું. પરંતુ હજી આપણે સંપૂર્ણ સામાજિક ન્યાય સિદ્ધ કરી શક્યા નથી, એ પણ એક હકીકત છે. સામાજિક અન્યાયનાં મૂળ એટલાં તો ઊંડાં છે કે દશ-વીસ વર્ષમાં એ નિર્મૂળ થઈ શકે નહીં. મારા એક કુંભાર મિત્ર છે. વિદ્યામાં, સંસ્કારમાં તેઓ બ્રાહ્મણ કરતાં કોઈ રીતે ઊતરતા નથી. હું તો એમને 'સવાઈ બ્રાહ્મણ' કહું છું. પરંતુ જન્મે બ્રાહ્મણ ન હોવાને કારણે બ્રાહ્મણને મળતી પ્રતિષ્ઠાથી અને અધિકારોથી તેઓ વંચિત છે. આપણે 'કર્મે બ્રાહ્મણ' એવા શબ્દો વાપરીએ છીએ ખરા, પણ કર્મે બ્રાહ્મણને 'જન્મે બ્રાહ્મણ' જેટલી

પ્રતિષ્ઠા આપતા નથી.

વળી જેઓ સૌથી નીચે છે તે હરિજન-ભંગીને તો આપણે માણસ પણ માનીએ છીએ કે કેમ, તે વિશે શંકા છે. એમના પ્રત્યે કહેવાતા ઉજળિયાતોની એલર્જી હજી પૂરેપૂરી દૂર થઈ નથી. આપણે ભૂંડને અડવાથી અભડાતા નથી, પણ માણસ જેવા માણસને અડવાથી અભડાઈ જઈએ છીએ ! હકીકતમાં તો સંપૂર્ણ સામાજિક ન્યાયની સ્થાપના, એ જ આપણું લક્ષ્ય હોવું ઘટે, માણસમાત્ર એકસમાન હશે, એ દિવસે અનામત પ્રથાની જરૂર નહીં રહે. પણ જ્યાં સુધી ચડઊતર શ્રેણીવાળી સમાજવ્યવસ્થાનું અસ્તિત્વ છે ત્યાં સુધી અનામત પ્રથાનું અસ્તિત્વ રહે તો એમાં કશું જ ખોટું નહીં ગણાય.

આપણે પછાત વર્ગનું સામાજિક ગૌરવ છીનવી લઈએ છીએ, ને બદલામાં અનામતનો ટુકડો ફેંકીએ છીએ ! સામાજિક ગૌરવનો કોઈ વિકલ્પ હોઈ શકે નહીં. અનામતના ટુકડાથી પૂરેપૂરો ન્યાય થતો નથી. સામાજિક ગૌરવથી વંચિત લોકોને અનામતના ટુકડાથી સંતોષ થવો જોઈએ નહીં. એમણે તો સામાજિક ગૌરવ માટે જ સંઘર્ષ કરવો જોઈએ પણ જ્યાં સુધી સામાજિક ગૌરવ અને ન્યાયનો ઉદ્દેશ સિદ્ધ ન થાય ત્યાં સુધી અનામતનો પ્રબંધ, એ કામચલાઉ વ્યવસ્થા તરીકે સ્વીકારવો રહ્યો. અનામતપ્રથા અંગે આ તાત્ત્વિક વિચારણા છે. વ્યવહારમાં તેનો અમલ કયા આશયોથી થઈ રહ્યો છે, એ એક અલગ ચર્ચાનો વિષય છે.

અનામત પ્રથાની વિરુદ્ધમાં ઉજળિયાતોની એક દલીલ એ છે કે, પછાત જ્ઞાતિઓમાં જેઓ ખરેખર ગરીબ છે, તેમના સુધી અનામતનો લાભ પહોંચતો નથી, પણ આગળ પડતા લોકો એ લાભ લઈ જાય છે. સમાજના દરેક સ્તરે આમ જ બને છે. તેમ છતાં, ઉજળિયાતોની અદ્દલ ન્યાય માટેની ભાવના પ્રશંસનીય ગણાય ! તો પછી ગરીબ અને લાયક પછાતને જ લાભ મળે એ માટે ઉજળિયાતોએ આંદોલન ચલાવવું રહ્યું. શા માટે તેઓ અનામતની સામે જંગે ચઢ્યા ?

## સમાન વાતાવરણ

આપણે એટલું તો સ્વીકારીશું કે જીવનમાં આગળ વધવા માટે દરેક માણસને સમાન વાતાવરણ મળવું જોઈએ. જો ખરેખર દરેકને સમાન વાતાવરણ મળતું હોય તો ભણતરમાં, વ્યવસાયમાં અને નોકરીઓમાં જુદીજુદી જ્ઞાતિની જનસંખ્યા મુજબ એ પ્રમાણ હોય. પરંતુ વાસ્તવિકતા શી છે ? ધારો કે હરિજન-ભંગી, આદિવાસી વગેરે પછાત જાતિની જનસંખ્યા પચીસ ટકા છે. તો ઉદ્યોગપતિ, વેપારી, કોન્ટ્રાક્ટરો, સનદી અધિકારીઓ, ડૉક્ટરો, ઇજનેરો, વકીલો, અધ્યાપકો વગેરે ઊંચાં ગણાતાં સ્થાનો પર તેમનું પ્રમાણ પચીસ ટકા છે ખરું ? સમાજમાં જો ઉજળિયાતોની વસતી વીસ ટકા હોય તો, સફાઈ કામદારોમાં તેમનું પ્રમાણ વીસ ટકા છે ? ના; વાસ્તવિકતા આનાથી વિપરીત છે. આથી ફલિત થાય છે કે, જીવનમાં આગળ વધવા માટેની તકો અને વાતાવરણ જ્ઞાતિવાર અલગ છે.

ભદ્ર વર્ગની દલીલ એ છે કે, ઊંચાં ગણાતાં સ્થાનો એણે બુદ્ધિ અને મહેનત વડે મેળવ્યાં છે. શું નવરંગપુરા કે એલિસબ્રિજના બંગલાઓમાં જ બુદ્ધિશાળી અને મહેનતકશ માણસો પેદા થાય છે ?

સરસપુરની ચાલીઓમાં અને ધૂળિયાં ગામડાંઓમાં બુદ્ધિહીન અને આળસુઓ પેદા થાય છે ? કુદરતે આ પ્રકારનું વિભાજન કરેલું છે શું ?

હકીકતમાં ગંદી ચાલીઓમાં અને ગામડાંઓમાં પણ રતન પાકે છે, પણ તેઓ ધૂળઢાંક્યાં છે. તેઓ અલ્પસાધન છે. શાળા-કૉલેજો કે હૉસ્ટેલોની સગવડો તેમને સુલભ નથી. સારા શિક્ષકો રોકવા માટે તેમની પાસે પૈસા નથી. ખેતી અને મજૂરીના સખત કામમાંથી વાંચવા માટે તેમની પાસે પૂરતો સમય નથી. જીવન તેમના માટે વિઘ્નદોડ છે. અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામે સંઘર્ષ કરીને તેમને આગળ વધવાનું હોય છે. આ કપરા સંઘર્ષમાં કેટલાંયે ફૂલ અકાળે મૂરઝાઈ જતાં હશે. આ વિષમતાઓ વચ્ચેય આગળ વધી શકે તે માટે તેમને કેટલીક સુવિધાઓ કરી આપવી પડે તેમને સાનુકૂળ વાતાવરણ અને આરક્ષણ પૂરાં પાડવાં ઘટે.

## વ્યાપક કુટુંબભાવના

આપણા કુટુંબમાં કોઈ અપંગ હોય, ઓછી આવડતવાળું હોય તો આપણને તેના પ્રત્યે વિશેષ હમદર્દી રહે છે. સમાજ પણ એક વિશાળ કુટુંબ છે. એમાં કોઈ વર્ગ કે જાતિ અશક્ત હોય, અલ્પસાધન હોય તો તેના પ્રત્યે આપણા હૃદયમાં અનુકંપા હોવી ઘટે. અનુકંપા રાખવાને બદલે એમ કહેવું કે મુક્ત સ્પર્ધા છે, એમાં દરેકને પ્રથમ આવવાની તક છે એ વાત યુક્તિસંગત નથી. જેના પગમાં

બેડીઓ છે, જેના માર્ગમાં અનેક અડચણો છે, તેનો નંબર આવવાનો નથી, એ નક્કી છે. સમાન વાતાવરણ એ સ્પર્ધા માટેની પૂર્વશરત છે. જ્યાં ભારે અસમાનતા છે ત્યાં સ્પર્ધા શી રીતે સંભવે ? જે અશક્ત છે, બીમાર છે, એને તો પૌષ્ટિક ખોરાક અને ઔષધની જરૂર છે ! આપણા સમાજરૂપી કુટુંબમાં કેટલીક જાતિઓ અશક્ત અને અપંગ છે. આપણે જો એમને આપણા વિશાળ કુટુંબના સભ્ય માનતા હોઈએ તો આપણા હૃદયમાં એમના પ્રત્યે સહાનુભૂતિ અને કરુણા પેદા થવી જોઈએ. જે અપંગ છે, એને ટેકારૂપ ઘોડી આપવી એ આપણી ફરજ છે. પરંતુ આપણે તો આપણા વિશાળ કુટુંબના અપંગ સભ્યોની ઘોડી છીનવી લેવા માટે મેદાને પડ્યા ! એનો અર્થ એટલો જ કે '**वसुधैव कुटुम्बकम्**'ની અત્યાર સુધી આપણે જે વાતો કરી, એ નર્યો પાખંડ છે !

## અંતિમ સત્ય શું છે ?

સમાજરચના અને અર્થવ્યવસ્થા વિશે આપણે મૂલગામી વિચારણા કરવી જોઈએ, કુદરતે તો આ સૃષ્ટિ ઉપર માનવજાતિ ઉત્પન્ન કરી. બાકી બધી જ્ઞાતિઓ, એ તો માણસે ખુદ રચેલો પ્રપંચ છે. હા, શ્રમવિભાજનના યુગમાં ધંધા પ્રમાણે વર્ગો હોય, પણ તેથી કોઈ વર્ગને ઊંચો યા નીચો કેવી રીતે માની શકાય ?

એ જ રીતે અમીરી-ગરીબી, એ પણ કુદરતી નથી. અર્થવ્યવસ્થામાં ક્યાંક ગરબડ છે, જેને લીધે કોઈ અમીર છે, તો કોઈ ગરીબ છે. આ અર્થવ્યવસ્થા કુદરતસર્જિત નથી પણ મનુષ્યસર્જિત છે. ટૂંકમાં, સામાજિક ભેદભાવ અને આર્થિક અન્યાય એ મનુષ્ય સર્જિત છે. તેથી આ અન્યાયો મનુષ્ય જ દૂર કરી શકે. આ અન્યાયો ઉપર આકાશમાંથી આવીને કોઈ દૂર કરવાનું નથી.

આપણા સમાજમાં મુખ્ય ત્રણ વર્ગો છે. ઉચ્ચ, મધ્ય અને નિમ્ન વર્ગ. નિમ્ન વર્ગ મોટા ભાગે શ્રમ પર જીવન ગુજારે છે. મધ્યમ વર્ગમાં મોટા ભાગે બુદ્ધિજીવીઓ છે, તેઓ નોકરી કરીને, એટલે કે બુદ્ધિ વેચીને ગુજારો કરે છે. ઉચ્ચ વર્ગ શું કરે છે ? તે નથી તો ખાસ શ્રમ કરતો, કે નથી તો બુદ્ધિ ચલાવતો. નિમ્ન વર્ગના મજૂરો પાસેથી તે શ્રમ ખરીદે છે અને મધ્યવર્ગના બુદ્ધિજીવીઓ પાસેથી તે બુદ્ધિ ખરીદે છે. આમ પારકાં શ્રમ અને બુદ્ધિ ઉપયોગમાં લઈને નફાનો સિંહભાગ (Lion share) તે ઘરભેગો કરે છે. કેવો મોટો અન્યાય ! એક કવિ સાચું કહે છે :

''ગરીબોના કૂબા મહીં તેલનું ટીંપુયે દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !''

બુદ્ધિજીવી મધ્યમ વર્ગે જો લડવું જ હોય તો, ઉચ્ચ વર્ગ અન્યાયી રીતે પ્રતિષ્ઠા અને પૈસા પચાવી પાડે છે, તેની સામે લડવું જોઈએ. શ્રમજીવીઓને પ્રતિષ્ઠા અને પૈસો મળે તે માટે લડવું જોઈએ. આ જ સાચી દિશાની લડાઈ છે. તેને બદલે ગરીબ શ્રમજીવીઓ તરફ અનામતનો ટુકડો ફેંકવામાં આવ્યો છે, તેની ઈર્ષ્યા આપણો બુદ્ધિજીવી વર્ગ કરે છે ! સમાજમાંથી આર્થિક અને સામાજિક વિષમતા જો દૂર થાય, તો પછી અનામત પ્રથાની જ ક્યાં જરૂર છે ? એ માટે મૂડીવાદ અને જ્ઞાતિવાદ નિર્મૂળ થવાં જોઈએ. રોગને મૂળમાંથી કાઢવાને બદલે આપણે થીંગડાં માર્યા કરીએ છીએ.

## ન્યાયભાવના અને અનુકંપા

પણ આપણો ઉચ્ચ અને મધ્યમ વર્ગ જન્મજાત લાભો છોડવા તૈયાર નથી. આ વર્ગ વાચાળ છે, દલીલબાજ છે. પ્રચારનાં સાધનો તેની પાસે છે સાચાનું ખોટું ને ખોટાનું સાચું સિદ્ધ કરવામાં તે ભારે નિપુણ છે ! અનામતની તરફેણ કરનારાઓ, આંકડા અને ટકાવારીઓ આપીને પોતાની વાત સિદ્ધ કરે છે, તો અનામતનો વિરોધ કરનારા પણ આંકડાઓની મદદ વડે જ પોતાનો મુદ્દો સાબિત કરે છે ! અદ્ભુત છે, આંકડાઓનો ખેલ રચનારા બુદ્ધિજીવીઓ !! આંકડાઓની ઇંદ્રજાળથી કોઈ નિષ્કર્ષ પર આવી શકશે નહીં. જરૂર છે, ઉત્કટ ન્યાયભાવના અને અનુકંપાની. હૃદયમાં અનુકંપા હશે તો આપોઆપ માર્ગ જડી જશે.

ગુજરાતી ૬ કરોડની વસ્તીમાં ડૉક્ટરો અને ઇજનેરોની બેઠકો કેટલી ? એ માટે થઈને આપણે કેટલી મિલકતોનો નાશ કર્યો ? કેટલા ગરીબ નિર્દોષોનો આપણે ભોગ લીધો ? આપણી અંદર દયાનું ઝરણું કેમ સુકાઈ ગયું ? ગાંધીજીએ તો આપણને સ્વેચ્છાએ છેલ્લા રહેવાની શીખ આપી હતી. આટલા જલદી આપણે ગાંધીને કેમ વીસરી ગયા ? આપણે નરમાંથી નારાયણ બનવાનું છે, એને બદલે આપણે નરરાક્ષસ કેમ બની ગયા ?

અનામતપ્રથા, એ આપણી ન્યાયભાવના અને અનુકંપાની પરીક્ષા છે. આ પરીક્ષામાં આપણો ભદ્ર વર્ગ નાપાસ થયો છે, એમ ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે.

**પ્રા. તુલસીભાઈ પટેલ**
**૧, ઉદયનગર સોસાયટી ધરમ સિનેમા રોડ,**
**મહેસાણા-૨ મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

# આર્થિક નબળા વર્ગો માટે ૧૦% અનામત સંદર્ભેનો બંધારણીય સુધારો

પ્રો. કમલેશ જોશીપુરા

તાજેતરમાં કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની સરકારે આર્થિક નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામતનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે અને ખૂબ જ મહત્ત્વપૂર્ણ કહી શકાય તે પ્રકારે લગભગ સર્વાનુમતે સંસદના બંને ગૃહોએ તે સંદર્ભેનો બંધારણીય સુધારો પણ પાસ કરી દીધો છે અને મકરસંક્રાંતિ ઉપર જ ગુજરાત રાજ્ય દેશમાં આર્થિક નબળા વર્ગો માટે ૧૦ ટકાની જોગવાઈ અમલમાં લાવનારું પ્રથમ રાજ્ય બન્યું છે.

સ્વાભાવિક જ આ સંદર્ભમાં સંપૂર્ણ અજાણ અને અંધારામાં રહેલ વિપક્ષ આ બિલનો વિરોધ કરી શકવાની સ્થિતિમાં રહ્યો નહીં અને દસ દિવસનો ઘટનાક્રમ જોઈએ તો દેશના બંધારણવિદો અને રાજકીય પંડિતો દ્વારા પણ બિલની બંધારણીય યોગ્યતાના સંદર્ભમાં ખૂબ જ ઓછો પ્રતિભાવ આપવામાં આવેલો છે અથવા તો સાંભળવા મળ્યો છે અને બંધારણીય નિષ્ણાતો પાસેથી પણ હજુ અપેક્ષાકૃત પ્રતિક્રિયા સાંભળવા મળી નથી.

ભારતીય બંધારણના અનુચ્છેદ-૧૫ સમાનતા સંદર્ભેની જોગવાઈ છે અને તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, સ્થળના આધાર ઉપર કોઈ પણ પ્રકારે ભેદભાવ નહીં રાખી શકાય અને અનુચ્છેદ-૧૬માં જાહેર નોકરીના સંદર્ભમાં સમાનતા જોગવાઈ છે, સાથોસાથ સમાજના શૈક્ષણિક, સામાજિક રીતે નબળા વર્ગો તેમજ સવિશેષ રીતે અનુસૂચિત જનજાતિ માટે ખાસ જોગવાઈઓ રાજ્યને અમલમાં લાવતાં રોકી શકાશે નહીં તેવી જે જોગવાઈ છે, તેનાથી આપણે સૌ સુવિદિત છીએ. સર્વોચ્ચ અદાલતે વિવિધ કિસ્સાઓમાં ૫૦ ટકાથી વધારે અનામતની જોગવાઈ ન હોવી જોઈએ તેવું વલણ અગાઉ લીધેલું હતું, અલબત્ત, તામિલનાડુમાં ૬૯ ટકા જેટલી અનામતની જોગવાઈમાં સર્વોચ્ચ અદાલતે હસ્તક્ષેપ કર્યો નથી. કોઈ પણ દેશની આધારશિલા તેની બંધારણીય વ્યવસ્થા છે.

ભારતે સંસદીય લોકતાંત્રિક વ્યવસ્થા સ્વીકારી છે અને બંધારણ એ તેનો આત્મા છે, વૈશ્વિકસ્તરે સર્વ સ્વીકૃત સિદ્ધાંત મુજબ બંધારણનું આમુખ એ દિવાદાંડી સમાન છે, અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ અર્થઘટન તેમજ આદર્શ રાજ્યનીતિ ઘડવા માટેનો મુદ્રાલેખ છે. સાથોસાથ કોઈ પણ દેશનું બંધારણીય આમુખ એ પ્રજાની આકાંક્ષાઓ અને ઇચ્છાઓનું પ્રતિબિંબ પાડે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્રજાની આકાંક્ષોની પૂરતી કેવી રીતે થઈ શકે તે માટે પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરું પાડતા સિદ્ધાંતોનો સમૂહ છે. અત્રે સવિશેષ રીતે ૧૦ ટકાની બંધારણીય જોગવાઈને કયા માપદંડથી ચકાસવી તે જ્યારે પ્રશ્ન ઊભો થાય ત્યારે ન્યાયતંત્ર એ Distant Vision અને Near Vision એમ બંને દૃષ્ટિથી મુલવણી કરવી અનિવાર્ય છે, એટલે કે સમગ્ર રીતે જો બંધારણમાં પ્રયોજાયેલ માર્ગદર્શન સિદ્ધાંતો, કલ્યાણ રાજ્યની કલ્પના તેમજ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય એમ ત્રિવિધ ન્યાય સાથે સુસંગત તેવું પ્રજાલક્ષી કલ્યાણકારી પગલું હોય તો તેને અનુરૂપ મુલવણી કરી અને અર્થઘટન કરવું અનિવાર્ય છે. પ્રજા જીવનની આકાંક્ષાઓના સંદર્ભમાં ભારતીય બંધારણના આમુખમાં સામાજિક, રાજકીય ઉપરાંત આર્થિક ન્યાય અપાવવાની સંકલ્પના પણ વ્યક્ત કરવામાં આવી છે. સામાજિક અને આર્થિક ન્યાયનો સંદર્ભ પ્રત્યેક

નાગરિકોના સંદર્ભમાં છે ત્યારે આર્થિક રીતે નબળા વર્ગોને આર્થિક ન્યાયની સંકલ્પના સાકાર કરવાની દિશામાં આર્થિક રીતે નબળા વર્ગો માટેની ૧૦ ટકા અનામતની જોગવાઈ બંધારણીય દષ્ટિથી સંપૂર્ણ સુસંગત છે તેવું બંધારણના વિદ્યાર્થી તરીકેનું લેખકનું મંતવ્ય છે. માર્ગદર્શક સિદ્ધાંત બંધારણના અનુચ્છેદ-૪૬માં અનુસૂચિત જાતિ, જનજાતિ આર્થિક શૈક્ષણિક ઉત્થાનની સાથોસાથ અન્ય નબળા વર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમાજ જીવનના નબળા વર્ગોના સંદર્ભમાં આ વર્ગની શ્રેણીમાં કોને સમાવિષ્ટ કરી શકાય તેમજ અન્ય નબળા વર્ગોની શ્રેણીનો વ્યાપ અને વિસ્તારનો આધાર પણ આર્થિક રીતે નબળા વર્ગોના સંદર્ભમાં લઈ શકાય.

સરકારે અનુચ્છેદ-૩૬૮ કે જે બંધારણમાં સુધારો કરવા સંદર્ભે છે તેના અંતર્ગત બંધારણમાં સુધારો કર્યો છે. આ બંધારણીય સુધારો ભારતીય બંધારણની વ્યવસ્થાને અનુરૂપ જ છે. અલબત્ત સંસદે પસાર કરેલ બંધારણીય સુધારાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવે તો કયા પ્રકારની સ્થિતિ નિષ્પન્ન થઈ શકે ? તેનો વિચાર કરીએ તો કેશાવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઑફ કેરાલામાં ખૂબ જ સરસ સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે કે ભારતીય બંધારણના પાયાનાં તત્ત્વોને વિપરીત અસર કરે તે પ્રકારે કોઈ બંધારણીય સુધારો કરી શકાશે નહીં – Basic Structure કે આધારશિલારૂપ માળખું કોને કહેવાય તો (૧) બંધારણની સર્વોચ્ચતા (૨) લોકતાંત્રિક પ્રજાસત્તાક વ્યવસ્થા (૩) ધર્મનિરપેક્ષ બંધારણ વ્યવસ્થા (૪) સંસદ કે ધારાગૃહ, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાની વહેંચણી અને (૫) સમવાહી તંત્રનું માળખું – આ પાંચ જેટલી પાયાની બાબતો એ ભારતીય બંધારણના Basic Structure તરીકે લેખવામાં આવે છે ત્યારે વર્તમાન નિર્ણયથી Basic Structure ઉપર વિપરીત અસર પડતી નથી તે દીવા જેવી સ્પષ્ટ બાબત છે. ઇન્દ્ર સહાની કેસમાં અનામતની જોગવાઈ ૫૦ ટકાથી વધવી ન જોઈએ તેવું પ્રસ્થાપિત થયું હતું, પરંતુ સાથોસાથ અપવાદરૂપ સ્થિતિની પણ જોગવાઈ રાખવામાં આવી છે. તામિલનાડુના સંદર્ભમાં આઈ.આર.કોએલ્હો વિરુદ્ધ સ્ટેટ ઑફ તામિલનાડુમાં સર્વોચ્ચ અદાલતે એવું તારણ આપ્યું છે કે, જે ભારતીય બંધારણની નવમી અનુસૂચિમાં સમાવિષ્ટ કરવામાં આવે છે તે પણ ન્યાયિક પુનર્રાવલોકનને પાત્ર છે. અલબત્ત, સર્વોચ્ચ અદાલતે તામિલનાડુને ૬૯ ટકા અનામતની વ્યવસ્થા ચાલુ રાખવા માટે છૂટ આપેલી છે.

રાજકીય પક્ષો માટે ૪૮ કલાકની સમગ્ર પ્રક્રિયામાં બંધારણીય સુધારો લાવવા માટે કેન્દ્ર સરકારે પસંદ કરેલ સમયગાળા અંગે જ માત્ર શંકા જ દર્શાવી છે, પરંતુ કોઈ પણ સ્થાન ઉપર બંધારણીય યોગ્યતા અને વાજબીપણાના સંદર્ભમાં ક્યાંય કોઈ પણ કક્ષાએ વાંધો લીધેલ નથી કે વિરોધ કરેલ નથી તે બાબત ખાસ નોંધવા યોગ્ય છે – રાજકીય દષ્ટિથી લોકતાંત્રિક ગઠબંધન સરકારે બંધારણીય માર્ગે એટલે કે સંસદમાં સુધારો મંજૂર કરાવી અને ખૂબ જ મોટી સિદ્ધિ હાંસલ કરેલ છે અને પ્રજા જીવનમાં તેનો સાનુકૂળ પ્રત્યાઘાત પડેલ છે. હવે વિપક્ષો માટે એક માત્ર આશા ન્યાયિક પુનર્રાવલોકનની કે ન્યાયના એરણે કસોટીની છે, પરંતુ સર્વોચ્ચ અદાલતે ૬૯ ટકા અનામત પણ ચાલુ રાખવાની છૂટ તામિલનાડુને આપેલી છે પરંતુ ૧૦ ટકા અનામતની જોગવાઈ કોઈ પણ રીતે બંધારણની માળખાગત વ્યવસ્થાથી વિપરીત નથી અને કુલ મળીને દેશના કાનૂન જગત કે બંધારણવિદોમાંથી પણ વિપરીત અભિપ્રાય હજુ સુધી બહુ સાંભળવા મળેલ નથી તે બાબત ખાસ ઉલ્લેખનીય છે. ત્યારે બંધારણના આ સુધારો આર્થિક રીતે નબળા વર્ગો માટે ઐતિહાસિક બની રહેશે તેમાં શંકા નથી. છેક ૧૯૭૨ની સાલથી આર્થિક ધોરણે અનામતની ચર્ચા ચાલી આવતી હતી અને લગભગ દરેક રાજકીય પક્ષે ક્યાંક ને ક્યાંક કોઈ ને કોઈ રાજ્યમાં વચનો આપેલાં છે ત્યારે વિપક્ષો વિરોધ કરી શકવાની સ્થિતિમાં છે જ નહીં. સામા પક્ષે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડાબા હાથને પણ ખ્યાલ ન આવે તે પ્રકારે જમણા હાથે પ્રજાની આકાંક્ષાઓની પૂરતી સમાન નિર્ણય લીધેલ છે તે તેમની મજબૂત રાજકીય ઇચ્છાશક્તિ દર્શાવી આપે છે.

**પ્રો. કમલેશ જોશીપુરા**
પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
અને આઈઆઈટીઈ, ગાંધીનગર
પ્રોફેસર, લો વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
email : kpjoshipura@gmail.com

# $\varepsilon$ અને $\delta$ ની અમર કહાની

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

**વિદ્યાર્થી :** ગાડીની (કારની) ગતિ કલાકના 40 કિલોમીટર છે. આનો અર્થ શો?

**શિક્ષક :** કોઈ $\varepsilon > 0$ આપેલો છે, તો તેને અનુરૂપ કોઈ સંખ્યા $\delta > 0$ નું અસ્તિત્વ છે, કે જેથી જો $|t_2 - t_1| < \delta$, તો $\left|\frac{s_2 \quad s_1}{t_2 \quad t_1} \quad 40\right| < \varepsilon$ છે. અહીંયા $s$ અંતર છે અને $t$ સમય છે.

**વિદ્યાર્થી :** આ દુનિયામાં આવો જવાબ આપવાનું કોણ વિચારે ?

આવો સંગીન ચોકસાઈવાળો કલનગણિતનો પાયો સહેજે સાહજિક નથી. કલનગણિત અંતરો અને ગતિ, સ્પર્શકો અને ક્ષેત્રફળોને લગતું છે નહિ કે અસમાનતાને (inequality) લગતું. જ્યારે સત્તરમી સદીમાં લાઇબ્નિઝ અને ન્યૂટને કલનગણિત શોધ્યું ત્યારે તેમણે $\varepsilon$ અને $\delta$ વાપર્યા ન હતાં અને $\varepsilon$ અને $\delta$ ની સાબિતી વિકસાવવામાં 150 વર્ષ થયા હતાં. આનો અર્થ એ છે કે આ કામ ઘણું અઘરું હતું અને આના કારણે વિદ્યાર્થીઓને કલનગણિતનો પાયો ઘણો અઘરો લાગે છે. કલનગણિતમાં બીજગણિતની અસમાનતા કઈ રીતે આવી ?

$$\frac{f(x \quad h) \quad f(x)}{h}$$

**લાઇબ્નિઝ અને ન્યૂટન :**

સત્તરમી સદીના અંતમાં લાઇબ્નિઝ અને ન્યૂટને સ્વતંત્ર રીતે કલનગણિત શોધેલું. આ શોધમાં ત્રણ વસ્તુઓ છે. પહેલો વિચાર તફાવતનો ભાગાકાર અને સંકલન (ન્યૂટન અને ફ્લક્સિઓન (fluxion) અને (fluent)), બીજો વિચાર આના માટેના સંકેતો (Notations) જેણે કલનશાસ્ત્રને આલ્ગોરિધમ (Algorithm) બનાવી દીધું છે. હજુએ આપણે લાઇબ્નિઝના સંકેતો $\frac{dy}{dx}$ અને $\int ydx$ અને ન્યૂટનનો સંકેત $\dot{x}$ વાપરીએ છીએ. ત્રીજુ બંને જણને સમજાયું કે સ્પર્શકો શોધવાનું અને ક્ષેત્રફળ શોધવાનું એટલે કે વિકલન અને સંકલન એકબીજાની વ્યસ્ત પ્રક્રિયા છે, જેને આપણે કલનગણિતના મૂળભૂત પ્રમેય (Fundamental Theorem of Calculus) તરીકે ઓળખીએ છીએ.

કલનશાસ્ત્રની શોધ થતાં જ ગણિતશાસ્ત્રીઓને અને વૈજ્ઞાનિકોને ભૂમિતિના, ભૌતિકશાસ્ત્રના અને વિશ્લેષણના પ્રશ્નો ઉકેલવા માટે અગત્યનું સાધન મળી ગયું. કલનગણિતના પાયાના વિચારની પ્રકૃતિ કેવી? લાઇબ્નિઝની રીતે તફાવતનો ભાગાકાર એ સૂક્ષ્મ તફાવતનો ગુણાકાર છે જ્યારે સંકલન એ સૂક્ષ્મોનો સરવાળો છે. ન્યૂટનની નજરમાં વિકલન એ પરિવર્તનનો દર છે જ્યારે સંકલન એ આની વ્યસ્ત પ્રક્રિયા છે. લાઇબ્નિઝને કોઈ પૂછે કે સૂક્ષ્મ એટલે શું? અને ન્યૂટનને પૂછે કે પરિવર્તનનો દર એટલે શું? ન્યૂટનનો જવાબ મર્યાદિત રાશી નો ગુણોત્તર જેમ $h$ શૂન્ય તરફ જાય તેમ આ ગુણોત્તર આખરે અંતિમ ગુણોત્તર બનશે. અઢારમી સદીમાં કલનશાસ્ત્ર સહજ જ્ઞાનથી (intuitively) સમજતા અને આલ્ગોરિધમ પ્રમાણે ગણતા. ધ્રુજતી દોરીના આંશિક વિકલ સમીકરણનો (Partial Differential Equation) ઉકેલ મેળવ્યો. તે જ રીતે સૂર્યમાળાના ગ્રહોના ગતિ માર્ગો મેળવ્યા. યંત્રશાસ્ત્રના નિયમો

કલનશાસ્ત્રનો ઉપયોગ કરીને કલનશાસ્ત્રની ભાષામાં લખાયા. આટલી મોટી સિદ્ધિ પાયાના પ્રશ્નનો વિચાર કર્યા સિવાય મળી હોય, તો પાયાના પ્રશ્નનો વિચાર કોણ કરે ?

**બિશપ બર્કલી (Bishop Berkeley)**

1734માં બ્રિટિશ તત્ત્વજ્ઞાની બિશપ બર્કલીએ કલનગણિતનો સંગીન ચોકસાઈવાળો પાયો ન હોવાના કારણે વખોડી કાઢ્યું હતું. તેમના પુસ્તક 'The Analyst or a Discourse Addressed to an Infidel Mathematician'માં જણાવેલું કે ગણિતશાસ્ત્રીઓ જે જાતના છે તે જાતવાળાઓને ધર્મની અયોગ્ય માગણીઓને વખોડવાનો કોઈ અધિકાર નથી. એ વખતના ગણિતશાસ્ત્રીઓનાં લખાણો લઈને ખાસ દલીલો સાથે સાચી ટીકા કરી. તેમણે વિકલન મેળવવાની રીતના દરેક પગલાની સમીક્ષા (Review) કરી, આપણે $y = x^2$ લઈને, વિકલન માટે $\frac{(x\quad h)^2\quad x^2}{h}$ લઈને સાદુ રૂપ આપતાં $2x + h$ મેળવીએ. અહીંયા જ્યારે $h$ શૂન્ય બને ત્યારે આપણને $2x$ મળે. બર્કલીના કહેવા પ્રમાણે $h$ શૂન્ય છે ? જો $h$ શૂન્ય હોય, તો આપણે $h$ વડે ભાગી ન શકીએ. અને જો $h$ બરાબર શૂન્ય ન હોય, તો $h$ ને રાખવો પડે. અઢારમી સદીના ગણિતશાસ્ત્રીઓ તત્ત્વજ્ઞાની બર્કલીને જવાબ આપી ન શક્યા. તે સમયના ગણિતશાસ્ત્રીઓ લાગ્રાન્જ (Lagrange), મૅકલૉરિન (Maclaurine), દલેમ્બર્ટ (d'Alembart) અને ઑયલરને (Euler) બર્કલીના કામની ખબર હતી અને દરેકે કલનગણિતના પાયા માટે કંઈક ને કંઈક લખ્યું, તે બિશપ બર્કલીના કારણે બન્યું.

**લાગ્રાન્જ (Lagrange)**

પાયાનો પ્રશ્ન સૂક્ષ્મો સાથે કુશળ વ્યવહાર કયા સંજોગોમાં થઈ શકે તે ઑયલર જેવાના મતમાં અગત્યનું ન હતું કારણ કે તેના જવાબ સિવાય પણ તે ઘણી બધી શોધો કરી શકેલા. અઢારમી સદીમાં જ્યારે કલનશાસ્ત્રના પાયાની વાત આવતી ત્યારે તેને ગૌણ ગણતા. પાયાના પ્રશ્નની ચર્ચા પુસ્તકો, પ્રચલિત લેખોમાં હાલની જેમ ન થતી. લાગ્રાન્જને બર્કલીની ટીકા ખૂબ જ વ્યાજબી લાગી અને આના કારણે કલનગણિતના પાયાના સિદ્ધાંતમાં રસ પડવા માંડ્યો. આના લગતી લાગ્રાન્જની પ્રવૃત્તિના કારણે બીજા ઘણા ગણિતશાસ્ત્રીઓ પણ ભાગ લેવા માંડ્યા. અઢારમી સદીમાં વૈજ્ઞાનિક (અકાદમીઓ) શિક્ષણ સંસ્થાઓ પણ અગત્યના આગળ પડતા પ્રશ્નોના ઉકેલો માટે ઈનામો આપતી. 1784માં લાગ્રાન્જ અને તેમના સહાધ્યાયીઓએ કલનગણિતના પાયાના પ્રશ્નને બર્લિન ઍકેડેમીના ઈનામ માટે મૂક્યો, પણ લાગ્રાન્જને સંતોષે તેવો જવાબ ન મળ્યો, પણ આમાંથી કલનગણિતના પાયાના પ્રશ્નો ઉપર નીચેનાં બે પુસ્તકો પ્રસિદ્ધ થયાં.

(1) Exposition Elèmentaire des Principes des Calculus Supérieurs - Simmon L'Huiler, Berlin, 1787

(2) Reflèxions sur la Métaphysique du calcul infinitésimal - Lazare Carnot, Paris, 1797

આ રીતે લાગ્રાન્જે આ પ્રશ્નમાં રસ ઊભો કર્યો.

આ સિવાય પણ ઘણા બધાને અઢારમી સદીના અંતમાં ભણાવવાની જરૂરિયાત હતી. તમે જ્યારે શીખવતા હોય, ત્યારે શીખવવાનું તમને પાયાના પ્રશ્ન ઉપર ધ્યાન રાખવા દબાણ કરે છે. પહેલાં રાજાના દરબારમાં ગણિતશાસ્ત્રીઓને રાજના શણગાર માટે રાખવામાં આવતા. રાજાઓ ઓછા થતા ગયા અને ગણિતશાસ્ત્રીઓ વધતા ગયા. ગણિત ઉપયોગી જણાવવા લાગ્યું. સૌથી પહેલાં લશ્કરી શાળાઓમાં વિજ્ઞાન અને એન્જિનીયરિંગના વિદ્યાર્થીઓને ગણિત શીખવવા માટે ગણિતશાસ્ત્રીઓની જરૂર પડવા માંડી. ફ્રાન્સની બળવાખોર સરકારે વૈજ્ઞાનિકોની

કેળવણી માટે ઈકોલ પૉલિટેક્નિકની (Ecole Polytechnique) સ્થાપના કરેલી. લાગ્રાન્જને દબાણ કરીને અહીંયા ગણિત શીખવવા રાખ્યા. લાગ્રાન્જે કલનગણિતનાં પાયાનાં બે પુસ્તકો જ્યારે તેઓ ઇકોલ પૉલિટેક્નિકમાં હતા ત્યારે લખેલાં. બર્કલીના કલનગણિત ઉપરના હુમલાએ કલનગણિતની સાચી ઊણપ બતાવી. ઘણા ગણિતશાસ્ત્રીઓએ જવાબ આપવા પ્રયત્ન કરેલો. લાગ્રાન્જે બર્કલીની ટીકાને ગંભીરતાથી લીધી અને તેના જવાબમાં નીચેની રીત બતાવી.

**બૈજિક રીત :** સમીકરણ $(x + h)^2 = x^2 + h(2x) + h^2(1)$ એ પ્રચલિત સમીકરણ

$y(x + h) = y(x) + hp(x) + h^2q(x) + h^3r(x)$ નો $y = x^2$ નો ખાસ દાખલો છે.

આપણે $h$ ના ગુણક $p(x)$ ને $\frac{dy}{dx}$ કહીશું, તે જ રીતે $h^2$ ના ગુણક $q(x)$ ને કહીશું. તે જ રીતે, $h^3$, $h^4$ વગેરે ગુણકોને દર્શાવી શકીશું.

આપણા $y = x^2$ ના દાખલામાં $h$ નો ગુણક $2x$ હોઈને $p(x) =$ $(x^2)$ $2x$ છે અને $h^2$ નો ગુણક (1) હોઈને, $= 1$ છે.

આમાં $h$ નું શું થયું તે જણાવવાનું રહેતું નથી. આ રીત લાગ્રાન્જે સુચવેલી. આપેલા વિધેય માટે શ્રેણી અજોડ હોય, તો જ આ રીત વાપરી શકાય. કોશીએ સાબિત કરી બતાવ્યું કે $e^{-x^2}$ અને $e^{-x^2} +$ ની $x = 0$ ની આસપાસ શ્રેઢી સરખી હોઈને આ બૈજિક રીત ખાસ ન ચાલી.

કલનગણિતના વિચારોને બીજી નીચેની રીતોથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.

**અનંત સુક્ષ્મો અથવા શૂન્યાભિચલો (Infinitesimals) :**

$h$ ને અનંત સૂક્ષ્મ ગણીએ તો સાંત $2x$ ની સરખામીમાં આપણે $h$ ની ઉપેક્ષા કરી શકીએ. એટલે કે $2x + h$ અને $2x$ સરખા છે. આ જાતનું લાઇબ્નિઝ, જોહાન બર્નુલી અને ડી હૉપિટલે વિચારેલું. આ વિચારની સામે બે મોટા વિરોધ હોઈને આ રીત મૂકી દેવી પડી. આર્કિમિડિઝ પૂર્વ ધારણા : આ પૂર્વધારણા વૃત્તખંડ (Segment) માટેની છે. બે વૃત્તખંડોની સરખામણી માટેની છે. ધારો કે બે વૃત્તખડો A અને B છે અને તેમની કિંમતો એ રીતની છે કે જેથી $A < B$ છે. આપણે પૂર્ણાંક $n$ શોધી શકીએ કે જેથી $nA > B$ છે.

અનંત સૂક્ષ્મો આર્કિમિડિઝની પૂર્વ ધારણા સંતોષતાં ન હોઈને તેમની કાયદેસરની ગણિતિય પ્રતિષ્ઠા નથી.

જો $h = 0$ ન હોય તો તેમને કાઢી નાખવા તે ન્યૂટન અને બર્કલીની રીતે ભૂલ ગણાય.

**ફ્લક્સિઓન્સ (Fluxions) :**

$x$ અને $y$ એવી રકમો (quantities) છે કે જે બદલાય છે. આવી રકમોને ન્યૂટન વહેતી રકમો (flowing quantities) કે ફ્લુઅન્ટ્સ (fluents) તરીકે ઓળખે છે. તેમના વેગને $\dot{x}$ અને $\dot{y}$ વડે દર્શાવાય છે અને તેમને ફ્લક્સિઓન્સ તરીકે ન્યૂટન ઓળખે છે. ધારો કે $x$ અને $y$ નો વધારો તેમના વેગ $\dot{x}$ અને $\dot{y}$ ના પ્રમાણમાં છે. આ વધારો ખૂબ જ ટૂંકા સમયનો છે. આથી $x$ માં થયેલો વધારો $h\dot{x}$ અને $y$ માં થયેલો વધારો $h\dot{y}$ છે, જ્યાં $h$ અનિયત નાનો (Indefinitely small) છે. આથી, $y = x^2$ માં

$$y + h\dot{y} = (x + h\dot{x})^2$$
$$= x^2 + 2hx\dot{x} + h^2\dot{x}^2$$
$$\therefore \quad \frac{\dot{y}}{\dot{x}} = 2x + h\dot{x} \text{ છે.}$$

$x, y, \dot{x}, \dot{y}$ ની સરખામણીમાં $h$ ખૂબ જ નાનો હોઈને $= 2x$ છે. ખરેખર કલનગણિતને વેગની નજરે જોવું છે ? બર્કલી, ડીલેમ્બર્ટ અને લાગ્રાન્જે જણાવ્યું કે આપણને સ્વતંત્ર રીતે એકલા વેગનો ખ્યાલ ન હોઈને તે કલનગણિતનો પાયો ન બની શકે. કલનગણિત એ ગણિત જ છે, ભૌતકશાસ્ત્ર નથી. આથી, આ વિચાર માંડી વાળવો પડ્યો.

**શરૂઆતના લક્ષનો વિચાર :**

જેમ $h$ નાનો અને નાનો બનતો જાય તેમ $2x$ ની નજીક આવતો જાય છે. જ્યારે $h$ નાનો અને નાનો બનતો જાય તેમ વિચારીએ ત્યારે ગુણોત્તરનું લક્ષ $2x$ છે. આપણે ગુણોત્તર અને $2x$ વચ્ચેનો તફાવત $h$ ની યોગ્ય કિંમત લઈને જેટલો જોઈએ તેટલો રાખી શકીએ. આ જાતનો ખુલાસો ન્યૂટને આપેલો. ન્યૂટને ગુણોત્તરના લક્ષને બીજી રીતે પણ જણાવેલ : આ ગુણોત્તરનું લક્ષ 'છેલ્લો ગુણોત્તર (Last ratio)' અથવા 'મૂળભૂત ગુણોત્તર (Ultimate ratio)' છે. $h$ ની કિંમત અદશ્ય થાય તે પહેલાંની $h$ ની કિંમત માટેની ગુણોત્તરની કિંમત તે છેલ્લો ગુણોત્તર કે મૂળભૂત ગુણોત્તર છે.

બર્કલીનો લક્ષની રીત સામેનો મુખ્ય વાંધો એ હતો કે $2x + h$ કોઈ પણ કાળે $2x$ ન બને. એ જ રીતે છેદક રેખાનાં બે બિંદુઓ ગમે તેટલાં નજીક હોવા છતાં સ્પર્શક ન બને. લક્ષ શોધવાની રીત જ બર્કલીની નજરમાં ગેરકાયદેસર છે. $h = 0$ અથવા $h \neq 0$. જો $h = 0$ હોય, તો આપણે ગુણોત્તર મેળવી ન શકીએ. જો $h \neq 0$ હોય, તો $2x + h$ કોઈ દિવસ $2x$ ન બને. બર્કલીએ જણાવ્યું કે $h$ ને કાઢી ન શકીએ.

**શૂન્ય :**

$h$ ને આપેલી કોઈ પણ સંખ્યાથી નાની બનાવી શકાય. આથી સીમિત સંખ્યા (Finite quantity) $2x$ જેવામાં $h$ ઉમેરીએ ત્યારે $h = 0$ છે. જ્યારે કોઈ સીમિત સંખ્યામાં $h$ ઉમેરીએ ત્યારે $h$ શૂન્ય છે, પણ જ્યારે $h$ કોઈ ગુણોત્તરમાં હોય ત્યારે $h$ શૂન્ય નથી. જેમકે, $\frac{2xh \quad h^2}{h}$ એ $\frac{0}{0}$ નથી, પણ $2x + h$ છે. $2x + h$ માં $h = 0$ હોઈને $2x$ છે. આ જાતનું વિચારવાનું ઑઇલર અને લાપ્લાસનું હતું. આને બિશપ બર્કલીની ટીકા ખાસ લાગે છે.

**કોશી (Cauchy) :**

**લક્ષની સુધારેલી આવૃત્તિ :**

ઓગણીસમી સદીમાં કોશીએ "$2x + h$ માં $h$ શૂન્ય તરફ જાય, ત્યારે $2x + h$ નું લક્ષ $2x$ છે." તે સુધારીને જણાવ્યું કે "$2x + h$ અને $2x$ વચ્ચેના નિરપેક્ષ તફાવતને $h$ ને જરૂરિયાત પ્રમાણે લઈને આપેલી કોઈ પણ રકમ કરતાં નાનો બનાવી શકાય." આમાં, $2x + h$ નું લક્ષ્ય શું અને ક્યારે તેના લક્ષે પહોંચશે તેની કોઈ વાત જ નથી. ફક્ત અને ફક્ત $2x + h$ અને $2x$ વચ્ચેનો નિરપેક્ષ તફાવત જોઈએ તેટલો નાનો કરી શકાય તેનો અર્થ $2x + h$ તેના લક્ષ $2x$ ની જોઈએ તેટલી નજીકમાં હોવો જોઈએ.

આ બધી રીતોથી કલનગણિતના સામાન્ય ખ્યાલોને સમજાવવાનો પ્રયત્ન થયેલો. ગણિતશાસ્ત્રીઓમાં કલનગણિતના પાયાના પ્રશ્નને ગંભીરતાથી લઈને કંઈક કરનાર હોય, તો લાગ્રાન્જ જ હતા. તેઓ વારંવાર આના માટે પ્રયત્ન કરતા રહ્યા. શક્ય છે કે તેમને ભણાવવામાં આની ખાસ જરૂરિયાત લાગી હોય. તદ્‌ઉપરાંત બર્કલીની ટીકાઓ વ્યાજબી લાગતી હોઈને દરેક સમયે પાયો વ્યાજબી ન લાગ્યો હોય. યુક્લિડની ભૂમિતિથી મોટા ભાગના

ગણિતશાસ્ત્રીઓ પરિચિત હોઈને કલનગણિતને પણ તે રીતે ગોઠવવાનો પ્રયત્ન કરતા હતા. 1797માં લાગ્રાન્જે તેમના પુસ્તક 'Fonctions Analytiques' માં પ્રયત્ન કરેલો. ખાસ નોંધવા જેવી કોઈ બાબત હોય તો તે છે કે લાગ્રાન્જ એમ માનતા કે કલનગણિતના ખ્યાલોને સંગીન બનાવવા માટે તેમને બૈજિક ખ્યાલમાં દર્શાવવા જોઈએ. આ જાતનું વિચારવાનું બોલઝાના અને કોશીના મગજમાં ઊતરી ગયું.

કલનગણિતને પાકા પાયે મુકવા માટે નવેસરથી અંકગણિત અને બૈજિકથી જ કલનગણિતના નિયમો ઘડવા પડશે. એ સમયના ગણિતશાસ્ત્રીઓ અને તેમાંયે દલામ્બર્ટ એવું માનતા કે કલનગણિતના પાયાની રીત લક્ષની રીતમાંથી જ મળશે. જાણે કે આ ચળવળના હોદ્દેદારોને પણ લક્ષનો ખાસ ખ્યાલ ન હતો. આમાંના કોઈ લક્ષની વ્યાખ્યા એવી ન આપી શક્યા કે જે તર્કશાસ્ત્રની સામે ટકી શકે. આખરે કોશી જ બધી રીતે સ્વીકારી શકાય તેવી લક્ષની વ્યાખ્યા આપી શક્યા. કોશીએ લક્ષની શાબ્દિક વ્યાખ્યા આપી જે પહેલી નજરે આધુનિક વ્યાખ્યા જેવી લાગતી નથી :

જ્યારે ચલને અનુક્રમે આરોપેલી કિંમતોએ (આપેલું વિધેય) અચોક્કસ રીતે ચોક્કસ કિંમતે પહોંચે, જેથી છેવટે ચોક્કસ કિંમતથી જેટલો જોઈએ તેટલો નાનામાં નાનો ફેરફાર રાખી શકાય તો તે ચોક્કસ કિંમત બધાનું લક્ષ કહેવાય છે.

When the successively attributed values of the same variable indefinitely approach a fixed value, so that finally they differ from it by as little as desired, the last is called the limit of all the others.

આ જ રીતે કોશીએ વિકલિતની શાબ્દિક વ્યાખ્યા આપી :

જ્યારે $h$ શૂન્યે જાય, ત્યારે $\frac{f(x \quad h) \quad f(x)}{h}$ નું અસ્તિત્વ હોય, તો તે $f(x)$ નો વિકલિત છે.

આવી જ વ્યાખ્યા ન્યૂટન, લાઇબ્નિઝ, દલામ્બર્ટ, મૅકલૉરિન અને ઑયલરે આપેલી, પણ ખાસિયત એ છે કે જ્યારે જરૂર પડે ત્યારે તે વ્યાખ્યાને બૈજિક અસમતામાં વાપરતા :

$\delta$, $\varepsilon$ બે ખૂબ જ નાની સંખ્યાઓ છે. $h < \delta$ અને આપેલા આંતરલમાં $x$ ની કોઈ કિંમત માટે ગુણોત્તર $\frac{f(x \quad h) \quad f(x)}{h}$ હંમેશાં $f'(x) - \varepsilon$ કરતાં વધારે અને $f'(x) + \varepsilon$ કરતાં ઓછો છે. $f'(x)$ એ $f(x)$ નો વિકલિત છે.

કોશી લક્ષના ખ્યાલને (concept) બરાબર રીતે સમજનાર સૌ પ્રથમ હતા અને તે જ પ્રમાણે લક્ષને કલનગણિતમાં સફળતાપૂર્વક વાપરનાર પણ પ્રથમ હતા. તેમણે તેમના 1821ના પુસ્તક Cours d'analyse માં લક્ષ, સતતા અને અભિસાર આપ્યાં છે જ્યારે 1823ના બીજા પુસ્તક Calcul infinitesimal માં વિકલન અને સંકલન આપ્યાં છે. કલનગણિત લક્ષના પાયા ઉપર રચી શકાય તેવો વિચાર કોશીને ન્યૂટન, દલામ્બર્ટ અને લે ક્રોઇસના કામ ઉપરથી આવવાની શક્યતા ઘણી છે. લક્ષના ખ્યાલને બૈજિક અસમતામાં ફેરવી શકાય તે નિર્ણાયક સમજ ક્યારે આવી તેનો ખ્યાલ નથી. વિકલનની રીતો, શ્રેઢીઓનો સરવાળો, સંકલનની કિંમત મેળવવાની રીતો વગેરે વિકસાવેલું પણ લક્ષનો ઉપયોગ કરીને સાબિત કરેલું નથી. કલનગણિતનો પાયો લક્ષ લઈને કલનગણિતનાં બધાં પરિણામો સાબિત કરવાં તે બોલવું સહેલું છે, જે કોશીએ કરી બતાવ્યું. પૂર્વધારણાઓની મદદથી પ્રમેયો સાબિત કરવાની ભૂમિતિની જૂની રીતના જેવી જ રીત કોશીએ અપનાવીને જૂનું અને નવું ગણિત ભેગાં કર્યાં. કોશીના કામની ગુણવત્તા એટલી બધી ઊંચી હતી કે તેમના પછી આવનારાઓએ તેમના વિષયનું

વિસ્તરણ કર્યું કે તેમના કામમાં થોડાક સુધારાવધારા કર્યા. સાથે સાથે ગણિતનું કેન્દ્ર ફ્રાન્સથી જર્મની ગયું. ફ્રેન્ચનાં ગણિત પુસ્તકોનું જર્મન ભાષામાં ભાષાંતર થયું અને પછીનું ગાણિતિક વિશ્લેષણનું (Mathematical analysis) કામ કાર્લ વાયર્સ્ટ્રાસ (Karl Weierstrass) અને તેમના વિદ્યાર્થીઓએ કર્યું. સામાન્ય રીતે,

જ્યારે $x$ એ $a$ ને અનુલક્ષે છે ત્યારે $f(x)$ એ L ને અનુલક્ષે છે ને આપણે $\lim_{x \quad a} f(x) = L$ થી દર્શાવીએ છીએ જેને વાયર્સ્ટ્રાસે અદ્ભુત રીતે રજૂ કર્યું.

જો પ્રત્યેક $\varepsilon > 0$ માટે $\delta > 0$ મળે, જેથી જો $0 < |x - a| < \delta$, તો $|f(x) - L| < \varepsilon$ છે. જો આમ બને તો આપણે ટૂંકમાં $f(x) = L$ થી દર્શાવીએ છીએ.

1684માં લાઇબ્નિઝે કલનગણિતની શરૂઆત કરી. 1821માં કોશીએ લક્ષની વ્યાખ્યા આપીને કલનગણિતને સંગીન પાયા ઉપર મૂક્યું. આશરે 1856માં વાયર્સ્ટ્રાસે હાલમાં વપરાતી લક્ષની વ્યાખ્યા આપી. લગભગ 172 વર્ષે પાયાની લક્ષની વ્યાખ્યા મળી. આ વ્યાખ્યા સમજવી જરાયે સરળ નથી, છતાંયે આપણા ધોરણ 12ના પુસ્તકમાં આપણા બધા વિદ્યાર્થીઓ વાયર્સ્ટ્રાસ જેવા હોય તેવું માનીને લક્ષના પ્રકરણમાં શરૂઆતમાં જ લક્ષની આ વ્યાખ્યા આપવામાં આવે છે. લેખક સાપેક્ષવાદના આઇન્સ્ટાઇનનાં સમીકરણો સરળતાથી સમજી શકેલા, પણ લેખકને લક્ષની $\varepsilon$–$\delta$ વાળી વ્યાખ્યા પચાવતાં ઘણો સમય લાગેલો.

આ લેખ નીચેના પુસ્તક અને લેખના આધારે લખેલો છે :


(1) Grabiner Judith V. The Origins of Cauchy's Rigorous Calculus, Dover Publications, Inc. Mineola, New York, 2005

(2) વિઠ્ઠલભાઈ અં. પટેલ, ''કલનગણિતનો ઇતિહાસ-3'' $\lim_{x \quad a}$ સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત, જુલાઈ-ઑગસ્ટ, 2016, પા. 35



**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર

મો. ૯૪૨૮૦૧૯૦૪૨


જગતમાં માબાપનો પ્રેમ મેં જેવો જાણ્યો છે તેવો કોઈએ નહીં જાણ્યો હોય. મારા પિતા ઝીણાંમાં ઝીણાં કામ પણ નોકરચાકર પાસે નહીં, પણ મારી પાસે જ કરાવતા. પાણી જોઈતું હોય કે પગ ચાંપવાના હોય, કંઈ પણ કામ હોય કે મને બૂમ પાડી જ છે. મારા તરફ એમની આસક્તિ કંઈક અલૌકિક હતી.

તે દિવસે હંમેશની રીત પ્રમાણે હું પગ દાબતો હતો. પગ દાબતાં દાબતાં એમ વિચાર થયા કરે કે આજે છૂટી મળી જાય તો બહુ સારું – નાટક જોવાય. કહેવા ગયો, ''બાપુ...'' પણ બાપુ સાંભળે શેના ? જાણી ગયા ખરા કે આજે છોકરાનું ચિત્ત ક્યાંક ચોંટેલું છે. બીજી વાર કહ્યું, ''બાપુ, આજે ભારે નાટક છે,'' તોયે જવાબ ન મળ્યો. પણ મને તે દિવસે એવો તો મોહ લાગ્યો હતો કે હું ચેતું શેનો ? ત્રીજી વાર કહ્યું, ''આજે ભારે નાટક છે, બાપુ, જોવા જાઉં ?'' ''જ....જાઓ'' એ શબ્દ એમના મોંમાંથી નીકળ્યા, પણ એનો અર્થ ''ના જાઓ'' એમ જ હતો. છતાં આપણે તો ગયા.

નાટકનો પહેલો જ પડદો ખૂલેલો હતો, અને હું તો નાટકનો ભારે રસ લેવાને તત્પર થઈ રહેલો હતો. તેવામાં ઘેરથી એક જણે આવીને ખબર આપ્યા, ''બાપુ તો ઘેર રોઈને માથું કૂટે છે.'' હું તરત નીકળી આવ્યો. ઘેર જઈને બાપુની માફી માગી. કંઈ પણ બોલ્યા નહીં. એક પણ કડવો શબ્દ કહ્યો નથી. પોતે જ રોઈને, માથું કૂટીને પોતાનો અણગમો બતાવ્યો.

તે દિવસથી, તેમની જિંદગીમાં તો મેં કદી નાટક નથી જોયો. **– મહાત્મા ગાંધી**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**From England With Love : An Indian Student Writes From Cambridge, 1926-27 / By Kalidas Desai; ed. Padma Desai. Penguin Enterprise, 2014, xx, 217 P. Rs. 399. ISBN : 978-0-670-08782-2.**

પ્રસ્તુત પુસ્તક એ સુરતની એમ.ટી.બી. કૉલેજના અંગ્રેજીના અધ્યાપક અને પ્રિન્સિપાલ સ્વ. કાલિદાસ દેસાઈ (જ. ? - અ. ૧૯૮૨) એ કેમ્બ્રિજ યુનિવર્સિટી (ઇંગ્લૅન્ડ)માં વર્ષ ૧૯૨૬-૨૭માં અભ્યાસ અર્થે નિવાસ દરમિયાન આ બે વર્ષોના સમયગાળામાં ઇંગ્લૅન્ડની શિક્ષણવ્યવસ્થા, અભ્યાસક્રમ, પરીક્ષા, વિવિધ વિષયક્ષેત્રના પ્રતિભાસંપન્ન અધ્યાપકો, અધ્યાપકીય નિષ્ઠા અને અધ્યાપન શૈલી, પોતે વાંચેલ અંગ્રેજી સાહિત્ય અને જોયેલાં નાટકો, સુપ્રસિદ્ધ સર્જકોનાં સ્મૃતિ કેન્દ્રોની મુલાકાતો, નોર્સ અને સ્કેન્ડિનેવિઅન એન્ગ્લો સેકસન ભાષાઓ, ઇંગ્લૅન્ડની સંસ્કૃતિ, પ્રવાસન કેન્દ્રો, ધર્મ અને પ્રેમસંબંધી ખ્યાલો, ભારતીય માનસિકતા અને સામાજિક સ્થિતિ વગેરે સંબંધી જે અનુભવ્યું તે સંબંધી પોતાના અધ્યયનશીલ અને સુસ્પષ્ટ પ્રતિભાવો દર્શાવતા પત્રો પોતાના અંતરંગ સખા અને એમ. ટી. બી.ના સાથી અધ્યાપક પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (ગુજરાતી સાહિત્યના પ્રબુદ્ધ ચિંતક – વિવેચક)ને પ્રતિ સપ્તાહે લખ્યા હતા તેનો સંગ્રહ છે. અલબત્ત, આ દરમિયાન અનુભવેલ એકલતા, વારંવાર બદલવાં પડતાં નિવાસસ્થાનો, ઇંગ્લૅન્ડનું હવામાન, પ્રકૃતિપ્રેમ, પત્નીની બીમારી અને એકલતા, મિત્ર વિષ્ણુભાઈનું કથળતું જતું સ્વાસ્થ્ય અને પારિવારિક સમસ્યાઓ, ક્રિકેટ શોખ, એમ.ટી.બી. કૉલેજ ગ્રાઉન્ડ – બગીચો – મેગેઝીન સંબંધી ચિંતા-ચિંતન વગેરે આનુસંગિક બાબતો વણાયેલ જોવા મળે છે, જેમાં એક સંવેદનશીલ વ્યક્તિનો ધબકાર સતત સંભળાતો રહે છે. આમ છતાં, અહીં ઇંગ્લૅન્ડ વિષયક આટલી પત્ર-સમૃદ્ધિ વચ્ચે ‘સ્ટેફર્ડ અપઓન એવન’ વિશેના પત્રનો અભાવ ! સંભવતઃ missing હશે તેમ માનવું રહ્યું.

આ એક અસાધારણ ઐતિહાસિક અને દૂરંદેશિતાની દ્યોતક ઘટના સંદર્ભે નોંધવું રહ્યું કે પોતાના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાના હેતુસર એમ.ટી.બી.ની ગવર્નિંગ બોડી ‘સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી’ એ ખર્ચની તમામ જવાબદારી સ્વીકારીને પોતાના અધ્યાપકને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સઘન અભ્યાસ માટે મોકલી આપેલ, જે માટે સોસાયટીના દષ્ટિપૂત કર્ણધારો આપણા અભિનંદનના અધિકારી બની રહે છે. ઉલ્લેખનીય છે કે મૂળમાં આ પ્રસ્તાવ પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે અનિચ્છા દર્શાવતાં પ્રા. કાલિદાસ દેસાઈને કેમ્બ્રિજ મોકલવામાં આવ્યા હતા.

આ સંપાદન ઊડીને આંખે વળગે તેવી ત્રણ વિશેષતાઓ ધરાવે છે : ૧ પત્ર-લેખકે પોતાના પત્રોમાં પ્રસંગોપાત્ત અંગ્રેજી વગેરે ભાષા-સાહિત્યના સર્જકો અને તેમની કૃતિઓ, ઇંગ્લૅન્ડનાં સાંસ્કૃતિક અને પ્રવાસન કેન્દ્રો, વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ, સંસ્થાઓ, ઘટનાઓ વગેરેનો ઉલ્લેખ કર્યો છે તે પૈકીના ઘણા-ખરા મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો જેમ કે, Alfred Tennyson, Carisbrooke Castle, A Doll’s House, Surat, Norse, The Nurse, Oedipus the King, William Hazlitt, Sheldonian Theater, Shapuriji Dorabji Saklatvala વગેરેનો સંપાદિકાએ સસંદર્ભ સંતર્પક પરિચય પત્રના અંતે Notes હેઠળ કરાવ્યો છે, જેથી આ સંપાદન Value Added બની મહોરી રહ્યું છે, ૨. પસંદગીનાં કેન્દ્રોના ફોટોગ્રાફ્સ, દિશા અને અંતર નિર્દેશ કરતા નકશા વગેરેનું ઉમેરણ કરીને ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધાર્યું છે અને ૩. ગ્રંથારંભે સંપાદકીય - Introduction -માં પત્રમાં અભિવ્યક્ત વિષયવસ્તુ અને પત્રલેખકનો – બાપુજી સાથેનાં સંસ્મરણો વાગોળીને – અધ્યયનશીલ પરિચય કરાવવો. આ બધી વિગત પ્રચૂર માહિતી અને

તત્સંબંધી અધ્યયન સંપાદિકાનાં અંગ્રેજી સાહિત્ય પ્રતિ વિશેષ રસ-રુચિ, બહુશ્રુતતા અને બાપુજી તરફથી પ્રાપ્ત વારસાના સુપેરે નિર્વહણનાં દ્યોતક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે આ પત્રોની સંપાદિકા 'પદ્મભૂષણ' ડૉ. પદ્મા દેસાઈ પત્ર-લેખકનાં વિદુષી પુત્રી અને વિખ્યાત અર્થશાસ્ત્રી જગદીશ ભગવતીનાં પત્ની છે કે જેઓ કોલમ્બિઆ યુનિવર્સિટી, ન્યૂયોર્કમાં તુલનાત્મક અર્થશાસ્ત્ર પદ્ધતિઓનાં પ્રોફેસર છે તથા રશિયન અર્થશાસ્ત્રી તરીકે સુખ્યાત છે. અર્થશાસ્ત્ર વિષયક તેમના કેટલાક ગ્રંથો ઉપરાંત સંસ્મરણાત્મક ગ્રંથ 'Breaking Out : An Indian Woman's American Journey' (૨૦૧૨) પણ વખણાયો છે.

સમગ્રતયા, આ બધા પત્રોની વિશેષતા એ છે કે પ્રાયઃ તેના લેખનની શતાબ્દીના આરે આવ્યા હોવા છતાં બહુવિધ રીતે તરો-તાજા અને આજે પણ પ્રસ્તુત બની રહે છે. આ સાથે લેખકની નિર્દંભ અને નિર્ભીક વિચાર-સમૃદ્ધિ, વિવેચનાત્મક અભિગમ - criticality, સ્ફટિક સમ અધ્યાપકીય પ્રતિબદ્ધતા વગેરેનાં સહજમાં દર્શન થાય છે. લેખકની આ નિષ્ઠા સમયાન્તરે તેમને કૉલેજની ઓળખના પર્યાય તરીકે પ્રસ્થાપિત કરે છે, જે આગવી ઉપલબ્ધિ ગણવી રહી. આ સાથે પત્રોની અભિવ્યક્તિનું માધ્યમ એવી પત્ર-લેખકે પ્રયોજેલ રસળતી અંગ્રેજી ભાષા પણ ધ્યાનાર્હ બની રહે છે. આશરે ૨૫-૨૬ વર્ષની વયનો તાજો જ બનેલો યુવા અધ્યાપક કેટલો તરો-તાજા, સંપન્ન અને વ્યવસાયિક ફરજો પ્રતિ નિષ્ઠાવાન તે અહીં સ્પષ્ટ ઊપસી આવે છે. આ સંદર્ભે સંપાદિકાનું અવલોકન : 'Father's writing is ornate and picturesque, and occasionally Quaint. He reacts to every experience, be it visiting a graveyard or seeing a play or watching a cricket match in London, with total immersion and personal involvement, and above all, with scholarly reflections.' દ્રષ્ટવ્ય બની રહે છે.

અંગ્રેજી ભાષા-સાહિત્યમાં રસ-રુચિ ધરાવનાર સૌ કોઈ માટે આ પત્રોનું વાચન બહુવિધ રીતે ઉપકારક બની રહેશે. ગ્રંથસ્થ પત્રોમાં શિક્ષણ પ્રણાલી, અધ્યાપકોની અધ્યયન-નિષ્ઠા અને તજજ્ઞતા, ધર્મ, રીતભાત વગેરે સંદર્ભે લેખકે પ્રતિભાવો અભિવ્યક્ત કર્યા છે, તે પૈકી કેટલાંક વિચાર–મૌક્તિકો મમળાવવા જેવાં છે, જે આ રહ્યાં :

'The greatest factor in the education of pupils is that personal influence of and radiation from the teacher, which you, I believe, possess to an eminent degree. Here in Oxford and Cambridge the professors and lecturers are specialists in the strictest sense of the word... The pupil gets an amount of information and satisfaction and often much interest and pleasure because all the sides and issues connected with the subject have completely been grasped by the lecturer. This indeed should be our ideal, but it is most difficult of attainment.... our whole atmosphere cramps and dwarfs; we are a fallen nation, a pigmy people; we don't crave liberty of opinion and action as we say to ourselves we do. And therefore our intellectual build lacks in strength and solidity.' (P. 13).

ૐ

'Lectures here will go on till the last day before the exam.' (P. 198).

•

'Last week I saw on the stage five plays of Shakespeare - I felt on the whole that not only my money but also my time was lost.... I should, however, give praise where it is due. Shylock in *Merchant of Venice,* and Ariel, Caliba, Gonzalo and Stephano in *Tempest* were really enjoyable. (P. *25).*

•

'The more I see and the more I think, the more I believe that our Hindu Society wants education and democratization. Disorganized, illiterate, self-sufficient, divided into small camps, and groups, and hidebound unnatural illogical castes, how weak

and pitiable we are ! In our home-life, in our corporate life, in education, in sanitation, in manners, I am afraid even in morals, public and private, we are a wretched spectacle. What a complete paralysis of our life !' (P. 94)

•

'What is this they call 'Religion'. I now believe it is one of the curses of man. It is worse than Pandora's box. What fanaticism of Mahommedanism, what bloodshed of Xianity, what weakness of Hinduism, what hopeless blanks in Buddhism ! Organized religion makes us inhuman, blind, selfish cruel. The more we free ourselves from this painted demon, the truer shall we *realize* ourselves and worship our Maker better. Is not manhood enough ? (P. 101).

•

'Wordsworth cottage is Quiet and humble... To the English and to lovers of English Literature it is a place of pilgrimage.' (P. 1 19).

•

'Hardy is not only a great and creative story-teller only, he is the most sympathetic disciple of Nature. And Sorrow is his own. He revels in soroow.' (P. 132)

•

'This week I also read some Tennyson. He lacks, I believe, in that imagination which we associate with the names of Shakespeare or Keats. He feels deeply at times, but his philosophy and thought are not profound. But he is a supreme singer aned painter. He has his poetic moments.' (P. 145).

અને છેલ્લે પ્રસ્તુત ગ્રંથ સંબંધી ત્રણ મંતવ્યો જોઈએ, જે આ ગ્રંથની મહત્તાને સમજવા માર્ગદર્શક નીવડશે :

'Written nearly a hundred years ago... and edited with love and literary grace by his daughter Padma, who has also written a striking Introduction, [these letters] should fascinate all interested in ''close encounters'' between India and England in the colonial period... [evoking] memories of an earlier Cambridge that I am sure other Cantabrigians will also savour'.

**Jagdish Bhagwati**

'[A] treat for serious historians, as well as for those of us with more amateur and perhaps personal interest in the history of Fitzwilliam College'.

**- Nichola Padfeld**

'આઝાદી પૂર્વે આપણી સામાજિક દુર્દશા, વૈચારિક મર્યાદાઓ, રૂઢિદાસત્વ જેવાં, પ્રગતિને અવરોધતાં પરિબળોથી સભાન આ યુવાન અધ્યાપન પોતાની ખિન્નતા સાથે અનેક બાબતો પર મૌલિક અને જલદ વિચારો પ્રસ્તુત પત્રોમાં વ્યક્ત કરે છે. આમ, આ પત્રો તત્કાલીન ભારતીય સમાજ પરની ટિપ્પણી જેવાય છે. જીવનના આરંભકાળે, હજી તો અનુભવની પણ શરૂઆત છે ત્યારે આ અધ્યાપકની વિચારસંપત્તિ માટે માન થાય એ તો ખરું, વિશેષ ધ્યાન ખેંચાય છે એમની ભાષા તરફ. પ્રવાહી અને પ્રભાવક અંગ્રેજીમાં એ વ્યક્ત થાય છે, પચીસ-સત્તાવીસની વયે ભાષા પરનો આવો કાબૂ એ કાળના શિક્ષણની સિદ્ધિ ગણીશું ?' – **હિમાંશી શેલત**

❖

**ઉજાસભર્યો એક ખંડ : એમ. ટી. બી. કૉલેજ સાથે ત્રણ દાયકાની યાત્રા / હિમાંશી શેલત. વલસાડ : લેખિકા (18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ), 2018. 48 પૃ. કિંમત – અમૂલ્ય.**

ભૌતિક દૃષ્ટિએ – કિંમતની રીતે – 'અમૂલ્ય' છતાં તેના વિષયવસ્તુની રીતે આ નાનકડું છતાં વિચારોત્તેજક પુસ્તક વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, શૈક્ષણિક સંસ્થાઓના સ્થાપકો કે નગરસેવા માટે ઉત્સુક એવા સૌ કોઈ માટે અણમોલ પાથેય સમ છે. અહીં સુરતના

વિદ્યાપ્રેમી અને સમર્પિત નગરહિતચિંતકો એવા સર્વ શ્રી ચુનીલાલ શાહ, ચુનીલાલ ગાંધી વગેરે દ્વારા ૧૯૧૨માં 'સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના, આ સોસાયટીમાં શહેરનાં વિવિધ વિદ્યાક્ષેત્રોનાં પ્રતિભાવંત અને મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વોની 'ધાર્મિક, સામ્પ્રદાયિક કે રાજકીય વાડા અને મતમતાંતરોથી પર' રહીને કંઈક કરી છૂટવાની સામેલગીરી, સંસ્થાપકોની ઉમદા સેવાભાવના અને પ્રવૃત્તિઓ, ઉચ્ચશિક્ષણના પ્રચાર-પ્રસાર હેતુ એમ.ટી.બી. કૉલેજની ૧૯૧૮માં સ્થાપના, કૉલેજની સ્થાપના કર્યાના પ્રથમ દશકમાં જ – વર્ષ ૧૯૨૬-૨૭માં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંપૂર્ણ આર્થિક ખર્ચની જવાબદારી વહન કરીને વિદ્યાર્થીઓના લાભાર્થે અંગ્રેજીના પ્રા. કાલિદાસ દેસાઈને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે મોકલી આપવા સંબંધી ઉદાહરણ સ્વરૂપ પહેલ વગેરેની – ગ્રંથના કથયિતત્યની પૂર્વભૂમિકા સમ – નોંધ લીધા બાદ 'નગર આખું ઓવારણાં લે' તેવા એમ. ટી. બી.ના તપોનિધિ આચાર્યો જેમ કે આચાર્યશ્રી દસ્તૂર, સંસ્કૃત અને અંગ્રેજીના પ્રકાંડ પંડિત શ્રી રાજવડે, શ્રી ધનંજય ગાડગીલ, ગણિતશાસ્ત્રના વિદ્વાન રેન્ગલર શ્રી એન. એમ. શાહ, શ્રી કે. એલ. દેસાઈ, શ્રી જે. ટી. પરીખ, શ્રી કુંજવિહારી મહેતા વગેરે અને સ્વાધ્યાયનિષ્ઠ અને જ્ઞાનસમૃદ્ધ અધ્યાપકો જેમ કે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, કે. એલ. દેસાઈ, પ્રો. ડૉ. પટેલસાહેબ, ચીનુભાઈ ઠાકર, એ. ડી. શાસ્ત્રી, જયંત પાઠક, બી. એ. પરીખ, મોહન મેઘાણી, વિજય શાસ્ત્રી વગેરે વગેરેની વિદ્યાકીય પ્રવૃત્તિઓ અને આ સહુનો સમાજ ઉપર – સુરતના જનજીવન ઉપર પ્રભાવ, સામાજિક દાયિત્વની સભાનતા વગેરેનું એક સમયની એમ.ટી.બી.ની વિદ્યાર્થિની અને ત્યારબાદ અધ્યાપિકા તરીકે સેવા આપનાર લેખિકાએ એમ.ટી.બી. સાથેના ત્રણ દાયકાના સ્વાનુભવોના આધારે સ-રસ નિરૂપણ કર્યું છે.

પુસ્તિકાનો પ્રારંભ એમ. ટી. બી.ના ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને આચાર્યશ્રી કાલિદાસ દેસાઈના વિચાર-સમૃદ્ધ અને પ્રાણવાન પત્રસંચય 'From England With Love'નું એમ. ટી.બી.ના શતાબ્દી પર્વ ટાણે પ્રકાશન થયાના ઉલ્લેખથી કરવામાં આવ્યો છે, જે બહુવિધ રીતે સૂચક બની રહે છે. લેખિકાએ આ પુસ્તકમાંથી પ્રેરણા મેળવીને – તેના રોમાંચક વાચન – અનુભવથી એમ. ટી. બી.ના શતાબ્દી-પર્વ ઉજવણી પ્રસંગે 'સંસ્થાના વિદ્યાકીય વાતાવરણને અને એના તેજસ્વી, નિષ્ઠાવાન અધ્યાપકોને તથા સોસાયટી સાથે સંકળાયેલાં વિશિષ્ટ વ્યક્તિત્વોને યાદ કરવાનો આ સમય છે. એ ભવ્યતાનો ઇતિહાસ ભૂલી શકાય એવો નથી' એવા ઉદાત્ત ભાવથી પ્રેરાઈને પોતાની માતૃસંસ્થા તથા કર્મભૂમિનું ઋણ ચૂકવવાનો પ્રયાસ આ પુસ્તિકા થકી કર્યો છે. અહીં કૉલેજ કે સોસાયટી સંબંધી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ કે ઇતિહાસના સ્થાને અધ્યાપક-ખંડનું વિદ્યાવ્યાસંગી હર્યુંભર્યું પર્યાવરણ, બૌદ્ધિક ચર્ચાઓ, સમૃદ્ધ ગ્રંથાલય અને આ ગ્રંથાલયને વિશેષ સમૃદ્ધ કરવામાં સંસ્કૃતના પ્રા. મોહનલાલ પાર્વતીશંકરનું આર્થિક યોગદાન, '૪૨ની ચળવળ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઘટી જતાં કૉલેજ બંધ કરવાની સ્થિતિ પેદા થતાં અધ્યાપકો દ્વારા સ્વેચ્છાએ પગાર-કાપનો પ્રસ્તાવ કરવો, કટોકટીના કપરા કાળમાં દુર્ગાતાઈ ભાગવત અને મોહન ધારીઆનાં વ્યાખ્યાનોનું કૉલેજમાં નિર્ભીકપણે આયોજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક કે રાજકીય કટોકટી વખતે અધ્યાપકો અને આચાર્યશ્રીઓએ સભાનતાપૂર્વક અદા કરેલ સામાજિક દાયિત્વ, સુરતમાં ૧૯૬૯માં યોજવામાં આવનાર 'મહાયજ્ઞ'ના કર્મકાંડના વિરોધમાં અધ્યાપકોની તથા આચાર્યશ્રીની સક્રિયતા અને જાહેરસભાનું આયોજન અને તેની ફલશ્રુતિ સ્વરૂપે 'સત્યશોધક સભા'ની સ્થાપના, નાટ્ય, સંગીત, સાહિત્ય, રમતગમતની પ્રવૃત્તિઓના આયોજનોમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની ધ્યાનાકર્ષક સક્રિયતા ધબકતું કેમ્પસ, કૉલેજના વાર્ષિક મુખપત્ર 'સાર્વજનિકમ્'ના અંકોની સમૃદ્ધિ વગેરે બાબતોને આવરી લઈને કૉલેજની આગવી ઓળખ કરાવવાનો પ્રયાસ હૃદયંગમ બની રહે છે. આ સાથે જ કૉલેજમાં અન્યાય સામે અવાજ ઉઠાવ માટે અભ્યાસ કરી ગયેલાં તેજસ્વી રત્નો જેમ કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. હિતેન્દ્ર દેસાઈ, 'સેવા'નાં ઇલા ભટ્ટ, 'અવાજ'નાં ઇલા પાઠક, ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણ સેવાયજ્ઞ કરતાં કોકિલા વ્યાસ વગેરે વિદ્યાર્થીઓના ઘડતરમાં અધ્યાપકોની તત્પરતા વગેરેનું પણ ગૌરવ સાથે સ્મરણ કર્યું છે. આ ઉપરાંત અહીં એમ. ટી. બી.ની ઓળખના પર્યાય સમ સવિશેષતઃ કાલિદાસ દેસાઈ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. પટેલસાહેબ, વ્રજરામ

દેસાઈ, ડૉ. વિમળાબહેન નવલકર, ભાલચંદ્ર ભટ્ટ, ચીનુભાઈ નાયક અને ડૉ. જયંત પાઠક જેવા મૂઠીઊંચેરા અધ્યયન – અધ્યાપન નિષ્ઠ અધ્યાપકો, તેમના વર્ગોમાં છલકાતી વિદ્યાર્થીઓની સંખ્યા અને ધ્યાનાકર્ષક મંત્રમુગ્ધતા, તેમની આગવી અને પ્રભાવક અધ્યાપન શૈલી વગેરે ખાસિયતોને આવરી લેતાં સંક્ષિપ્ત છતાં તેમના વ્યક્તિત્વને આબેહૂબ રજૂ કરતાં પ્રેરણાદાયી રેખાચિત્રો તથા કૉલેજ સ્થાપક મંડળ – 'સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી'ના કર્ણધારોની દૂરંદેશિતાપૂર્ણ સેવાભાવનાને અંજલિ આપતાં નોંધેલ શબ્દો 'અંગત મહત્ત્વાકાંક્ષાઓના દબાણમાં વધુ ને વધુ લીલાં ચરિયાણની શોધમાં ઠેર-ઠેર ઊડાઊડ કરનારા નામી-અનામી વર્ષોમાં અનેક દીઠાં, પણ નવાં ખેડાણ કરવા જાત ઘસી નાખવાની હોય ત્યાં પગ ખોડીને ઊભાં રહેનારાં પ્રાણવાન વિરલાઓનાં પોત જ નોખાં. આ એ સત્ત્વશીલ વ્યક્તિત્વો હતાં જેમણે પોતાના પ્રદેશમાં ઉત્તમ શિક્ષણ આપવાનાં સપનાં જોયાં જેથી કરીને અહીંના ઉચ્ચ શિક્ષણનાં અભિલાષીઓને બહાર ભટકવું ન પડે. એ સપનાંને નક્કર ધરાતલ પર આણવા એમણે પોતાનું ઉત્તમોત્તમ ધરી દીધું. એમાંના કેટલાંયે એવાં હશે જે દેશપરદેશમાં બુદ્ધિબળે કીર્તિ મેળવી શક્યાં હોત, પણ એમણે એવી ગણતરીઓ ફગાવી દીધી, સાહસને વહાલું કર્યું અને સંસ્થાની લીલીસૂકીમાં એની પડખે રહ્યાં, પૂરી તાકાતથી.' ધ્યાનાર્હ બની રહે છે.

ગુજરાતની આ એક ગૌરવશીલ કૉલેજમાં અને અન્યત્ર પણ દિનપ્રતિદિન શિક્ષણનાં મૂલ્યોનું ધોવાણ થતું જોઈને લેખિકા પોતાની વેદના અભિવ્યક્ત કરતાં જોવા મળે છે, જેમાં તેમનાં શિક્ષણચિંતન અને સંસ્થા ભક્તિ દ્રષ્ટવ્ય બની રહે છે. આ પૈકી કેટલાંક વિધાનો સુચિંતનીય છે –

'એમ. ટી. બી.ની લૉબી ચર્ચાઓ ક્યારે બંધ થઈ એની નિશ્ચિત તવારીખ કદાચ નહીં મળે, પણ આજે તો સ્વસ્થ બૌદ્ધિક ચર્ચાનો યુગ લગભગ સમાપ્ત થઈ ગયો છે, એ કબૂલ કરવું પડે.'

❖

'બદલાતા સમયમાં ઘણું-ઘણું ધીમી છતાં મક્કમ ગતિએ અદૃશ્ય થયું. પરીક્ષાઓ મજાકરૂપ બનતી ગઈ અને આ તમાશો અટકાવી ન શકાયો. દરેક દિશાએથી અમને ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ, એવી પ્રાર્થના એળે ગઈ. વિશ્વવિદ્યાલયોમાં અને સાંસ્કૃતિક કેન્દ્રોમાં રાજકીય વિચારધારાઓનો પ્રભાવ વધતો ગયો. પરિણામે શિક્ષણને નામે નક્કર કેટલું હાંસલ થાય છે અને ફીફાં કેટલાં ખંડાય છે, એનાં લેખાંજોખાં થયાં નહીં. જવાબ માગનાર અને આપનાર દેખાતા નથી. ઊંચા પગાર છે, સલામતી છે, ભૌતિક સગવડો છે, રૂપાળાં મકાનો છે અને સિદ્ધિ મેળવનારાઓની યાદી પણ છે, છતાં શિક્ષણનું સત્ત્વ ક્યાં છે ? ઊંચાં નિશાન ક્યાં છે અને સ્તર જાળવવાની પ્રામાણિક મથામણ ક્યાં છે ? એ અગવડભર્યો સવાલ પૂછવા જેવો નથી.'

❖

'બૌદ્ધિકોનો એક વિશાળ સમુદાય મંદપ્રાણ અને પ્રભાવહીન બની જાય તે સમાજ અને શિક્ષણ માટે, રાજકારણ અને સાંસ્કૃતિકજગત માટે ચિંતાનો વિષય હોવો જોઈએ, છતાં ચિંતાના વિષયો આજે એ ઝડપે વધતા જાય છે કે આ બાબત કદાચ ખાસ ચિંતાજનક લાગી નથી સંબંધિતોને !'

❖

'જે વાતાવરણ વચ્ચે ત્રણ-ત્રણ દાયકાનો સમૃદ્ધ સમય પસાર કર્યો એ ભૂલી તો કેમ શકાય ? જે બિંદુ પર આજે છું એમાં એ ત્રણ દાયકાની તાલીમનો કેટલો મોટો ફાળો છે ! શું કરવું અને શું ન કરવું, સત્યનિષ્ઠા અને સિદ્ધાંતપ્રેમ શા માટે સાચવવાનાં અને પ્રામાણિકતાનું મૂલ્ય શું છે એ અમારા ગુરુજનોએ સામે બેસાડીને ગોખાવેલું નહીં. એ બધાંને તો અમે એ રીતે જીવતા જોયા હતા. એમની પાસે ઊંચા આદર્શો હતા અને સરળ સમાધાનો કે તડજોડ કરીને જીવવાના આગ્રહો હતા.'

❖

'શિક્ષકો અને વિદ્યાર્થીઓ તો પરિવર્તનના વાહકો છે, સત્તાની તુમાખીને પડકારનારાં, સામાજિક અનિષ્ટો સામે લડનારાં અને તાજા વિચારોને ફેલાવનારાં પરિબળો છે. એ જ્યારે ડરપોક, ગણતરીબાજ અને સત્તાની ખુશામત કરનારાં બને, શિક્ષણના પ્રાંગણમાં સહેલાઈથી તંત્રમાં ગોઠવાઈ જનારા, સ્વકેન્દ્રી અને સમાધાનો શોધનારા બને ત્યારે પરિવર્તનની આશા સમૂળગી નષ્ટ થાય છે. પરિવર્તનના આવાહકો જ્યારથી શિક્ષણક્ષેત્રમાં મળતાં બંધ થયાં અથવા ઘટતાં ગયાં ત્યારથી જ તેજ ઓસરતાં થયાં અને ઊર્જા મંદપ્રાણ થઈ.'

❖

**સામયિક લેખ સૂચિ : 2011-2015/ સંપાદક : કિશોર વ્યાસ. કાલોલ : કિશોર વ્યાસ (6 બી, મહેતા સોસાયટી, એમ. જી. એસ. હાઈસ્કૂલ પાછળ, કાલોલ-389330), વિક્રેતા : અમદાવાદ : અરુણોદય પ્રકાશન, 2017. ix, 294 પૃ. કિંમત રૂ. 300/- ISBN : 978-81-924479-5-7.**

પ્રસ્તુત લેખ-સૂચિ સવિશેષતઃ ગુજરાતી સાહિત્યને પ્રાધાન્ય આપતાં અને વર્ષ ૨૦૧૧થી ૨૦૧૫ દરમિયાન પ્રગટ થયેલાં સામયિકો પૈકી પસંદગીનાં ૩૩ સામયિકો જેમ કે 'ઉદ્દેશ', 'એતદ્', 'કવિતા', 'તાદર્થ્ય', 'દલિતચેતના', 'ધબક', 'નવનીત-સમર્પણ', 'પગલું', 'પરબ', 'પ્રત્યક્ષ', 'ફાર્બસ ત્રૈમાસિક', 'બુદ્ધિપ્રકાશ', 'શબ્દસર', 'શબ્દસૃષ્ટિ' 'સમીપે' વગેરેના આધારે તૈયાર કરવામાં આવી છે. આ બધાં સામયિકોમાં પ્રગટ થયેલ વિવિધ વિષયોના લેખોને ગુજરાતી ભાષા-સાહિત્યનાં મુખ્ય સ્વરૂપો વગેરે જેમ કે ૧. કવિતા, ૨. વાર્તા, ૩. નવલકથા, ૪. નાટક, ૫. નિબંધ, ૬. ચરિત્ર, ૭. પ્રવાસ, ૮. બાળસાહિત્ય, ૯. હાસ્યસાહિત્ય, ૧૦. લોકવિદ્યા – લોકસાહિત્ય, ૧૧. ભાષાવિજ્ઞાન – વ્યાકરણ – કોશ અને ૧૨. વિવેચન – સંશોધનનાં મુખ્ય વિષય મથાળાં હેઠળ વિભાજિત કરીને આ પ્રત્યેક મુખ્ય વિષય મથાળા હેઠળ સંબંધિત લેખો 'કૃતિ આસ્વાદ', 'ગ્રંથસમીક્ષા' અને 'અભ્યાસ'ના પેટા વિષય મથાળાં હેઠળ વર્ગીકૃત કરીને આપવામાં આવ્યા છે. આ ઉપરાંત આ બધાં સામયિકોમાં પ્રકાશિત 'સાહિત્યચર્ચા, અહેવાલ, પ્રાસંગિક અને સંપાદકીય' માટે તેમજ 'કેફિયત-મુલાકાતો' માટે બે સ્વતંત્ર મુખ્ય વિષય મથાળાં ફાળવ્યાં છે. વધુમાં, આ સામયિકોમાં સમાવિષ્ટ સાહિત્ય ઉપરાંત જ્ઞાન-વિજ્ઞાનના અન્ય વિષયો ઉદા. તરીકે ઇતિહાસ, રાજકારણ, ગાંધીસાહિત્ય, શિક્ષણશાસ્ત્ર, પત્રકારત્વ, સમાજશાસ્ત્ર, કલા, ધર્મ-દર્શન વગેરે કે જે ઉપર્યુક્ત ૧થી ૧૨ વિભાગો હેઠળ ફાળવી શકાયા નથી તે બધા લેખો 'અન્ય વ્યાપક : સમીક્ષા, અભ્યાસ' મથાળા હેઠળ ફાળવ્યા છે, તેમજ અહીં સૂચિ માટે પસંદ કરવામાં આવેલાં ૩૩ સામયિકો પૈકી ૧૮ સામયિકો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા કુલ ૫૧ 'વિશેષાંકો'ની યાદી ''વિશેષાંકો'' વિષય મથાળા હેઠળ આપવામાં આવી છે અને છેલ્લે 'આસ્વાદક, સમીક્ષક, વિવેચક–સૂચિ' (પૃ. ૨૬૨-૨૯૩) આપવામાં આવી છે.

પ્રત્યેક સંલેખ સંબંધિત મુખ્ય વિષય મથાળાના પેટા વિષય મથાળા હેઠળ લેખના શીર્ષકના અકારાદિક્રમમાં ગોઠવવામાં આવેલ છે. આ સાથે જ સંબંધિત લેખના લેખકનું નામ, જે સામયિકમાં લેખ પ્રકાશિત થયેલ હોય તેનું નામ, જે માસનો અંક હોય તે માસનું નામ, વર્ષ અને છેલ્લે પૃષ્ઠક્રમાંક (લેખના પ્રારંભનો અને અંતિમ પૃષ્ઠક્રમાંક) નોંધવામાં આવેલ છે. આ શાસ્ત્રીય માહિતી ઉપરાંત કૃતિ આસ્વાદ અને સમીક્ષા સંબંધી સંલેખોમાં કૃતિના શીર્ષક બાદ કૌંસમાં મૂળ કૃતિના કર્તા કે આવશ્યકતાનુસાર અનુવાદક, સંપાદક કે જેનો સમાવેશ શીર્ષકમાં નથી તે શોધીને અહીં નોંધવામાં આવ્યા છે, ઉદા., તરીકે વિભાજનની વાર્તાઓ (અનુ. શરીફા વીજળીવાળા), શેષ વાર્તાઓ (ઉમાશંકર જોશી, સંપા. સ્વાતિ જોશી), સત્યની મુખોમુખ (પાબ્લો નેરુદા, અનુ. ધીરુભાઈ ઠાકર) વગેરે. આ ઉપરાંત ખાસ ધ્યાનાર્હ બાબત એ કે અહીં સંલેખોની ગોઠવણી સંબંધિત વિષય હેઠળ શીર્ષકના અકારાદિક્રમમાં કરવામાં આવી હોવા છતાં યથાસંભવ એક જ પેટાવિષય કે વ્યક્તિ સર્જક સંબંધી સંલેખોને એકસાથે ગોઠવવાના હેતુસર / વિષયનિર્દેશક પદોને અગ્રતા આપવા માટે લેખના શીર્ષકના કેટલાક શબ્દોને કૌંસમાં મૂકીને આ શબ્દોને અકારાદિક્રમમાં ધ્યાને ન લઈને સીધાં જ વિષયનિર્દેશક પદોને ધ્યાને લેવામાં આવ્યા છે. ઉદા., તરીકે (અહિંસક લડતનું શસ્ત્ર) દલિત સંતસાહિત્ય, (સૂફી કવયિત્રી) ઝેબુન્નિસા, (કવિ) ઉમાશંકર જોશી વગેરેના કિસ્સામાં અનુક્રમે દલિત સાહિત્ય, ઝેબુન્નિસા અને ઉમાશંકર જોશી વિષયનિર્દેશ સાથે સીધો જ અનુબંધ જાળવ્યો છે. આ સાથે કોઈ લેખ એકથી અધિક સામયિકોમાં પુનર્મુદ્રિત થયો હોય તેવા કિસ્સામાં તેની નોંધ સંપાદકે લીધી છે. આમ, આ બધી દૂરંદેશિતાપૂર્ણ ચોકસાઈ પાછળ સંપાદકનાં કોઠાસૂઝ અને સૂચિકૌશલનાં સહજમાં દર્શન થાય છે.

આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આ સૂચિ સાહિત્યનાં વિવિધ સ્વરૂપો અને સંબંધિત લેખના સ્વરૂપ – આસ્વાદ, સમીક્ષા અને અભ્યાસ – આધારે વર્ગીકૃત કરીને તૈયાર કરવામાં આવી હોવાથી જે-તે સ્વરૂપના વિભાગમાં જોવાથી અથવા અંતિમ વિભાગ-૧૭ હેઠળ આપવામાં આવેલી લેખક સૂચિના આધારે ઇચ્છિત લેખ/

લેખો સંબંધી માહિતી મેળવી શકાય છે. આમ છતાં આ સૂચિની મર્યાદા એ છે કે અન્ય ભાષા-સાહિત્ય અને તેના કોઈ સર્જક કે કોઈ કૃતિ વિશે, કોઈ થીમ કે વાદ, કોઈ વ્યક્તિ / સર્જક કેન્દ્રી, લેખ વગેરે વિશેની માહિતી શોધ માટે કોઈ સીધો જ નિર્દેશ કરતી કુંચીના અભાવે જે તે વિભાગ / વિભાગો સાદ્યંત ચકાસી જવા પડે છે. ઉદા., તરીકે : ઉત્તર ગુજરાતના સંતસાહિત્યમાં સંત સદારામનું પ્રદાન (પૃ. ૧૮૬), ઓગણીસમી – વીસમી સદીનું ચેક સાહિત્ય (પૃ. ૧૮૬) ગુજરાતના સાંસ્કૃતિક નવપ્રસ્થાનમાં એ. કે. ફાર્બસનું પ્રદાન (પૃ. ૧૮૯) અને ભારતીય નવલકથામાં દલિતચેતના (પૃ. ૧૦૬) લેખોનો મુખ્ય વિષય અનુક્રમે 'સંત સદારામ', 'ચેક સાહિત્ય', 'એ. કે. ફાર્બસ' અને 'દલિતચેતના' છે તે સ્વયં સ્પષ્ટ છે, પરંતુ આ લેખોની શોધ અહીં સરળ નથી અને તેથી જ પ્રત્યેક લેખના શીર્ષક અને સંબંધિત વિષયનાં પસંદગીનાં મુખ્ય પદો આધારિત ઉલ્લેખસૂચિ આવશ્યક બની રહે છે, જેનો અહીં અભાવ છે. આ ઉપરાંત કોઈ એક સર્જકની કૃતિઓ સંબંધી આસ્વાદ, સમીક્ષા, વિવેચન કે સમગ્ર મૂલ્યાંકન સંબંધી લેખોની માહિતીની પ્રાપ્તિ માટે સીધા નિર્દેશનો અભાવ છે. આ જ રીતે ગુજરાતી ભાષા-સાહિત્ય સિવાયના બાકીના બધા જ વિષયો સંબંધી લેખોને 'અન્ય વ્યાપક' (પૃ. ૨૦૯-૨૨૯)ના મથાળા હેઠળ મૂકવામાં આવ્યા છે, તેના બદલે આ જ મથાળા હેઠળ પ્રમુખ વિષયો ઉદા., તરીકે ધર્મ-દર્શન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર વગેરે હેઠળ લેખો વર્ગીકૃત કરીને આપવામાં આવ્યા હોત તો તે વિશેષ આવકાર્ય બની રહેત.

આમ છતાં સમગ્રતયા, પ્રસ્તુત સૂચિ, સૂચિના બહુવિધ સામાન્ય લાભો ઉપરાંત કેટલાક વિશિષ્ટ હેતુઓની પૂર્તિ અર્થે ધ્યાનાર્હ બની રહે છે. એક હકીકત છે કે આપણે સામાન્યતઃ તાજા જ સર્જાયેલા સાહિત્ય – મૂળ કૃતિઓ કે તેનાં વિવેચનો–ની તુલનાએ ૧૦, ૨૦ વગેરે વર્ષ પૂર્વેના સાહિત્યથી વિશેષ પરિચિત હોઈએ છીએ. વળી એકાદ-બે કે પાંચ વર્ષ પૂર્વે પ્રગટ થયેલી કૃતિઓની જાણકારી કે આ પૈકીની શ્રેષ્ઠ કૃતિની શોધ સમયે કે દશકના સર્વેક્ષણ માટે વાર્ષિક સૂચિઓના અભાવે કંઈક અંશે નિઃસહાયતા પણ અનુભવીએ છીએ. આ દૃષ્ટિએ પણ આ સૂચિનું વાચન અધ્યાપકોને / જિજ્ઞાસુઓને મદદરૂપ થવામાં કે અદ્યતન રાખવામાં ખૂબ જ મૂલ્યવાન સ્રોત બની રહેશે. આ સાથે જ ગુજરાતી સાહિત્યના કયા સાહિત્ય સ્વરૂપ કે તેની કોઈ કૃતિ કે કર્તા સંદર્ભે ચર્ચા / વિવેચન કે ઊહાપોહ થયો કે અગાઉનાં વર્ષોમાં પ્રગટ થયેલી કઈ કૃતિઓ આજે પણ તરોતાજા રહી અભ્યાસનો વિષય બની રહી છે તેની માહિતીનો એકમાત્ર સ્રોત તે આપણા ગુજરાતી સામયિકો છે. પરંતુ ગુજરાતના કોઈ એક કૉલેજ કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં આ બધાં જ સામયિકોની પ્રાપ્તિ અસંભવિત છે તેવા સંજોગોમાં પ્રસ્તુત લેખ–સૂચિના સંપાદક અને ગુજરાતી સામયિક સાહિત્યના આકંઠ અભ્યાસુ અને જ્ઞાતા પ્રિ. ડૉ. કિશોરભાઈ વ્યાસ ગુજરાતી સાહિત્યની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય તેવા પ્રાયઃ બધાં જ સામયિકો મેળવીને તેની સુગ્રથિત વર્ગીકૃત સંકલિત સૂચિ તૈયાર કરવાનું ભગીરથકાર્ય છેલ્લાં ૧૫ વર્ષથી અર્થાત્ ૨૦૦૧થી કરી રહ્યા છે : (સામયિક લેખ સૂચિ : ૨૦૦૧થી ૨૦૦૬ (૨૦૦૯) અને ૨૦૦૬થી ૨૦૧૦ (૨૦૧૧) અને આ પૂર્વે ૧૯૯૬થી ૨૦૦૦ સુધીનું કાર્ય શ્રી રમણ સોની (૨૦૦૬)ના સહયોગમાં કર્યું હતું, જે સવિશેષ અભિનંદનીય બની રહે છે. ગુજરાતી ભાષા-સાહિત્યની ઐતિહાસિક વિકાસ-રેખા આલેખવા કે કોઈ એક સમય / યુગમાં કયા સર્જકો કે વિવેચકો કે કૃતિઓ યુગપ્રભાવક બની રહ્યાં – વિવિધ સામયિકોમાં છવાયેલાં રહેલાં – તેની શોધ માટે, આ પ્રકારની સૂચિ જયંત કોઠારીના શબ્દોમાં 'વિવિધ તથ્યોનાં તાળાં ઉઘાડી આપનાર કૂંચી છે.' આ બધી રીતે જોતાં આવી સૂચિઓ પ્રત્યેક કૉલેજ / યુનિવર્સિટીના ગ્રંથાલયનું આભરણ બની રહેવું જોઈએ. પ્રત્યેક જાગરૂક ગ્રંથાલયીએ આ પ્રકારના સાહિત્યની – સૂચિઓની – ખાસ શોધ આદરીને પોતાનું ગ્રંથાલય સૂચિસમૃદ્ધ કરવું જોઈએ. આ દૃષ્ટિએ અહીં ગર્વપૂર્વક નોંધવું રહ્યું કે એચ. કે. આર્ટ્સ કૉલેજનાં ગ્રંથપાલિકા શ્રી તોરલ પટેલનું કાર્ય વિશેષ ઉલ્લેખનીય અને અનુકરણીય બની રહે છે અને તેથી જ અભિનંદનીય છે.

ધ્યાનાર્હ બની રહે છે કે પ્રસ્તુત સૂચિના સંપાદક કિશોર વ્યાસે નિવેદનમાં સૂચિકાર્ય સંબંધી અભિવ્યક્ત કરેલ ચિંતા અને ચિંતન : ''કેટલીક વિદ્યાસંસ્થાઓને આ સૂચિ પ્રગટ કરવાની વિનંતી કરી જોઈ હતી, પણ કોઈને

કોઈ કારણોસર એ શક્ય ન બન્યું. આવાં પુસ્તકોની હવે ગુજરાતમાં જરૂર છે ખરી ? એવો પ્રશ્ન તો હજુ પણ મારા મનમાં ઘૂમરાય છે. સ્પષ્ટ છે કે કોઈ સંસ્થાઓને કે કોઈ પ્રકાશકોને આવા ગંભીર અભ્યાસોમાં રસ નથી. આ કોઈ ફરિયાદ નથી પણ આપણે વેઠવી પડતી કરુણ વાસ્તવિકતા છે... આ સામયિક લેખસૂચિ કે જેની ગુજરાતભરમાં સો-સવાસો નકલ વેચાવાની પણ આશા નથી એ છપાવવી જ શા માટે ?'' સંપાદકશ્રીની સાથે-સાથે સાહિત્ય સાથે નાતો ધરાવનાર કોઈ પણ સુજ્ઞજન તેમજ સાહિત્યિક – સંસ્થાનાં ચિંતા અને ચિંતનનો – હૃદયદ્રાવક વ્યથાનો વિષય બની રહેવો જોઈએ. આમ છતાં, શાસ્ત્રીય સૂચિવિહોણાં કોઈ ગ્રંથાલયો કે વિષયો કે સામયિકોની સામગ્રીના ઉપયોગ માટે કેટકેટલી અગવડતાઓનો સામનો કરવો પડતો હોય છે, કેટકેટલો સમય અને શ્રમ વેડફવો પડતો હોય છે, હાથ ઉપર લીધેલ લેખન – સંશોધનકાર્ય કેટકેટલું અટવાઈ પડતું હોય છે તે અનુભવવા છતાં અને તેનું મૂલ્ય સમજવા છતાં સૂચિકાર્ય કે સૂચિકર્તાઓ પ્રતિ પ્રાયઃ ઉદાસીન વલણ જ જોવા મળ્યું છે, જેને એક વિડમ્બના જ ગણવી રહી. આ સાથે વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયી તરીકે અનુભવ્યું છે કે સૂચિગ્રંથો બહુવિધ રીતે ખૂબ જ ઉપયોગી હોવા છતાં સંબંધિત વિષયોના અધ્યાપકો પોતાના વિષય માટે ખરીદવાનાં પુસ્તકોની ભલામણ–યાદીમાં ભાગ્યે જ તેનો સમાવેશ કરતા કે ક્વચિત તેના લાભથી અનભિજ્ઞ પણ જોવા મળ્યા છે. આશ્ચર્ય તો એ છે કે કોઈ એક વિષય ક્ષેત્ર કે સામયિક / સામયિકોની સૂચિ તૈયાર કરવા માટે તેના સંપાદકની તપઃપૂત કઠોર સાધના અને ધ્યેયનિષ્ઠાને ધ્યાને લીધા સિવાય સૂચિકાર્યને પ્રોત્સાહિત કરવાના સ્થાને 'સામાન્ય સંપાદન-કાર્ય' કે 'પુસ્તકો/લેખોની યાદી' તરીકે ગણવામાં આવી રહ્યું છે. પરિણામ સ્વરૂપે ગુજરાતી ભાષા-સાહિત્યમાં સૂચિકાર્ય ક્ષેત્રે ઝાઝું કામ થઈ શક્યું નથી. ઉદા. તરીકે કેટલાક છૂટક પ્રયાસોને બાદ કરતાં ગુજરાતી મુદ્રણકળાના ઈ. સ. ૧૭૯૭માં થયેલા પ્રારંભથી આજદિન સુધી પ્રગટ થયેલાં પુસ્તકો કે સામયિકોની સળંગ શાસ્ત્રીયસૂચિ અને સવિશેષતઃ ૧૯૫૦ પૂર્વે પ્રકાશિત થયેલ આ સાહિત્ય કમ સે કમ કોઈ એકાદ સ્થળે ક્યાં સંગૃહીત છે તેના સ્થાનનિર્દેશ સહિતનો અને બહુવિધ પ્રકારની સૂચિઓનો આજે અભાવ જોવા મળે છે. આ કાર્ય આ હેતુસરની ખાસ અલાયદી સંસ્થાએ કે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કાયમી ધોરણે અલાયદો વિભાગ ઊભો કરીને અથવા **ગુજરાત સરકાર** દ્વારા **'ગુજરાતી ભાષા-સાહિત્ય'ના સ્વાયત્ત ગ્રંથાલયની સ્થાપના કરીને તેના માધ્યમથી શરૂ કરવું જોઈએ. આ માટે ગુજરાત સરકારે રાજ્ય દ્વારા સ્થાપિત અનુદાનિત યુનિવર્સિટીઓના ધોરણે ૧૦૦ ટકા અનુદાન પણ ફાળવવું જોઈએ.** આ વિભાગ કે સૂચિત ગ્રંથાલય દ્વારા સૂચિનિર્માણ ક્ષેત્રે બહુવિધ કાર્યો હાથ ધરી શકાય કે જે સાહિત્યકોશ, વિશ્વકોશ, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, સંશોધન વગેરે ક્ષેત્રો માટે બહુમૂલ્યવાન બની રહેશે.

આદિમુદ્રિત ગ્રંથો કાળનો કોળિયો બને તે પહેલાં ગુજરાતી ભાષા-સાહિત્ય સાથે નાતો ધરાવનાર સૌ કોઈએ અને સવિશેષતઃ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે સાંસ્કૃતિક વારસાના જતનની નૈતિક જવાબદારીના ભાગ તરીકે આ દિશામાં જાગવાની જરૂરત છે. વિશેષ દુઃખદ બાબત તો એ છે કે આજે ગુજરાતમાં એવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જ્યાં ગુજરાતી મુદ્રણયાત્રાનો (પ્રથમ પુસ્તક મુદ્રિત થયાના) પ્રારંભ થયાના વર્ષ ૧૭૯૭થી આજ દિન સુધીમાં મુદ્રિત થયેલાં તમામ ગુજરાતી પુસ્તકો ઉપલબ્ધ હોય અને જ્યાં સંગૃહીત હોવાનો ખ્યાલ છે તેવા ગ્રંથાલય / ગ્રંથાલયોનાં કુલ ગુજરાતી પુસ્તકો મુદ્રિત થયાના સંભવતઃ ૭૦ ટકા જેટલાં પુસ્તકો હશે કે કેમ અને આ પૈકી કેટલાં અખંડ અને ઉપયોગક્ષમ હશે તે સંશોધનનો વિષય છે. અને તેથી જ ધ્યાને લેવું રહ્યું કે માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વર્ગખંડોમાં ફરજિયાત અધ્યાપન કરાવવાની સાથે-સાથે તેનું પ્રત્યેક પ્રકાશિત પુસ્તક / સામયિક કોઈ એક ગ્રંથાલયમાં સંગૃહીત હોય અને ઉપયોગ માટે સુલભ હોય તેમાં સંનિહિત છે. આ દિશા તરફ યથાશીઘ્ર પગલાં ભરવામાં નહીં આવે તો એક દિવસ એવો હશે કે કોઈક ગુજરાતી પુસ્તકની પ્રાપ્તિ માટે અમેરિકાની 'લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ' પાસે જવું પડશે. આ બધી પરિસ્થિતિઓમાં પ્રિ. કિશોરભાઈ વ્યાસ અને અન્ય સૂચિ સંપાદકોનાં કાર્યો સર્વથા શ્લાઘનીય અને અનુકરણીય બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આંતરરાષ્ટ્રીય મહિલા દિન

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરની વિવિધ શાળા – કૉલેજોની બહેનોને પ્રોત્સાહન મળી રહે તેમજ મહિલા સશક્તિકરણમાં વધારો થાય તે હેતુથી 'વુમન ડેવલપમેન્ટ સેલ'ના ઉપક્રમે તા. ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં 'વુમન ડેવલપમેન્ટ સેલ'નાં ચેરપર્સન ડૉ. વીણાબહેન પટેલે સૌનું સ્વાગત કરી 'સેલ'ની પ્રવૃત્તિઓની ઝલક પ્રસ્તુત કરી હતી. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે મહિલાઓ વધુને વધુ પ્રગતિ કરે તેવી અભિલાષા વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મહિલા કર્મચારીઓ માટે વિવિધ રમતો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતાં ૨૫૦ બહેનોએ ભાગ લીધો હતો. મંડળની પ્રણાલી અનુસાર સામાજિક, આર્થિક અને શારીરિક રીતે સંઘર્ષ કરીને દિન-પ્રતિદિન આગળ વધતી હોય તેવી વિદ્યાર્થિનીઓને મહિલા અવૉર્ડથી દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે. આ અન્વયે બી.બી.એ. કૉલેજની વિદ્યાર્થિની રીતુને મંડળ તરફથી આ અવૉર્ડ અન્વયે રૂ. ૨૫૦૦૦નો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે દાતા શ્રીમતી પ્રભાબહેન પટેલ, શ્રી ધારાબહેન પટેલ તેમજ વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડૉ. ગાર્ગીબહેન રાજપરા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. સુનીતાબહેન લીલાણીએ સેવાઓ આપી હતી, જ્યારે આભારવિધિ ડૉ. શિવાનીએ સંપન્ન કરી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, એમએમ.સી. આઈ.ટી. અને બી.એસસી. ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨૨/૨/૧૯ના રોજ પારલે બિસ્કિટ લિમિટેડ, નડિયાદની મુલાકાતનું આયોજન કરવામાં આવતા ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કંપનીનાં ઉત્પાદનો, બનાવટની પ્રક્રિયા અને વ્યવસ્થાપન સંબંધી માહિતી મેળવી હતી.

### જમશેદજી તાતા

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ની યુથ કાઉન્સિલ દ્વારા વિશ્વ ગર્વ લઈ શકે તેવા ઉદ્યોગ સાહસિક જમશેદજી તાતાની ૧૮૦મી જન્મજયંતીની ઉજવણી તા. ૯ માર્ચના રોજ કરવામાં આવી હતી. આ અન્વયે તેમનું જીવનચરિત્ર અને તેઓના ધ્યેયો, બાળપણથી લઈ જીવનપર્યંત કરેલાં અદ્‌ભુત સામાજિક, ઔદ્યોગિક વગેરે કાર્યો, સ્વામી વિવેકાનંદ સાથેના પ્રવાસમાં થયેલ સંવાદ, અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવી વગેરે વિશે ૨૪ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

### થેલેસેમિયા

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી થેલેસેમિયા ચેકઅપનો કાર્યક્રમ તા. ૩ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગયો, જેમાં ૨૬૨ વિદ્યાર્થીઓએ ટેસ્ટ કરાવ્યો હતો.

### દિન ઉજવણી

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ફેબ્રુઆરી માસમાં તા. ૬થી ૯ દરમિયાન ગ્રૂપ ડે, ટ્રેડીશનલ ડે, કૉમર્સ ડે અને સ્પાર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ગ્રૂપ ડે અંતર્ગત ગ્રીન ડે, સેવ વોટર, મોડર્ન ડે, ટેટુ ડે, હોરર ડે, બેક ટુ સ્કૂલ ડે, બેક ટુ વિલેજ ડે જેવા વિષયો પર સરખા પરિધાનમાં સજ્જ થઈને સંદેશો આપવામાં આવ્યો હતો. ટ્રેડિશનલ ડેમાં જુદાજુદા રાજ્યોનાં પરિધાનો દ્વારા અને 'કૉમર્સ ડે'માં ફૂડ પોઇન્ટ, કન્ઝુમર ફોરમ, મોબાઈલ સ્ટોર, મોલ, RBI, હાઈકોર્ટ

સેબી E-commere વગેરે થીમ આધારિત વર્ગ ખંડો સુશોભિત કરી ઉજવણી કરવામાં આવી હતી.

### નાગરિક સંરક્ષણ દિન

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અને ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા આયોજિત નાગરિક સંરક્ષણ દિવસની ઉજવણીનું તા. ૧ માર્ચના રોજ આયોજન કરવામાં આવતાં, ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તાલીમ દરમિયાન ઑફિસર ઈન કમાન્ડ સિવિલ ડિફેન્સ (ગાંધીનગર) અંજના નિમાવત તેમજ પોસ્ટ વોર્ડન ગજેન્દ્રસિંહ બારડ, રેસ્ક્યુ ઑફિસર ડૉ. મહાવીર નિમાવત, ડૉ. જયેશ તન્ના વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સિવિલ ડિફેન્સ વિભાગ તરફથી શ્રી ડી. એન. ઝાલા તથા રેસ્ક્યુ ઑફિસર ડૉ. મહાવીર નિમાવત દ્વારા સિવિલ ડિફેન્સનું માળખું, યુદ્ધ કેટલા પ્રકારનાં કોઈ શકે તેમજ તેવા સમયે સ્વબચાવની સાથે સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકે, કુદરતી તથા માનવસર્જિત આપત્તિ સમયે બચાવ કામગીરી તેમજ તાત્કાલિક બચાવ સારવાર બાબતે વિદ્યાર્થીઓને તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### પરિસંવાદ

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને GUJ COSTના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૨-૨૦૧૯ના રોજ પ્રો. વીણાબહેન પટેલના ડાયરેક્ટર પદ હેઠળ 'New Dimensions in Teaching, Learning & Assessment in Science Education' વિષય પર નૅશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના આરંભે સેમિનારના કન્વીનર ડૉ. સંજયભાઈ ગુપ્તાએ સંસ્થાનો પરિચય આપી સેમિનાર વિશે માહિતગાર કર્યા હતા. વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાચીન વિશ્વવિદ્યાલયોની શિક્ષણ પદ્ધતિઓ અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓ વિશેની જાણકારી આપતા જણાવ્યું હતું કે ટૅક્નૉલૉજી શિક્ષકને કાર્યમાં મદદ કરી શકશે પણ તેનું સ્થાન લઈ શકતી નથી. વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ગાર્ગીબહેન રાજપરાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં અધ્યાપનમાં અદ્યતન ટૅક્નૉલૉજીના વિનિયોગની આવશ્યકતા અને ઉપાદેયતા વિશે માર્મિક વાત કરી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. એ. આર. જાનીએ કી નોટ એડ્રેસ રજૂ કરતાં સાયન્સ એજ્યુકેશનમાં અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકનમાં સરળ અને નાવીન્ય સભર પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેની માહિતી આપી હતી. ભાવનગર યુનિવર્સિટીના ડૉ. ભરતસિંહ ગોહિલે વિજ્ઞાનમાં સક્રિય અધ્યયન – અધ્યાપનના અભિગમોને રસપૂર્વક રજૂ કર્યા હતા, જ્યારે સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરનાં ડૉ. વિજ્યાલક્ષ્મી યેન્ડુરીએ શિક્ષણમાં ICTનો ઉપયોગ કરી શિક્ષણ કાર્યને કેવી રીતે અસરકારક બનાવી શકાય તેની માહિતી આપી હતી. ગુજરાત અને અન્ય રાજ્યોના ૧૩૮ અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો ઉપર ૮૦ જેટલાં પેપર રજૂ કર્યાં હતાં.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૧૬-૨-૧૯ના રોજ શિક્ષણના વર્તમાન પડકારો અને સમાધાન વિશે શૈક્ષણિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરની વિવિધ શાળાઓના આચાર્યો તેમ જ શિક્ષકો તથા બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદના ઉદ્‌ઘાટન સમારંભમાં વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા ઉપરાંત 'શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ'ના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલભાઈ કોઠારી, શ્રી હર્ષદભાઈ શાહ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરતસિંહ વાઢેર, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના નાયબ નિયામક શ્રી અવનીબા મોરી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. નિષ્ણાતોનાં વક્તવ્યો બાદ શિક્ષણના પડકારો અંગે સમાધાનની ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

### પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Biotechnology :**

1. Patel, Dollyben Dalsukhbhai : "Studies on Paraffin Degrading Microorganisms From Oil Wells for Improvement of Oil Drilling"/ 'Subject : Biotechnology / Guide : Dr. Lakshmi.B. Ref. NO. Ph.D. / 330/ 2018.25/04/2018.

**Chemistry :**

2. Madhu, Chintankumar

Rameshchandra : "A Study of Synthetic Thickener for Reactive Printing on Natural Textiles"/ 'Subject : Chemistry / Guide : Dr. Mukesh C. Patel. Ref. NO. Ph.D. / 346/ 2018. 11/08/2018.

3. Rathod, Dhirajlal Maganlal : "Development and Validation of LC-Ms/Ms Based Methods for Estimating Drugs in Biological Fluids and Their Application for Bioequivalence Study"/ 'Subject : Chemistry / Guide : Dr. Mallika Sanyal. Ref. NO. Ph.D. / 370/ 2019. 25/01/2019.

**Civil Engineering :**

4. Patel, Vinodkumar Ratilal : "Development of Regional Industrial Trip Generation Model" / Subject : Civil Engineering / Guide : Dr. Gargi Rajpara. NO. Ph.D. / 333/ 2018. 02/05/2018.
5. Raval, Nikhil Gautambhai : "Development of Capacity Models and Saturation Flow Models for Heterogeneous Traffic Condition in Urban Area" / Subject : Civil Engineering / Guide : Dr. Pradipkumar J. Gundaliya. Ref. NO. Ph.D. / 324/ 2018. 16/03/2018.

**Computer Science :**

6. Dahiya, Ritu Mohindersingh : "Content Analysis on Networks for Monitoring and Security" / Subject : Computer Science / Guide : Dr. J. G. Pandya. Ref. NO. Ph.D. / 368/ 2019. 19/01/2019.

**Economics :**

7. Sharma, Nisha Kamleshkumar : "Growth of Electronics Industries in India and China - A Comparative Study" / Subject : Economics / Gudie : Dr. Natubhai B. Patel. Ref. NO. Ph.D. / 338/ 2018. 15/06/2018.

**Education :**

8. Chauhan, Minaxi Baldevbhai : "An Investigation Into the Problems Faced by B.Ed Trainees of Open Universities" / Subject : Education /Guide : Dr. Ashwinkumar D. Shah. Ref. NO. Ph.D. / 341/ 2018. 16/07/2018.

**Electronics & Communication :**

9. Patel, Anand Jayantibhai : "A 2d Multiresolution Wavelet Transform Based Approach for Bone Fracture Detection" / Subject : Electronics & Communication / Guide : Dr. Hitesh B. Shah. Ref. NO. Ph.D. / 335/ 2018. 21/05/2018.

**English :**

10. Patel, Haritbhai Somabhai : "A Study of Indo-British Relationships in the Select Novels" / Subject : English / Guide : Dr. Vikas M. Raval. Ref. NO. Ph.D. / 371/ 2019. 09/02/2019.
11. Solanki, Niteshkumar Kantilal : "From Macaulay to Mahatma Gandhi : A Historical Perspective of the Teaching of English Language and the Growth of Indian Writing in English Under the British Rule in India / Subject: English / Guide : Dr. Alkeshkumar A. Patel. Ref. NO. Ph.D. / 337/ 2018.15/06/2018.
12. Vaghela, Chintan Kishorkumar : "Web Based Learning: A Tool to Improve Reading and Writing Skills of Diploma Engineering Students" / Subject : English / Guide : Dr. Vikas M. Raval. Ref. NO. Ph.D. / 325/ 2018.17/03/2018.

**Gujarati :**

13. Raval, Krushnaben Surendrakumar : "ગુજરાતી દલિત નવલકથા : એક અભ્યાસ જોસેફ મેકવાન, મોહન પરમાર, દલપત ચૌહાણ, હરીશ મંગલમ, બી. કેશરશિવમના સંદર્ભે" : Subject :

Gujarati / Guide : Dr. Prasad Brahmbhatt. Ref. NO. Ph.D. / 373/ 2019.05/03/2019.

**Library & Information Science :**

14. Rabari, Lagdhirkumar Sartanbhai : "Consortium of National Law University Libraries in India - A Feasibility Study" / Subject : Library & Information Science / Guide : Dr. Hanumappa Anilkumar. Ref. NO. Ph.D. / 344/ 2018. 04/08/2018.

**Management :**

15. Acharya, Sejal Vishnukumar : "A Comprehensive Study with Regard to Consumer Behavior of Laptop Buyers in Gujarat State" / Subject : Management / Guide : Dr. A. C. Brahmbhatt. Ref. NO. Ph.D. / 336/ 2018.21/05/2018.
16. Bhamu, Suman : "Workforce Diversity Management Strategies Under Present Global Scenario in Leading Car Manufacturing Companies in Indian Automobile Sector" / Subject : Management / Guide : Dr. Kishor Barad. Ref. NO. Ph.D. / 367/ 2019. 16/01/2019.
17. Gadhavi, Priti Mahobatsinh : "An Empirical Study of Animated Spokes Characters and Their Impact on Buying Preferences of Children's Apparel with Reference to Gujarat State" / Subject : Management / Guide : Dr. Parag K. Sanghani. Ref. NO. Ph.D. / 328/ 2018. 07/04/2018.
18. Mallika, A. : "Understanding the 'Magic Mirror' of Purchase Decision Triggers: A Study of Consumers in Gujarat" / Subject : Management / Guide : Dr. Kishor Barad. Ref. NO. Ph.D. / 329/ 2018. 10/04/2018.
19. Nagrecha Anand Dhirenkumar : "Study of Consumer Behavior for Consumer Durables at Organized Retail Stores in Gujarat with Special Focus on Televisions and Refrigerators" / Subject : Management / Guide : Dr. Jaya Ashish Sethi. Ref. NO. Ph.D. / 334/ 2018. 05/05/2018.
20. Patel, Chirag Dhanji : "Assessment of Training and Development Practices in Non-Life Insurance Companies with Special Reference to Gujarat" / Subject : Management / Guide : Dr. Ravi Mahendra Gor. Ref. NO. Ph.D. / 332/ 2018. 01/05/2018.
21. Pillai, Dhanyesh Prabhakaran : "A Study on Problems of Priority Sector Lending by Public Sector Banks in Gujarat" / Subject : Management / Guide : Dr. Ramakanta Prusty. Ref. NO. Ph.D. / 343/ 2018.01/08/2018.
22. Samal, Jayalaxmi : "Performance Management System of Selected Commercial Banks : A Study with Special Reference to Bhubaneswar" / Subject : Management / Guide : Dr. Priyanka B. Pathak. Ref. NO. Ph.D. / 345/ 2018. 08/08/2018.
23. Soni, Amish Bharatkumar : "Mergers 85 Acquisitions in India and its Impact on Shareholders Wealth" / Subject : Management / Guide : Dr. Sneha Shivang Shukla. Ref. NO. Ph.D. / 342/ 2018. 27/07/2018.

**Mathematics :**

24. Patel, Reenaben Gajanandbhai : "The New Global Approach to a Transportation Problem" / Subject : Mathematics / Gudie : Dr. Pravinchandra H. Bhathawala. Ref. NO. Ph.D. / 340/ 2018. 14/07/2018.

**Pharmaceutical Science :**

25. Chauhan, Kajal Nirmal : "Study on Effects of Plant Extract on Liver Toxicity and Associated Pathology Complications" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Anita Arun Mehta. Ref. NO. Ph.D. / 339/ 2018. 07/07/2018.
26. Patel, Chirag Dashrathbhai : "Development and Validation of Liquid Chromatography - Tandem Mass Spectrometry (LC-Ms/Ms) Method for the Quantitation of Some Anti-Hypertensive Drugs in Human Plasma" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Bhavesh H. Patel. Ref. NO. Ph.D. / 372/ 2019. 28/02/2019.
27. Patel, Niravbhai Jayantibhai : "Design and Development of Ophthalmic Lyophilisate Carrier System (OLCS)" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Pragna K. Shelat. Ref. NO. Ph.D. / 326/ 2018. 03/04/2018.
28. Trivedi, Palak Jayeshkumar : "Design and Development of Chronomodulated Delivery System for Drugs Used in Circadian Rhythm" / Subject : Pharmaceutical Science / Guide : Dr. Pragna K. Shelat. Ref. NO. Ph.D. / 369/ 2019. 24/01/2019.

**Physical Education :**

29. Vyas, Kajal Harishbhai : "The Effect of Special Exercise on Butt, Belly and Thigh on obese Women in Body Composition and Anthropometric Measurement" / Subject : Physical Education / Guide : Dr. Jagdishchandra L. Gothi. Ref. NO. Ph.D. / 327/ 2018. 05/04/2018.

**Physics :**

30. Thakar, Yogeshkumar Jayantilal : "Theoretical Investigation of Interaction of Electrons with Atoms/Molecules of Applied Interest" / Subject : Physics / Guide : Dr. Chetan Limbachiya. Ref. NO. Ph.D. / 331/ 2018. 27/04/2018.

## પ્લેસમેન્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનાં તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશીપ પ્લેસમેન્ટનું આયોજન તા. ૬ માર્ચના રોજ કરવામાં આવતાં સર્કિટ સિસ્ટમ ઇન્ડિયા લિમિટેડ અને અમદાવાદ સ્થિત ઈવોક – એચ. આર. કંપનીઓ હાજર રહી હતી. ઈવોક એચ. આર. પ્રા. લિ. તરફથી પ્રોજેક્ટ મૅનેજર વૈશાલી પટેલ કે જેઓશ્રી કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં પૂર્વ વિદ્યાર્થિની છે, સર્કિટ ઇન્ડિયા લિમિટેડના એચ. આર. હેડ જિજ્ઞેશ જાની તેમ જ ટીમ લીડર રિદ્ધિ કિનારીવાલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ કંપનીઓ દ્વારા રૂ. ૬,૫૦૦ના સ્ટાઈપેન્ડ સાથે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. તેમજ પ્લેસમેન્ટ દ્વારા જોબ માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓને પગાર તેમજ અન્ય ભથ્થાં મળીને ૧૯,૦૦૦ રૂપિયા માસિક મળશે. બંને કંપનીઓ દ્વારા ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૯-૨-૧૯ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજવામાં આવતાં ૩૦૦થી અધિક વિદ્યાર્થીઓએ હાજર રહી કૉલેજકાળની યાદો તાજી કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ સૌનું સ્વાગત કરતાં કૉલેજની વિકાસગાથા અને ઉપલબ્ધિઓ વિશે જણાવ્યું હતું. ડૉ. મેહૂલ પટેલ અને ડૉ. રણછોડ રથવીએ વિવિધ પ્રવૃત્તિઓ અને કૉલેજની પ્રગતિ વિશેની માહિતી આપી હતી. આ પ્રસંગે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ હાંસલ કરનાર અને સરકારના વિવિધ વિભાગોમાં અધિકારી તરીકે ફરજ બજાવતા ૨૨ વિદ્યાર્થીઓને સ્મૃતિચિન્હ આપી બિરદાવવામાં આવ્યાં હતાં. વધુમાં, ચાલુ વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય અને સામાજિક સંદેશો આપતા માઈમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, તેમજ જાદુગર શ્રી

નીલેશભાઈ મિસ્ત્રી દ્વારા જાદુના કિમિયા રજૂ કરવામાં આવ્યા હતા.

● એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન તા. ૩-૨-૧૯ના રોજ કરવામાં આવતાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૮ સુધી અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરીના સંયુક્ત નિયામક શ્રી એસ. એસ. સુથાર, ગણિતશાસ્ત્રી પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, આઈ. ટી. વિભાગના હેડ ડૉ. ભદ્રેશ પંડ્યા તથા આચાર્ય ડૉ. કેયૂર શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જે વિદ્યાર્થીઓએ નેટ, જી-સેટ જેવી પરીક્ષાઓ પાસ કરી હોય, પીએચ.ડી. પદવી પ્રાપ્ત હોય, અથવા વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી એસ. એસ. સુથારે મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કઈ રીતે કરવો તે વિશે પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. તેમ જ સંશોધન પ્રવૃત્તિમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ પણ પોતાના વિદ્યાર્થી જીવનના અનુભવો જણાવ્યા હતા.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ તા. ૫ એપ્રિલના રોજ સરખેજ-ગાંધીનગર હાઈવે, ખોરજ સ્થિત શ્રી અતિથિ ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે યોજવામાં આવતા ૨૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ એ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી પ્રાસંગિક સંબોધનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કૉલેજની સિદ્ધિઓ વિશે વાત કરી વિદ્યાર્થીઓ પ્રતિ પોતાની પ્રતિબદ્ધત્તા દોહરાવતાં કહ્યું હતું કે કૉલેજ વિદ્યાર્થીઓની કારકિર્દી સફળ બનાવવા હરહંમેશાં મદદરૂપ બની રહેશે. વધુમાં જણાવ્યું હતું કે આ કૉલેજના વિદ્યાર્થીઓ સરકારી અધિકારીઓ, બૅંક, મલ્ટીનૅશનલ કંપનીઓ, સફળ વ્યાવસાયિક સેવાઓ જેવી કે CA. CS. ICWA તેમ જ વ્યવસાયિક – ઔદ્યોગિક ક્ષેત્રે સેવા આપી રહ્યા છે તે કૉલેજ માટે ગર્વરૂપ ઘટના છે. ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ કમિટિના હેડ ડૉ. જયેશ તન્નાએ કૉલેજની અભ્યાસ – અભ્યાસેતર પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી કાર્યક્રમનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરીને જણાવ્યું હતું કે પ્લેસમેન્ટ, ઇર્ન્ટનરશીપ, આન્ત્રપેન્યોર સેલ, ઇન્ડસ્ટ્રિયલ વિઝિટ સહિતની બાબતો પર કૉલેજ વિશેષ ભાર મૂકે છે, જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે. આ સાથે ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું પણ આયોજન કરવામાં આવતાં એક્સિસ બૅંક, ઇન્ડન્સઇન બૅંક, ઈવોક, સહજાનંદ લેસર ટેક્નૉલૉજી વગેરે ૧૩ કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેમાં વિદ્યાર્થીઓને રૂ. ૧૦,૦૦૦થી ૩૦,૦૦૦ સુધીના પેકેજની ઓફર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના વિકાસમાં કૉલેજને મહામૂલો ફાળો છે, જેને તેઓ હંમેશાં યાદ રાખશે તેમ જ જ્યારે પણ કોઈ કાર્ય માટે યાદ કરવામાં આવશે ત્યારે અમે યથાશક્તિ સેવા આપીશું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. નોંધવું રહ્યું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહેવા માટે કૉલેજ દ્વારા કૉલેજની વેબ પેજ પર લીંકની શરૂઆત કરવામાં આવતાં દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીનો સરળતાથી સંપર્ક સાધી શકાય છે,

## મહિલા કાનૂન શિબિર

● જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના ઉપક્રમે મહિલા સશક્તિકરણ અને મહિલા અધિકારોની જાગૃતિ ફેલાવવાના હેતુસર 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણીના ભાગરૂપે મહિલા કાનૂન શિબિરનું આયોજન અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા કરવામાં આવતાં જેમાં ૧૧૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કોર્ટ ટ્રેઈનર પેરાલીગલ વોલન્ટિઅર શ્રી સુધીર દેસાઈએ મહિલા સશક્તિકરણ અને મહિલા હકો વિશે અને શ્રી મધુસૂદન જોષીએ સાઈબર ક્રાઈમ વિશે સમજણ આપી હતી. આ પ્રસંગે પી.એલ.વી. શ્રી મનસુખભાઈ કોટેચા પણ હાજર રહ્યા હતા.

## યોગ તાલીમ શિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન તા. ૧૨ માર્ચના રોજ કરવામાં આવતા ડૉ. ચંદ્રકાંત તન્ના તેમજ જાણીતા યોગ ગુરુ સત્યપ્રકાશ સૂરિએ યોગ તેમજ પ્રાણાયામ – અનુલોમ, વિલોમ, સૂર્ય નમસ્કાર, કપાલ ભાતી જેવાં અનેક આસનોથી સ્વાસ્થ્ય કઈ રીતે સારું થાય તેનું માર્ગદર્શન

આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૨૬ વર્ષથી ગાંધીનગરનાં નાગરિકોને શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે નિઃશુલ્ક યોગની તાલીમ આપવામાં આવે છે.

## રમતગમત

● એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, એમએમસી આઈ.ટી. અને બી.એસ.સી. (સી.એસ.) ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨ માર્ચના રોજ આયોજિત રમતગમત સ્પર્ધામાં બેડમિન્ટ, ચેસ, ટગ ઑફ વૉર, કબડ્ડી, ખોખો વગેરે રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બધી રમતોના વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત કબડ્ડીની સ્પર્ધામાં અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજની મહિલા કબડ્ડીની ટીમ રનર્સ અપ તરીકે વિજેતા થઈ.

## રીટેલ મૅનેજમેન્ટ સર્ટિફિકેટ કોર્સ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા ધોરણ ૧૨ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે બે મહિનાનો રીટેઈલ મૅનેજમેન્ટ વિષય પર સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવતાં તેની દ્વિતીય બેચના ૪૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવાનો સમારોહ તા. ૨૯ માર્ચના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને રીટેલ મૅનેજમેન્ટ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓ બાબતે પ્રાયોગિક તાલીમ મળી રહે તે ઉદ્દેશ્યથી સેલ્સ ઇન્ડિયા રીટેલ એકમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, તેમ જ તેની સાથે તાલીમ શિબિર પણ ગોઠવવામાં આવી હતી. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓ આ ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામનાઓ પાઠવીને રીટેલ મૅનેજમેન્ટની મહત્તા બાબતે માર્ગદર્શિત કર્યા હતા. ડૉ. જયેશ તન્નાએ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મૂકવો જરૂરી બન્યો છે તે બાબતે સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંકલન કોર્સના સંયોજક પ્રો. મેથ્યુ જોહ્ન દ્વારા કરવામાં આવ્યું હતું.

## લગ્નગીત-લોકગીત સ્પર્ધા

● શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ તથા ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (કેએસવી)ના સંયુક્ત ઉપક્રમે લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું તા. ૮ ફેબ્રુઆરીના રોજ આયોજન કરવામાં આવતાં વિવિધ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને 'મૈયરમાં મનડું નથી લાગતું', 'પહેલું મંગળ', 'અખંડ સૌભાગ્યવતી' વગેરે જેવાં લગ્નગીતો રજૂ કર્યાં હતાં. આ સ્પર્ધામાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજની તેજસ્વીની અને શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલયની ઈશિતા વ્યાસ પ્રથમ ક્રમે વિજેતા થયાં હતાં.

## લા કમ્પાસ ૨૦૧૯

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના એમ. એસસી. આઈટી. ડિપાર્ટમેન્ટ દ્વારા નૅશનલ ટેક્નિકલ મેગા ફેસ્ટિવ 'લા કમ્પાસ ૨૦૧૯'નું આયોજન તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવતાં રાજ્યની ૨૦થી અધિક કમ્પ્યૂટર સાયન્સની કૉલેજોનાં ૧૩૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં વિભાગના અધ્યક્ષ ડૉ. ભદ્રેશ પંડ્યા, પ્રો. હિરલ પટેલ (અધ્યક્ષ, કમ્પ્યૂટર એન્જિનિયરિંગ, એલ.ડી.આર.પી.) ઉપરાંત આમંત્રિત તજજ્ઞ તરીકે શ્રી જિગર, શ્રી નિપુણ બત્રા અને ધીરજ પૂજારા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી નિપુણ, શ્રી દિનેશ, શ્રી જિગર અને પ્રા. યજ્ઞેશ વ્યાસ દ્વારા વિવિધ આનુસંગિક વિષયો ઉપર પરિસંવાદ અને કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં, વિવિધ સ્પર્ધાઓનાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## વાર્ષિકોત્સવ

● આર. એન. લલિતકલા એકેડેમીના વાર્ષિકોત્સવ 'સાધના-૨૦૧૯'નું આયોજન તા. ૩ માર્ચના રોજ કરવામાં આવતાં પુલવામામાં શહીદ થયેલા સી. આર.પી.એફના જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ સમારોહમાં મહેમાનશ્રીઓ તરીકે ડૉ. સોમભાઈ સી. પટેલ (કૅમ્પસ ડાયરેક્ટર) પ્રિ. ડૉ. મીલી (એસ. જી. ઇંગ્લિશ મીડિયમ), પ્રિ. નીવાબહેન પટેલ (જે. બી. પ્રાથમિક શાળા), પ્રિ. નીરૂબહેન પટેલ (કન્યા પ્રાથમિક શાળા), પ્રિ. દશરથભાઈ પટેલ (આર. એન. પટેલ પ્રાથમિક શાળા), પ્રિ. ડૉ. ચેતનાબહેન બુચ (શેઠ સી. એમ. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ), તથા પ્રિ. દિપાલીબહેન જોષી (એસ. કે. પટેલ પ્રિ. પ્રાયમરી સ્કૂલ)

ઉપરાંત આમંત્રિતો, વાલીશ્રીઓ તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. મહેમાનશ્રીઓનાં વરદહસ્તે તાલીમાર્થીઓને સર્ટિફિકેટ્સ, મેડલ્સ અને મેમેન્ટો અર્પણ કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે આ એકેડેમીનાં સંચાલિકા દિનાબહેન ડોડિયા તથા કલાગુરુઓ તથા કોચ ૧. કથક : રોશની બ્રહ્મભટ્ટ, ૨. ભરતનાટ્યમ : - શંકુતલાબહેન ઓઝા, અર્ચના બારોટ, ૩. વેસ્ટર્ન ડાન્સ : સંદિપ સોલંકી, ધરા પરીખ, આશિષ વસાવા અને સૌરભ પંડ્યા, ૪. સ્કેટિંગ : વસીમ મનસુરી અને મનોજ પરમાર અને ૫. કરાટે : સુરેશ પરમાર અને મનીષ રાજભોઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૫ જેટલી કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના વાર્ષિકોત્સવની ઉજવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શેઠ ખીમજી વિશ્રામ સંસ્કાર ભવનમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે સી. એ. હર્ષિલ પટેલ, સી. એ. સાગર વસોયા અને ચિરાગ જોશી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ મહેમાનશ્રીઓ તથા વિદ્યાર્થીઓને આવકારીને સમગ્ર વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓથી માહિતીગાર કર્યા હતા. સી. એ. હર્ષિલ પટેલ તથા સી. એ. સાગર વસોયા એ વિવિધ વાર્તા અને દૃષ્ટાંતો દ્વારા કૉલેજ પછી સફળતાની કેડીઓ કઈ રીતે કંડારી શકાય તેની સમજણ પૂરી પાડી હતી, જ્યારે ચિરાગ જોશીએ કૉલેજ દ્વારા જીવન ઘડતરની વાત કરી હતી. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. કનુભાઈ પટેલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પરંપરા અને શિસ્ત તથા મંડળ દ્વારા શિક્ષણ પૂરું પાડવા સંદર્ભેના ભાવિ આયોજન અંગે વાત કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ જેમ કે બેસ્ટ સ્ટુડન્ટ, બેસ્ટ લાઇબ્રેરી રીડર, ગ્લીટરિંગ સ્ટાર્સ, બેસ્ટ એટેડન્સ અને સ્પોર્ટ્સ તથા એન. એસ. એસ.માં ઉજ્જ્વળ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી / મેડલથી સન્માનવામાં આવ્યાં હતાં.

### વિદાય-શુભેચ્છા સમારંભ

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારંભ તા. ૨-૪-૧૯ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતાર સમા ‘દર્પણ’ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, ગાંધીનગરના વાર્ષિક અંક ‘શબ્દાંકન’નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. સમારોહના આરંભે એચ. ઓ. ડી. ડૉ. કુસુમબહેન યાદવે મહેમાનશ્રીઓનો શાબ્દિક પરિચય આપી ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની વર્ષ દરમિયાનની વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ચાલુ વર્ષે NET/GSLETની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર પ્રા. નરેન્દ્રભાઈ નાયી અને પ્રા. અજયભાઈ રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ વર્ષ ૨૦૧૬-૧૮ દરમિયાન યુનિવર્સિટી પરીક્ષામાં કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ તેમજ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તાલીમાર્થિનીઓ ખ્યાતિ પ્રજાપતિ અને સારા ચૌહાણે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે વર્ગખંડમાં કઈ રીતે જીવંત વાતાવરણ ઊભું કરી શકાય તથા વિદ્યાર્થીઓનું શિક્ષણ કઈ રીતે આનંદદાયી બની રહે તે વિશે પ્રેરક વાત કરી હતી. મુખ્ય મહેમાન ડૉ. ભરતભાઈ વાઢેરે (ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી) વિદ્યાર્થી સરળતાથી શિક્ષક પાસે જઈને પોતાની સમસ્યા જણાવી શકે તેવું વાતાવરણ ઊભું કરવા જણાવ્યું હતું, જ્યારે ગાંધીનગર સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ એજ્યુકેશનના ડીન ડૉ. એચ. બી. પટેલે વિદ્યાર્થીની સમસ્યા પૂછવાથી શિક્ષકની સમસ્યા પણ હલ થઈ શકે છે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ આભારવિધિ અને કાર્યક્રમનું સંચાલન ડૉ. નેહાબહેન જહા તથા વિદ્યાર્થિની રુચા જાનીએ કર્યું હતું.

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓના વિદાય – શુભેચ્છા સમારોહનું આયોજન તા. ૨૫ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે કૉલેજનાં

શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ તરફથી હંમેશાં માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવા, કારકિર્દીની અનેક તકો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરવા તેમજ કોઈ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થી કારકિર્દીના ઘડતર માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે કૉલેજ તેમને માર્ગદર્શન આપવા તત્પર રહેશે તેમ જણાવ્યું હતું. ડૉ. જયેશ તન્નાએ મૅનેજમેન્ટના એટિકેટ્સ દ્વારા ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ રમતગમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૬-૨-૧૯ના રોજ આયોજિત વિશિષ્ટ વ્યાખ્યાનો અંતર્ગત 'બજેટ-૨૦૧૯' વિશે શ્રી કેતન મહેતા અને શ્રી સલિલે બજેટ-૨૦૧૯માં થયેલા નવા સુધારા, ઇન્કમટેક્ષના નિયમોમાં થયેલ ફેરફારો અને નોકરિયાતોને થતા ફાયદાઓ વિશે, ૨૨ ફેબ્રુઆરીના રોજ શ્રી સંજય એમ. શાહે કમ્પ્યૂટર સાયન્સમાં ઉપલબ્ધ વિવિધ વિકલ્પો વિશે, તા. ૨૭, ૨૮ ફેબ્રુઆરી અને ૧લી માર્ચના રોજ એમ. કોમ.ના વિદ્યાર્થીઓને 'ગ્લોબલ એકાઉન્ટિંગ' વિષય અંતર્ગત સી. એસ. શ્રી નિશિથ સંઘવાનાએ વિદેશી વિનિયમમાં ઉપયોગમાં લેવાતી વિવિધ વ્યૂહરચનાઓની ચર્ચા કરીને તત્સંબંધી સૈદ્ધાન્તિક અને પ્રયોગાત્મક પાસા વિશે અને તા. ૫ અને ૬ માર્ચે બી.કોમ.ના વિદ્યાર્થીઓને GST વિષય પર સી. એ. મોનિકા શાહ અને સી. એ. અપૂર્વા પ્રજાપતિએ વિસ્તારથી વાત કરી હતી.

### વૃદ્ધાશ્રમ મુલાકાત

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ના ૩૫ વિદ્યાર્થીઓએ તા. ૭ માર્ચના રોજ પેથાપુરમાં આવેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ પોતાના હાથ-ખર્ચમાંથી રકમ બચાવીને સીધુ-સામાન તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું તેમ જ વડીલો સાથે દિવસ પસાર કર્યો હતો. આ પ્રસંગે સંચાલક મંડળ અને અન્ય નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતથી વડીલોની વેદનાથી પ્રભાવિત થતા વિદ્યાર્થીઓએ પોતાના અધ્યાપકોની પ્રેરણાથી વડીલોને વૃદ્ધાશ્રમમાં ન મોકલવાની તેમ જ અન્ય કુટુંબોને પણ આ પ્રેરણા પૂરી પાડવા શપથ લીધા હતા.

### સર્વ નેતૃત્વ તાલીમ શિબિર

● વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ૪૫મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન શ્રી રામચંદ્ર મિશન – સેન્ટર ફોર મેડીટેશન, અડાલજ ખાતે કરવામાં આવતાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ૧૫ કૉલેજોના ૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ટ્રેનર શ્રી સુરેશ પટેલ દ્વારા બહુઆયામી જીવનમૂલ્યોને આવરી લઈ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે શ્રી ઉદયભાઈ જાદવે પોતાના જીવનના અનુભવોની વાત કરી પ્રેરણા પૂરી પાડી હતી અને માનવકલ્યાણ માટે શું કરી શકીએ તેની ચર્ચા કરી હતી. આ ઉપરાંત તાલીમ દરમિયાન પ્રતિદિન શ્રી રામચંદ્ર મિશનના જીગ્નેશભાઈ શેલત દ્વારા હાર્ટફૂલનેસ મેડીટેશનની સમજ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને દાંડી કુટિરની મુલાકાત કરાવવામાં આવી હતી. સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે હરેશભાઈ પટેલ અને ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

● તા. ૫થી ૯ માર્ચ, દરમિયાન સર્વ નેતૃત્વ (૪૬મી બેચ) નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય, કડી ખાતે યોજાઈ જેમાં ૧૪ કૉલેજોના ૬૬ વિદ્યાર્થીઓ અને ૪ પૂર્વ તાલીમાર્થીઓ જોડાયા હતા. જેમાં ટ્રેનર અને એક્ઝિક્યુટિવ કોચ શ્રી હરેશભાઈ પટેલે વૈજ્ઞાનિક અભિગમના ઉપયોગથી વિવિધ પ્રશ્નાવલી અને પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વ માટેના ગુણોની ચર્ચા, જીવનમાં નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચવા કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું, અન્યો સાથે કુશળ વ્યવહાર અંગેનું માર્ગદર્શન અને રાષ્ટ્રનિર્માણમાં સમાજોપયોગી પ્રોજેક્ટ દ્વારા કેવી રીતે યોગદાન આપી શકાય તેની શીખ આપી હતી. તાલીમ દરમિયાન આઈ.આઈ.ટી. ગાંધીનગરના પ્રો. હિરલ મહેતાએ વિવિધ પ્રોજેક્ટસને સફળતાપૂર્વક કેવી રીતે પૂર્ણ કરાય તથા પડકારોનો સામનો કેવી રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. પ્રિ. ડૉ. કપિલ ત્રિવેદીએ યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવ્યું હતું. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપર સ્થિત 'મંથન અપંગ કન્યા સેવા સંકુલ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ

પટેલ અને રોટરી ઝોન-૬ના આસિસ્ટન્ટ ગવર્નર રોટે. જશવંત ગાંધીએ સફળ અને ગુણવત્તાશીલ જીવન જીવવા માટે માર્ગદર્શન આપી પ્રેરણા પૂરી પાડી હતી, તેમ જ દૃઢ સંકલ્પ અને સાતત્યપૂર્ણ મહેનત દ્વારા સપનાં પૂરાં કરવા જણાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી કૌશિક કલાલને વિવિધ પ્રોજેક્ટમાં વિશિષ્ટ યોગદાન બદલ શ્રી વલ્લભભાઈ પટેલના હસ્તે મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બંને શિબિરોનું સંચાલન કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને પ્રા. ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

● યુવાનોમાં સારી આદતો કેળવાય તે હેતુસર ''યુવાનો માટેની દસ અસરકારક આદતો'' વિશે તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ એલ. ડી. આર. પી. કૉલેજના, મિકેનિકલ હૉલમાં કાર્યશિબિર યોજવામાં આવતા ૨૮૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ખાસ શિબિરમાં શ્રી સુરેશ પટેલ દ્વારા જીવનમાં સારી આદતોના પાલન વિશે પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સત્રમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રો. ડૉ. રણછોડ રથવી અને ડૉ. ધર્મેન્દ્ર પટેલે પ્રેરણાત્મક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### સ્વબચાવની તાલીમ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજમાં તા. ૧-૩-૧૯ના રોજ એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને આગ, અકસ્માત કે અન્ય ઇમરજન્સી વખતે સ્વબચાવની ટ્રેનિંગ આપવા માટે પોલીસ અધિકારીશ્રીઓ, ૧૦૮નો સ્ટાફ, ફાયર બ્રિગેડની ટીમ ઉપરાંત કૉલેજના અધ્યાપકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ સરકારી આયુર્વેદ હૉસ્પિટલ, સેક્ટર-૨૨ના વૈદ્ય પંચકર્મ ડૉ. ચેતનાબહેન જાનીના માર્ગદર્શન હેઠળ અને ડૉ. જયેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવતાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો અપાયો હતો.

## શાળા વિભાગ

### કારકિર્દી માર્ગદર્શન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે 'કારકિર્દી માર્ગદર્શન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલમાં મસૂરી ખાતે IASની ટ્રેનિંગ લઈ રહેલ શ્રી સિદ્ધાર્થસિંહ જી. રાઠોડે સનદી સેવાની પરીક્ષાનું માળખું, અભ્યાસક્રમ અને તે માટે કઈ રીતે તૈયાર કરવી વગેરે બાબતો વિશે સમજાવ્યું હતું, તેમજ વધુમાં જણાવ્યું હતું કે પોતે ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકના માધ્યમથી જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. શાળાનાં બાળકો ગમે ત્યારે તેઓશ્રીની સાઈટ ઉપર જઈ સલાહ – માર્ગદર્શન મેળવી શકે છે. તેમણે ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકના એકાઉન્ટ પણ Share કર્યા. આ ઉપરાંત તા. ૨૨ માર્ચના રોજ વિદ્યાર્થી જીવનઘડતર અને કારકિર્દી અભિમુખતા પરિસંવાદ બ્રહ્માણી કૃપા હૉલમાં યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી જે. સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કઈ રીતે સફળતા પ્રાપ્ત કરી શકાય, અભ્યાસક્ષેત્રે જીવનમાં ઉતારવા લાયક બાબતો જેમ કે જે કામ કરો તેમાં કર્મને હાજર રાખી રોજનું કામ રોજ કરો તથા કાલ પર ન છોડો, મોબાઈલથી દૂર રહેવું, શારીરિક વિકાસ માટે યોગ, કસરત વગેરેની જરૂરિયાત, એકાગ્રતાથી અભ્યાસ કરવા માટે મનને કેવી રીતે એકાગ્ર કરી અભ્યાસમાં વધુ સફળતા પ્રાપ્ત કરી શકાય તે માટે વાર્તા કથન તથા દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું હતું. આચાર્યશ્રી દશરથભાઈ પટેલે આશીર્વચન પાઠવી કારકિર્દીના વર્ષમાં કેવી રીતે અભ્યાસ કરવો જોઈએ, આજના ભાગદોડભર્યા જીવનમાં પોતાના આદર્શો અને સંસ્કારો વડે જ માનવી ઉચ્ચતમ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકે છે, તેમજ ધીરજ, ખંત અને ઉત્સાહથી સતત પ્રયત્નો કરવાથી જ વિદ્યાર્થીઓ એક ચોક્કસ મુકામ હાંસલ કરી શકે છે તેની સ-રસ સમજ આપી હતી.

### તરુણાવસ્થાની જાગૃતિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૪-૨-૨૦૧૯ના રોજ વિદ્યાર્થિનીઓની તરુણાવસ્થા દરમિયાન થતા ફેરફારો, તત્સંબંધી સમસ્યાઓ અને તેના ઉકેલ માટે પગરવ હૉસ્પિટલનાં ગાયનેકોલોજિસ્ટ ડૉ. જલધારાબહેન પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં

આવતાં વિદ્યાર્થિનીઓ ઉપરાંત તેમની માતાશ્રીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## માર્ગ સુરક્ષા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૭-૨-૨૦૧૯ના રોજ માર્ગ સુરક્ષા વિશે સેમિનારનું આયોજન કરી વિદ્યાર્થીઓને ટ્રાફિકનાં વિવિધ નિયમો અને સંકેતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન આર. ટી. ઓ. (ગાંધીનગર) અને કમિશનર કચેરીનાં તજજ્ઞ શ્રી દીક્ષિતભાઈ તથા ટ્રેનર શ્રી ચિંતનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

● શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી દ્વારા તા. ૧૫-૦૨-૨૦૧૯ના રોજ 'સંસ્કાર વર્ધક' વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રજાપતિ પ્રવર મનુભાઈએ ધો. ૬ થી ૮ વિભાગમાં પ્રથમ નંબર અને પટેલ રૂતુલ પલકેશભાઈએ ધો. ૧થી ૫ વિભાગમાં પ્રથમ નંબર મેળવી પ્રત્યેકે રૂ. ૫૦૦ રોકડ ઇનામ તથા શિલ્ડ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા.

## વાલીસભા

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૯-૨-૧૯ના રોજ ધોરણ ૧ અને ૨ની વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા ઉપરાંત બેટી બચાવો બેટી પઢાઓ, માતાપિતા, વૃક્ષ, વિવિધ તહેવારો વગેરે વિષય પર વિચારો રજૂ કર્યા હતા. ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓની ચિંતન શિબિરનું આયોજન તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવતાં શાળાના પ્રવેશ નિયમો, પરીક્ષા પદ્ધતિ, ઉત્તમ પરિણામ લાવવા માટે કેવા પ્રકારનું આયોજન કરવું, પરિણામ તૈયાર કરવાની પદ્ધતિ, સંસ્થા દ્વારા અપાતાં પારિતોષિકની વિગતો વગેરે જેવી બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

## વાર્ષિકોત્સવ

● તા. ૧૪-૨-૧૯ના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા આયોજિત વાર્ષિકોત્સવમાં પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક તથા પૂજ્ય માણેકલાલ એમ. પટેલસાહેબ મેમોરિઅલ સ્કોલરશિપનું વિતરણ કરવામાં આવતાં ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશિપ અને જરૂરતમંદ ૪૨ વિદ્યાર્થીઓને મીન્સ સ્કોલરશિપ મળી કુલ ૩,૪૩,૫૦૫ - રૂપિયાની સ્કોલરશિપ આપવામાં આવી હતી. આ સાથે રાષ્ટ્રકક્ષાની અને રાજ્યકક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર ૧૯ વિદ્યાર્થીઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ભારતીય મૂલ્યોને ઉજાગર કરતા કાર્યક્રમ અંતર્ગત ૯૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા સત્ય, પ્રેમ, પ્રામાણિકતા, ઉદારતા, સંવેદનશીલતા, ઉપકારવૃત્તિ, વિવેક-વિનય, દયા, કરુણા જેવા મૂલ્યો પર સમાજજીવન અને રાષ્ટ્રજીવન ટકે છે તેવો ભાવ વ્યક્ત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, દાતાશ્રીઓ શ્રી ભગુભાઈ પટેલ તથા શ્રી ભાલચંદ્રભાઈ પટેલ, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ડી. વાય. એસ. પી. શ્રી ચિરાગભાઈ પટેલ તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણ નિરીક્ષકશ્રી ભરતદાન ગઢવી અને સંસ્થાનાં હોદ્દેદારો, વાલીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ ઇનામ વિતરણ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન શાળામાં આયોજિત ગીત, ચિત્ર, પોસ્ટર, નિબંધ લેખન, ક્વિઝ વગેરે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તીર્ણ થનાર તેમજ ભાગ લેનાર ૪૫ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ જેમ કે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધલેખન સ્પર્ધા, વિજ્ઞાન પ્રદર્શન, શિક્ષક દિન, કાવ્યગાન સ્પર્ધા, વાર્તાકથન સ્પર્ધા, રમતોત્સવ, બાલ મહોત્સવ, વાર્ષિક મહોત્સવનાં સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત કરનાર આશરે ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો આપી નવાજવામાં આવ્યા હતા.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ, બાલોત્સવ અને અન્ય પ્રવૃત્તિઓમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ માટેનો કાર્યક્રમ યોજવામાં આવતાં વિવિધ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલા કુલ ૧૨૦ ભાઈઓ - બહેનોને ઇનામો અને પ્રમાણપત્રો, બાલોત્સવમાં નૃત્ય, એકપાત્રિય અભિનય, ભજન, રંગોળી, સલાડ ડેકોરેશન, ફેશન-શો, ફિલ્મી ગાયન સ્પર્ધાઓના વિજેતાઓ તેમજ શ્રુતલેખન, સુલેખન, વાચન, ચિત્ર જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનાં ઇનામપાત્ર ૮૫ને પારિતોષિક / પ્રશસ્તિ પત્રો, ટાટા બિલ્ડિંગ નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓનું શિલ્ડ અને પ્રમાણપત્ર તેમ જ નવનીત ડ્રોઇંગ સ્પર્ધાના

૦૯ વિજેતા વિદ્યાર્થીઓને નવનીત તરફથી ગિફ્ટ હેમ્પર્સ અને શાળા તરફથી પ્રમાણપત્રો આચાર્યશ્રી દશરથભાઈ પટેલ અને સુપરવાઈઝરશ્રી અશોકભાઈ પટેલના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

### વિજ્ઞાન પ્રદર્શન

● બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ તથા વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુસર શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૨૭-૨-૨૦૧૯ના રોજ ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓએ અવનવા ૬૦ જેટલા મોડેલ્સ બનાવતાં તેના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આચાર્યશ્રી દશરથભાઈ પટેલ તથા સુપરવાઈઝર શ્રી અશોકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સૂક્ષ્મદર્શક પ્રોજેક્ટર, સોલર કાર, હાઈડ્રોલિક જેસીબી, જેક, બ્રિજ, ડી. જે. સાઉન્ડ, સ્પીકર, ઓટોમેટિક સ્ટ્રીટ લાઇટ જેવા મોડેલ્સ મુખ્ય આકર્ષણ બની રહ્યાં હતાં. વિજ્ઞાન શિક્ષકો શ્રી હેતલબહેન પટેલ, ભાવનાબહેન સ્વામી તથા પારુલબહેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિદાય સમારંભ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવતાં ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આચાર્યા મિલી મૅડમે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને ભાવિ ઉજ્જ્વળ કારકિર્દી માટે સતત અધ્યયનશીલ બની રહેવાની તથા સારા વાચક બનવાની શીખ આપી હતી.

### વૃદ્ધાશ્રમની મુલાકાત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળાનાં ધોરણ ૩થી ૮નાં બાળકોને તા. ૫-૩-૨૦૧૯ના રોજ 'કૈલાસધામ વૃદ્ધાશ્રમ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં, જેમાં બાળકોએ ભારતીય મૂલ્યો આધારિત વિવિધ કાર્યક્રમો ગીત, સમૂહ ગીત, નાટક અને વિવિધ નૃત્યો રજૂ કરી વડીલોની અભિવંદના કરી હતી. બાળકોએ વડીલો સાથે પરિચય કેળવીને આશીર્વાદ પણ મેળવ્યાં હતા. આ પ્રસંગે બાળકો અને શાળા સ્ટાફ પરિવાર વતી વૃદ્ધાશ્રમમાં દાનપેટે રૂ. ૫૦૦૧/- રકમ જમા કરાવવા ઉપરાંત સૂકા મેવાનાં પેકેટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. શ્રી અશોકભાઈ પટેલ અને શ્રી નીરવભાઈ પટેલે કુટુંબ જીવનમાં વડીલો (દાદાદાદી)ના મહત્ત્વ વિશે બાળકોને શીખ આપી હતી. આ ઉપરાંત અંબોડ સ્થિત મીની પાવાગઢની મુલાકાત પણ લેવામાં આવી હતી.

### વ્યાખ્યાન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૧૩-૩-૨૦૧૯ના રોજ એડવોકેટશ્રી ઈશ્વરજી વાઘેલાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતાં તેમણે અદાલતોના પ્રકાર, ફોજદારી દાવા, દીવાની દાવા, વિવિધ પ્રકારના ગુના માટે જુદીજુદી કલમોની કાયદામાં જોગવાઈ, ૧૦૮ની સુવિધા તથા તેમાં અપાતી સારવાર અને ૧૦૦ની સુવિધા, FIRને તેમજ કોર્ટમાં ન્યાયાધીશ દ્વારા કરવામાં આવતા સંચાલન, વકીલશ્રીઓ માટે ડ્રેસકોડ વગેરે વિશે માહિતી આપી હતી.

### શુભેચ્છા સમારંભ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૮ની ૩૪૩ વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવતાં પ્રત્યેક વર્ગની એક-એક વિદ્યાર્થિની પ્રતિનિધિએ શાળામાં અભ્યાસ દરમિયાન થયેલા અનુભવો રજૂ કરી શૈક્ષણિક તથા સહઅભ્યાસી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ પ્રસંગે શિક્ષકોએ વિવિધ વિષયોનું મહત્ત્વ દર્શાવતાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં, તેમજ આચાર્યશ્રી નીરૂબહેન પટેલ તથા સુપરવાઈઝરશ્રી ભગવતીબહેન પટેલે વિદ્યાર્થિનીઓ ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરી શાળા અને માતા-પિતાનું નામ રોશન કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૯, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૯, સળંગ અંક : ૫૦**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**




**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના 'વુમન ડેવલપમેન્ટ સેલ'ના ઉપક્રમે તા. ૮ માર્ચના રોજ આયોજિત 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી પ્રસંગનાં વિવિધ દ્રશ્યો.**



ફેકલ્ટી ઓફ એજ્યુકેશન (કેએસવી) દ્વારા આયોજિત રાષ્ટ્રીય પરિસંવાદનું દીપ પ્રાક્ટ્ય કરી ઉદ્દઘાટન કરી રહેલાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, ડાયરેકટર શ્રી ડૉ. ગાર્ગીબેન રાજપરા, વિદ્યાશાખાનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ વગેરે...



અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો સર્વ શ્રી ડૉ. કનુભાઈ પટેલ (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા), સી.એ. હર્ષિલ પટેલ, સી. એ. સાગર વસોયા, પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝા વગેરે...



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા આયોજિત ઈનામ-વિતરણ સમારોહ પ્રસંગે પુરસ્કૃત વિદ્યાર્થીઓ સાથે આચાર્યશ્રી દશરથભાઈ પટેલ અને સુપરવાઈઝરશ્રી અશોકભાઈ પટેલ...



શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા આયોજિત ઈનામ-વિતરણ સમારોહ પ્રસંગે પુરસ્કૃત વિદ્યાર્થીઓ સાથે આચાર્યા શ્રી નીવાબહેન પટેલ...

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 9, Issue No. 2 March-April 2019**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




લબ્ધપ્રતિષ્ઠ સર્જક પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્રને તેમના કાવ્યસંગ્રહ 'વખાર' (૨૦09) માટે વિખ્યાત ફિલ્મ દિગ્દર્શક અને ઉર્દૂ ભાષાના અગ્રણી ભારતીય કવિ શ્રી ગુલઝારના વરદહસ્તે ભારતીય સાહિત્ય માટે એનાયત કરવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર – શ્રી કે. કે. બિરલા ફાઉન્ડેશન પ્રદત્ત 'સરસ્વતી સમ્માન' તા. 1૨ ફેબ્રુઆરી, ૨019ના રોજ અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ફાઉન્ડેશનનાં અધ્યક્ષા અને શ્રી કે. કે. બિરલાનાં સુપુત્રી શ્રી શોભના ભરતીયા, ચયન સમિતિના અધ્યક્ષ ડૉ. સુભાષ કશ્યપ (પૂર્વ મહાસચિવ, લોકસભા), શ્રી પ્રિયવ્રત ભરતીયા (ડાયરેક્ટર, 'હિન્દુસ્તાન ટાઈમ્સ') અને ફાઉન્ડેશનના સચિવ અને હિન્દી કવિ શ્રી સુરેશ રિતુપર્ણ દ્રશ્યમાન થાય છે. આ સન્માન અન્વયે શ્રી સિતાંશુભાઈને રૂ. 15 લાખ, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહન અર્પણ કરવામાં આવ્યાં હતાં.

